
ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષઃ ૨૦ અંકઃ ૨ ફેબ્રુઆરીઃ ૨૦૧૮ સળંગ અંક : ૫૫૬

# વિ-વિદ્યાનગર



चारुतर विद्यामंडल – वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते।

**CHARUTAR VIDYA MANDAL**
(Est: 1945)
Vallabh Vidyanagar-388120
www.ecvm.net




ચારુતર વિદ્યામંડળ સંચાલિત જીસેટ કોલેજના કેમિકલ એન્જિનિયરીંગ વિભાગ તથા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ કેમિકલ એન્જિનિયર્સના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ બે દિવસીય ટેકનીકલ સંમેલન- ટેકનોક્વેસ્ટ ૨૦૧૮ના ઉદ્‌ઘાટન પ્રસંગે લેવાયેલ તસવીરમાં મુખ્ય મહેમાન શ્રી અશ્વિન પરીખ, સીવીએમનાં માનદમંત્રીશ્રી મંચસ્થ ડૉ. એસ.જી. પટેલ, મુખ્યવકતા ડૉ.એમ.એસ. રાવ, સંસ્થાના આચાર્યશ્રી ડૉ. હિમાંશુ સોની, વિભાગીય વડા ડૉ. કૌશિકનાથ તથા પ્રધ્યાપક શ્રી વિનય પટેલ નજરે પડે છે. ઈન્સેટમાં પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં મુખ્યમહેમાન તથા માનદમંત્રીશ્રી નજરે પડે છે.




ચારુતર વિદ્યામંડળ સંચાલિત એરીબાસ, ન્યૂવિદ્યાનગર ખાતે યોજાયેલ સાઈંટિફિક-૨૦૧૮ કાર્યક્રમ પ્રસંગે લેવાયેલ તસવીરમાં મંચસ્થ વી.પી. સાયન્સ કોલેજનાં આચાર્ય તથા મુખ્ય મહેમાન ડૉ. ભાવેશ પટેલ, એરીબાસના નિયામકશ્રી ડૉ. નિલાંજન રોય, પ્રધ્યાપિકાઓ ડૉ. શિલ્પા ગુપ્તે તથા જીનલ પટેલ દશ્યમાન થાયછે. અન્ય તસવીરોમાં પ્રસંગોચિત ઉદબોધન કરતા નિયામકશ્રી તથા વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહેલ વિદ્યાર્થીગણ દશ્યમાન થાય છે.




તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ
આર.પી. પટેલ

સંપાદન-સહાય
ગિરીશ ચૌધરી • અનિતા એ. સાળુંકે

પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

મુદ્રક
આણંદ પ્રેસ, ગામડી- આણંદ


# વિ-વિદ્યાનગર


ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
ફેબ્રુઆરી - ૨૦૧૮
વર્ષ: ૨૦ અંક: ૨
સળંગ અંક: ૫૫૬

ISSN 0976-9609-V Vidyanagar

ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ
૧૯૪૫


कर्मण्येवाधिकारस्ते


અધ્યક્ષ
ડૉ. સી.એલ. પટેલ

માનદ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ

માનદ સહમંત્રીઓ
શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ
શ્રી એમ.જે. પટેલ

ડાયરેક્ટર જનરલ
ડૉ. એન.એમ. ઝવેરી


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઈજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટૅકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઈજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઈજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઈન્ટિરિયર ડિઝાઈન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમ: ₹૧૦૦/- • આજીવન લવાજમ: ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**
**'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ**
**www.ecvm.net**
**પર મુકવામાં આવે છે.**
**દેશ-વિદેશના વાચકોને**
**પ્રતિભાવ જણાવવા વિનંતી.**

**एकेनापि हि शूरेण पादाक्रान्तं महीतलम् ।**
**क्रियते भास्करेणेव स्कारस्फुरित तेजसा।।**

સૂર્ય એક જ છે છતાંય વ્યાપક રીતે ફેલાયેલા તેજથી ધરતીને પોતાના કિરણોથી જીતી લે છે તેમ વ્યાપક રીતે પ્રગટ થતા પ્રભાવ-વાળો શૂરવીર એક હોય તો પણ સમગ્ર પૃથ્વીને પોતના પરાક્રમથી જીતી લે છે.

(સંપાદકઃ પ્રિ. ઘનશ્યામસિંહ એન. ગઢવી)

## આ માસની વિચારકણિકા

કદમ અસ્થિર હોય જેના તેને મારગ પણ મળતો નથી.
અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ **પ્રજાસત્તાક પર્વ પ્રસંગે**
• ડૉ.સી.એલ.પટેલ 3
॥ પ્રાથમ્ય ॥ **સફળતા**
• એસ.જી. પટેલ 5
॥ અભિનંદન ॥ 6
॥ આપણો વૈભવ અને વારસો (પદ્ય વિભાગ) ॥
• કવિ કાન્ત, પ્રજારામ રાવળ, મનોજ ખંડેરિયા,ઉમાશંકર જોશી 7
॥ આપણો વૈભવ અને વારસો (ગદ્ય વિભાગ) ॥ **શ્રેષ્ઠતા**
• ફાધર વાલેસ 8
॥ નવાં કાવ્યો ॥
• મયંક ઓઝા, પરાજિત ડાભી જિત ચુડાસમા, નીરજ મહેતા 9
॥ લઘુકથા ॥ **કેમ આવું બન્યું?...**
• રોશન ચૌધરી 10
॥ અભ્યાસ ॥ **અધ્યાય-૧૨ ભક્તિયોગ**
• ઘનશ્યામસિંહ એન. ગઢવી 11
॥ પુસ્તક પરિચય ॥ **'પરાત્પર' પ્રમુખ સ્વામી મહારાજ અને અબ્દુલકલામજીનો જીવન પ્રેરક સંવાદ**
• મહેન્દ્ર નાઈ 15
॥ પ્રેરણા ॥ **વિશ્વાસપાત્ર એક જ શબ્દઃ આત્મવિશ્વાસ**
• શ્વેતા શરદકુમાર ચૌહાણ 19
॥ अभ्यास ॥ **साँगः लोकनाट्य की परंपरा**
• शीला व्यास 21
॥ Ramat-Jagat॥ **The Role of Mass Media in the Promotion of Sport and Physical Education in The Country**
• P.D. Sharma 24
॥ સાહિત્યવૃત્ત ॥ 25
॥ જ્ઞાન-વિજ્ઞાન ॥ **ભારતમાં આધુનિક વિજ્ઞાનનાં વિકાસમાં ગુજરાતનું યોગદાન**
• કમલનયન ન. જોષીપુરા 26
॥ આયુર્વેદ ॥ **ઉપવેશન સંસ્કાર-વૈજ્ઞાનિક દષ્ટિએ**
• સાગર એમ ભીડે 29
॥ લઘુકથા ॥ **પૂછ્યું'તું?...**
• ગીરા પીનાકીન ભટ્ટ 30
॥ વિદ્યાવૃત્ત ॥ 20, 31

# પ્રજાસત્તાક પર્વ પ્રસંગે...

**ડૉ.સી.એલ. પટેલ**

વિશ્વમાં સૌથી મોટી લોકશાહી ધરાવતા દેશ ભારતમાં આજે ૨૬ જાન્યુઆરીએ ૬૯મું પ્રજાસત્તાક પર્વ ઉજવાઇ રહ્યું છે ત્યારે દેશવાસીઓને હૃદયપૂર્વક અભિનંદન અને શુભેચ્છઓ પાઠવું છું.

આઝાદી બાદ સ્વતંત્ર ભારતની વિવિધ સરકારોએ દેશના વિકાસમાં પોતપોતાની રીતે ફાળો આપ્યો છે. પરંતુ તેમાં વર્તમાન સરકારે, નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લોકકલ્યાણ લક્ષી પગલાં ભરી, નવનવીન યોજનાઓ અમલમાં મૂકી દેશના સર્વાંગી વિકાસમાં હરણફાળ ભરી મહત્ત્વનું તેમજ ધ્યનપાત્ર યોગદાન આપ્યું છે. પરિણામે દેશની બહુજન સામાન્ય પ્રજાનું ભારે સમર્થન સાંપડ્યું. એટલું જ નહિ વિશ્વફલક પર પણ વિદેશી સત્તાઓએ ભારતની શક્તિની નોંધ લીધી છે. દેશ અને દેશની પ્રજા માટે આ ગૌરવપ્રદ ઘટના છે.

પરંતુ, કોઇ પણ સરકારને લાંબોસમય ટકવું હોય તો પ્રજાકીય ટેકો સતત જરૂરી છે. અને એ માટે સરકારે પણ પ્રજાકીય સુખાકારી માટે સતત ચિંતન અને સક્રિય રહેવું પડે. બીજી બાજુ પ્રત્યેક નાગરિકે પણ પ્રજાહિતનાં પગલાંને સમર્થન આપી દેશની પ્રગતિમાં યથાશક્તિ-મતિ સમય અને સહયોગ આપવાની નૈતિક ફરજ બજાવવાની તૈયારી રાખવી પડે. બધું જ સરકર કરશે એવી માનસિકતામાંથી બહાર નીકળવું ખૂબ જરૂરી છે.

શિક્ષણની સંસ્થાના સંચાલકોએ વિચારવું પડશે કે ભણતર કઇ રીતે કરીશું? જીટીયુના ૨૦૧૭-૧૮ના કોન્વોકેશનમાં માનનીય ચાન્સેલરશ્રીએ ટકોર કરેલી ‘‘સરખી રીતે યુવાનોનું ઘડતર નહીં કરો તો પાપ લાગશે’’. આ ટકોરને સક્રિય બનાવવાનો સમય આવી ગયો છે.

ભારતીય બંધારણે આપણને કેટલા બધા મૂળભૂત અધિકારો આપ્યા છે. જે થકી આપણે અનેક ક્ષેત્રે સિદ્ધિ-સમૃદ્ધિ-સફળતા હાંસલ કરી શક્યા છીએ. આમ છતાં, અનેક વિઘાતક પરિબળોથી આ મૂળભૂત અધિકારોનો આજે ભંગ થતો જોવા મળે છે. આપણે પોતાના માટે સક્રિય-સભાન

છીએ પણ અન્યના અધિકારો યા હક્કો માટે ઉપેક્ષિત વલણ દાખવીએ છીએ. દેશના નાગરિક તરીકે બજાવવાનાં ધર્મ અને કર્તવ્ય પાલન મટે આપણે જાગૃત છીએ ખરા? એ માટે આત્મખોજ કરીએ. 'મારે શું?' અને 'મારું શું?' એવી સ્વાર્થલક્ષી વૃત્તિ-પ્રવૃત્તિમાંથી બહાર નીકળી આપણા અધિકારોની સાથે ફરજો પ્રત્યે સભાનતા રાખવી જરૂરી છે.

બંધારણે સ્વતંત્રતા, સમાનતા, બંધુતાના પોષણ અને રક્ષણ માટેના મૂળભૂત અધિકારો આપ્યા છે. છતાં આજે હિંસા, તોફાનો, ભ્રષ્ટાચાર, શોષણ, અનીતિ, આતંક વગેરે માનવસર્જિત દૂષણોએ માનવજાતિના અસ્તિત્વ અને વ્યક્તિત્વ સામે ખતરો ઊભો કર્યો છે. સ્વતંત્રતાને નામે સ્વચ્છંદતા પરિણમતી દેખાય છે.

આવી સ્થિતિ-પરિસ્થિતિમાં પ્રજાની દેશ પ્રત્યેની જાગૃતિની તાતી જરૂરિયાત છે. આ માટે શિક્ષણ સંસ્થાઓ ઉત્તમ માધ્યમ બની શકે તેમ છે. શિક્ષણસંસ્થાઓ શિક્ષણને પાયાની જરૂરિયાત સમજી, સામાન્ય માણસ પણ શિક્ષણનો પૂરેપૂરો લાભ લઇ શકે એવી સ્થિતિનું નિર્માણ કરે એ પ્રથમ કર્તવ્ય છે. એ સાથે મૂળભૂત અધિકાર અને માનવકર્તવ્ય વિશે નવી પેઢીમાં સમજ કેળવે એ પણ એટલું જ જરૂરી છે. જો આમ થશે તો પ્રત્યેક નાગરિકના માનવઅધિકાર આપોઆપ સુરક્ષિત બની રહેશે. જે થકી દેશના વિકાસને પણ ઝડપી ગતિ-પ્રગતિ સાંપડશે.

પુનઃ, આ પ્રજાસત્તાક પર્વે રાષ્ટ્રને વંદનાસહ, સૌને અભિનંદન શુભેચ્છા છે.

અસ્તુ.

**૨૬, જાન્યુઆરી, ૨૦૧૮**
**૬૯મો પ્રજાસત્તાકદિન**

## સફળતા

**એસ.જી. પટેલ**

સફળ કરવાનો અર્થ શ્રેષ્ઠતા તરફ આગળ વધવું. જેઓ પોતાનું તન-મન-ધન અને સમય સમર્પણ કરે છે તેમને સફળતા આપોઆપ મળી જાય છે. સફળતા મેળવવાનો અધિકાર તેમને મળે છે જેઓ પ્રત્યેક સેકન્ડ, પ્રત્યેક શ્વાસ અને પોતાના ખજાનામાં જે કંઇ હોય તે સમર્પિત કરી શકે છે. સંકલ્પ, બોલ, કર્મ, સંબંધ-સંપર્ક અથવા જેમાં સફળતાનો અનુભવ કરવા ઇચ્છો છો તો સ્વ પ્રતિ અથવા અન્ય આત્માઓ પ્રતિ અર્પિત કરતા રહેવું. કોઇપણ ચીજને વ્યર્થ ન થવા દો તો આપોઆપ સફળતાની ખુશીની અનુભૂતિ કરતા રહેશો. કારણ કે અર્પણ કરવું એટલે વર્તમાન માટે પણ સફળતામૂર્ત બનવું અને ભવિષ્યના માટે જમા કરતા રહેવું.

સેવામાં સફળતા મેળવવા માટે સમર્પણ ભાવ અને ચિંતામુક્ત અવસ્થા જરૂરી છે. સેવામાં જરાપણ મારાપણાનો ભાવ મિશ્ર ન થવો જોઇએ. કોઇપણ વાતની ચિંતા ન હોય કારણ કે ચિંતા કરનાર સમય પણ બગાડે છે, શક્તિ પણ વેડફે છે. અને અગત્યનું કાર્ય પણ ગુમાવે છે. તે જે કામ માટે ચિંતા કર્યા કરે તે કામને પણ બગાડે છે. હંમેશાં સફળતામૂર્ત બનવાનું સાધન છે એક બળ, એક ભરોસો. નિશ્ચય હંમેશાં નિશ્ચિત બનાવે છે અને નિશ્ચિત સ્થિતિવાળા જે કંઇ કાર્ય કરે છે એમાં ચોક્કસ સફળ થાય છે. જેમ કે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ દૃઢ સંકલ્પ દ્વારા દરેક કાર્યમાં સફળતા મેળવી એટલે દૃઢતા જ સફળતાનો આધાર બને છે. આમ સારી સારી બાબતોનું અનુકરણ કરી અને પોતાનો વૈભવ, ગુણો અને શક્તિઓને કામે લગાડશો તો સંવૃદ્ધિ થયા જ કરશે. બચત કરવાની વિધિ અને જમા કરવાની રીત અપનાવશો તો વ્યર્થ (ખોટ)નું ખાતું આપોઆપ બદલાઇને સફળતાને પામશે. પરમાત્મા પાસેથી આપણને જે કંઇ શક્તિઓ સંપન્ન થઇ છે તેનું દાન કરતા રહો. કદી સ્વપ્નમાં પણ એવો વિચાર ન કરો કે પ્રભુ તરફથી જે કંઇ ભેટ મળી એ મારી છે. મારો આ ગુણ છે, મારો આ અધિકાર છે, જેવા સંકલ્પો દ્વારા અહંભાવ આવશે તો જે મળેલ છે તે પણ ગુમ થઇ જતાં વાર નહીં લાગે. પોતાના ઇશ્વરીય સંસ્કારોને સફળ કરો તો વ્યર્થ સંસ્કાર આપોઆપ અદૃશ્ય થઇ જશે. ઇશ્વરીય સંસ્કારોને બુદ્ધિના તાળાથી બંધ ન કરો. કાર્યમાં લગાવો અને સફળ કરો. સફળ કરવું એટલે બચાવવું, સાચવવું અને વૃદ્ધિ કરવી.

આપણા આ મનુષ્ય જીવનમાં જેઓ સમયને સફળ કરે છે તેઓ સમયના સફળતાના ફળ સ્વરૂપ રાજ્ય-ભાગ્યના પૂર્ણ સમય માટે રાજ્ય અધિકારી બને છે. જેઓ શ્વાસ સફળ કરે છે તે અનેક જન્મો માટે હંમેશાં સ્વસ્થ રહે છે.તેમનો હરતાં-ફરતાં શ્વાસ બંધ નહીં થાય અને હાર્ટ ફેઇલમાંથી બચી જશે. જેઓ જ્ઞાનનો ખજાનો સફળ કરે છે તેઓ એવા સમજદાર બને છે કે જેથી અન્ય કોઇ સલાહકારોની સલાહ ન લેવી પડે, સ્વયં જ સમજદાર બની રાજ્ય-ભાગ્ય ચલાવતા રહેશે. જો સર્વ શક્તિઓનો ભંડાર સફળ કરે તો તે સર્વ શક્તિસંપન્ન બની જાય છે. તેમને ભવિષ્યમાં કોઇ શક્તિની અછત નહીં વર્તાય. સર્વ શક્તિઓ આપોઆપ અખંડ, અટલ નિર્વિઘ્ન કાર્યની સફળતાનો અનુભવ કર્યા કરશે. જેઓ સર્વગુણોનો ખજાનો સફળ કરે છે તે ગુણમૂર્ત બને છે. કે જે અંતિમ સમય સુધી સર્વગુણ સંપન્ન દેવતા સ્વરૂપ મનાય છે. જેઓ સ્થૂળ ધનનો ખજાનો સફળ કરે છે તે પોતાના ૨૧ જન્મો સુધી ધનવાન રહે છે. તો તમારી પાસે જે કંઇ છે તે સફળ કરો અને સફળતામૂર્ત બનો.

મનુષ્ય જે પણ સિદ્ધિઓ પ્રાપ્ત કરે છે, કે જેમને પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય છે તે બધું તેના વિચારોનું સીધું પરિણામ છે. આ વિશ્વ અત્યંત સુવ્યવસ્થિત અને ન્યાયી છે. અહીં મનુષ્ય સમતોલન ખોઇ બેસે તો તેનો અર્થ સર્વનાશ છે. અહીં વ્યક્તિએ પોતાની જવાબદારી સંપૂર્ણપણે ઉઠાવવાની રહે છે. કોઇપણ મનુષ્યની શક્તિ કે નબળાઇ, શુદ્ધિ કે અશુદ્ધિ તેની પોતાની જવાબદારી છે. કોઇ એક શક્તિશાળી મનુષ્ય બીજા નબળા મનુષ્યને તેની પરવાનગી વિના મદદ કરી શકતો નથી. અગર કોઇ વ્યક્તિને બીજાની અંદરની શક્તિ ગમે છે, તે પોતે શક્તિ ચાહે છે, તો તેણે જાતે જ પોતાના પ્રયત્નોથી એ શક્તિ વિકસાવવી પડે છે. પોતાના સિવાય તેના સંજોગો કોઇ બદલી શકતું નથી.

મુર્ખામી અને શાણપણ, નબળાઇ અને શક્તિ વ્યક્તિની ભીતર જ હોય છે. તે કોઇ બાહ્ય ઉદ્‌ગમ સ્થાનમાંથી ઉદ્‌ભવતા નથી. કોઇ પણ મનુષ્ય, અન્ય વ્યક્તિ માટે શક્તિશાળી બની શકતો નથી, તે બીજાને બદલે શીખી શકતો નથી કે મુશ્કેલી ઓળંગી શકતો નથી. આ બધું મનુષ્યે જાતે જ પોતાના માટે જ કરવાનું રહે છે. જે લોકો સતત બહારથી શક્તિ, સલાહ કે મદદ ઉધાર માગ્યા કરે છે, તેમણે એ સમજવું જોઇએ કે આ બધું પોતાની અંદર જ પડેલું છે. જ્યારે કોઇ આપત્તિ કે કટોકટી આવી પડે ત્યારે પુસ્તકોનાં થોથાં નહીં પણ આંતરિક રીતે વિકસાવેલ શાણપણ જ દુઃખને દૂર રાખવા કામ લાગશે.

જે માણસ સતત નીચ કક્ષાના ભોગવિલાસનો જ વિચાર કરતો રહે છે,તે સાચી સ્પષ્ટતાથી કંઇપણ વિચારી શકતો નથી, કે નથી પદ્ધતિસરનું કોઇ આયોજન કરી શકતો. તે પોતાની અંદર છુપાયેલ પ્રતિભાઓ અને અન્ય આંતરિક ક્ષમતાઓ શોધી એને વિકસાવી શકતો નથી. આવા સંજોગોમાં તે કોઈપણ કાર્ય હાથમાં લે, પણ નિષ્ફળ જ જવાનો છે. જેણે હજુ હિંમતપૂર્વક પોતાના વિચારોને નિયંત્રણમાં લાવવાની કોશિશ નથી કરી, તે જીવનમાં કોઇ બાબતોનું નિયંત્રણ કરી શકે તેવી સ્થિતિમાં જ નથી. તે કોઇ ગંભીર જવાબદારી લઇ શકતો નથી. સામાન્ય રીતે વિચારમાંથી આચાર, આચારમાંથી ચારિત્ર્ય અને ચારિત્ર્યમાંથી સંજોગો તથા સિદ્ધિઓ કેવી રીતે સર્જાય છે તે એકદમ વૈજ્ઞાનિક બાબત છે. વિશ્વમાં આપણા મન-હૃદયની સાથે બાહ્યજગતની તમામ બાબતો કેવી રીતે સંવાદિતામાં જ હોય છે, તે સતત આપણે જીવનાવલોકન અને આત્મનિરીક્ષણ દ્વારા સમજવું જોઇએ.

મનુષ્ય પોતાના વિચારોને ઊંચા ચઢાવીને જ પોતે ઉપર ઊઠી શકે છે. વિજેતા બની શકે છે અને સફળતા (ધ્યેય) મેળવી શકે છે. જો તે વિચારોને ઉન્નત કરવાનું નકારે તો તે નબળો, નીચને તુચ્છ જ બની રહે છે. મનુષ્ય ભૌતિક બાબતો પ્રાપ્ત કરવા માગતો હોય તો પણ તેણે પ્રાણીવૃત્તિઓ પ્રેરિત ઇન્દ્રિયસુખોની ગુલામીમાંથી તેના વિચારો મુક્ત કરી, તેમને ઊઠાવવા પડે છે. એવું બને કે સફળ થવા માટે તે પોતાની બધી નિમ્ન વૃત્તિઓ અને સ્વાર્થનો ત્યાગ ના પણ કરી શકે. પરંતુ તેણે આ વૃત્તિઓમાંથી થોડા ભાગનો ત્યાગ કરવો જ રહે છે.

ત્યાગ કર્યા વિના મનુષ્ય કોઇ પ્રગતિ કે ધ્યેય પ્રાપ્તિ કરી શકતો નથી. મનુષ્ય જેટલા અંશે પોતાની ગૂંચવાડાભરી પ્રાણીવૃત્તિવાળા વિચારોનો ત્યાગ કરી શકે,તેટલા જ પ્રમાણમાં તે જીવનમાં સફળ થઇ શકશે. જો તે નીચ વિચારોથી દૂર રહેશે તો જ તે પોતાનું આયોજન કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી શકશે અને તો જ તે પોતાના ઇરાદાઓ તથા સ્વાવલંબનને મજબૂત કરી શકશે. જેટલો તે પોતાના વિચારોને ઉન્નત કરશે, જેટલો વધારે જવાબદાર, સહનશીલ અને ગુણવાન બનશે, તેટલી વધુ સફળતા તેને મળશે અને તેટલી વધુ ભવ્ય ને ટકાઉ તેની પ્રાપ્તિઓ હશે.

વિશ્વની દરેક સફળતા, દરેક પ્રાપ્તિ છેવટે વિચારોને સભાનતાપૂર્વક દોરવાનું જ પરિણામ હોય છે. સફળતાનું ક્ષેત્ર ચાહે વ્યાવસાયિક હોય, બૌદ્ધિક હોય કે આધ્યાત્મિક હોય, તે એક જ કાયદા અને પદ્ધતિથી સંચાલિત થાય છે. સફળતાનો વિષય બદલાય છે, પ્રક્રિયા એક જ હોય છે.

ટૂંકમાં, જેણે ઓછું મેળવવું છે તે ઓછો ત્યાગ કરશે. જેણે ઘણું મેળવવું છે તે ઘણો ત્યાગ કરશે. જેણે મહાન ધ્યેય પ્રાપ્ત કરવું છે તે મહાન ત્યાગ કરતો રહેશે.

(માનદમંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦)

॥ અભિનંદન ॥



ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષશ્રી ડૉ.સી.એલ. પટેલને શિક્ષણક્ષેત્રે તેઓની સેવાઓ-યોગદાન-સિદ્ધિઓ બદલ શૈક્ષણિક અખબાર પત્ર'ધ વન પેજ' દ્વારા વર્ષ- ૨૦૧૭-૧૮નો 'એજ્યુકેટર્સ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો છે. અધ્યક્ષશ્રી ડૉ.સી.એલ. પટેલની ત્રણ દાયકા જેટલી શૈક્ષણિક સફરમાં તેઓએ ચારુતર વિદ્યામંડળ દ્વારા ૫૦ જેટલી શૈક્ષણિક સંસ્થાઓને પૂરું પાડેલું સબળ નેતૃત્વ, ૩૫૦૦ જેટલા પરિવારો માટે રોજગારીની વ્યવસ્થા, શિક્ષણના માધ્યમથી ગ્રામ્ય વિસ્તારો સુધી વૈશ્વિકરણના સિદ્ધાંતોને સાકાર કરવા કરેલ પ્રામાણિક પ્રયાસ, મહિલાઓના શિક્ષણ માટે કરેલ નવતર પહેલ તથા રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાએ મેળવેલ વિવિધ સન્માનો અને સિદ્ધિઓને બિરદાવવાના ભાગ રૂપે વડોદરા સ્થિત એલેમ્બિક ગ્રુપ ઓફ સ્કૂલ્સના યજમાન પદે યોજાયેલા એક વિશેષ સમારંભમાં ચારુતર વિદ્યામંડળના માનદમંત્રીશ્રી ડૉ.એસ.જી. પટેલ તથા અધ્યક્ષશ્રીનાં પુત્રી શ્રીમતી શોભાબેન પટેલે અધ્યક્ષશ્રી વતી આ એવોર્ડ સહર્ષ સ્વીકારેલ છે. આ સમારંભમાં ચારુતર વિદ્યામંડળના અન્ય પદાધિકારીઓ પણ હાજર રહ્યા હતા. સમગ્ર ચારુતર વિદ્યામંડળ પરિવાર અધ્યક્ષશ્રી ડૉ.સી.એલ. પટેલને વંદનસહ અભિનંદન પાઠવે છે.

## વસંત પ્રાર્થના

વસંત વનદેવતા! શુભ, સદૈવ સત્યંવદા,
કરે વિહગ વિશ્વનાં મધુર ગાન તારાં સદા;

અને વનવને, અનેક ગિરિને તટે, સાગરે,
ભરે અનિલબાલકો વિરલ દિવ્ય તારા સ્વરો!

વિભૂતિ વિભુની પ્રસન્ન તવ નેત્રમાં દીપતી,
તૃષા હૃદય દગ્ધની નિમિષ માત્રથી છીપતી;

સખી સકલ જીવની! સદય દેવિ! સાષ્ટાંગની
નમી ચરણમાં અમે યુગલ યાચીએ આટલું:

વસો અમ શરીરમાં, હૃદયમાં, અને નેહમાં,
કસો પ્રકૃતિ સર્વથા પ્રણયદાનની ચેહમાં:

વિશુદ્ધ સુખનાં લતાકુસુમ જીવને જાણજો,
અપત્ય પરિશીલને વિમલ ધર્મને પામજો!

વસંત વનદેવતા! શુભ, સદૈવ સત્યંવદા,
કરો વિહગ વિશ્વના મધુર ગાન તારા સદા!

અને અનિલ બાલકો વિમલ દિવ્ય તારા સ્વરો,
ભરો વનવને, અનેક ગિરિને તટે, સાગરે!

- કવિ કાન્ત

## વસંત આવ્યો

વસંત આવ્યો, વસંત આવ્યો, વરણાગીના વેષે!
મલયાચલની સુરભી સીંચ્યા મ્હેકમ્હેકતા કેશે!
અરુણ ઝળકતું ઉત્તરીય શું
દૂર દિગન્તે ફરકે !
પુલકિત મુકુલિત પુષ્પ પુષ્પમાં
મધુરું મધુરું મરકે !
મુદિત હવા કો મુક્ત વહેતી, લ્હેરતી દક્ષિણ દેશે !
દશે દિશામાં છાઈ રહી કંઇ
રંગ રાગની રેણુ!
ડાળ ડાળ પર વાઈ રહી કંઇ
મદભર મોહન વેણુ!
અણુઅણુનું અંતર ભરી ઊછળે કો આનંદ અશેષે!

- પ્રજારામ રાવળ

## રસ્તા વસંતના

આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કૈં નથી, પગલાં વસંતના

મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના

આ એક તારા અંગે ને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના

મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના

ઊડી રહ્યા છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના

ફાંટું ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે તડકા વસંતના

- મનોજ ખંડેરિયા

## પરોડે ટહુકો

ફહેવું પડે કે, કવિ, કોકિલાએ
કે પંચમી આવી વસન્તની આ!

શું સ્વપ્નનો સૌરભભાર વ્હેતી
સ્પર્શી નહોતી ગઇ કે તને હવા!

લજ્જા ચેલી કળીથી નમેલી
ચમેલીએ અંગુલિથી ઇશારો

કીધો ન'તો! આમ્રની મંજરીએ
કોરી દીધી ના નિજ ગંધ-આકૃતિ

ત્વત્‌ચિત્તમાં! વા, તવ રક્તવ્હેણે
વાગ્યો ન ધક્કો સહસા કહીંય નથી

આભા અનોખી નીરખી દ્રુમોનાં
પર્ણો પરે કૈં પલકંતી પુણ્યની!

- કહેવું પડે કે વળી કોકિલાએ

- ઉમાશંકર જોશી

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)

## શ્રેષ્ઠતા

**ફાધર વાલેસ**

ઇટલીના મિલાનો શહેરમાં વિશ્વવિખ્યાત દેવાલય બાંધતી વખતે કેટલીક મૂર્તિઓ એવી ઊંચી ને ભિડાતી જગ્યાએ મૂકવાની હતી કે કોઇની નજર ત્યાં સુધી ન પહોંચી શકે. તો પણ શિલ્પકાર પોતાના કામમાં લીન થઇને એક-એક રેખામાં ને મરોડમાં પોતાની કલા ઠાલવીને મૂર્તિઓ કોતરતો હતો. એક મિત્રે એ જોઇને ટીકા કરી : ''આ મૂર્તિ પર કોઇની નજર સરખી યે પડવાની નથી, તો પછી એની પાછળ આટલી બધી મહેનત કેમ ઉઠાવો છો? ઝટ પતાવી દેશો તો ત્યાં તો ચાલશે.''

શિલ્પીએ મૂર્તિમાંથી આંખ ઊંચી કર્યા વગર જવાબ આપ્યો: ''મારી કૃતિ છે એટલે શ્રેષ્ઠ જોઇએ- પછી ભલે કોઇ એ જુએ કે ન જુએ. હું તો જોઉં છું. અને બીજું કોઇ નહિ, તો ભગવાન તો એ જોશે જ ને?''

''મારી કૃતિ છે, એટલે શ્રેષ્ઠ જોઇએ''- એ કલાકારનો આદર્શલેખ છે અને જીવનઘડતરનો અગ્રસિદ્ધાંત છે. મારે હાથે કાચું કામ નહીં શોભે. મારી મર્યાદાઓ તો છે જ; પણ એમાં રહીને મારાથી જેટલું સારામાં સારું કામ થઇ શકે એટલું હંમેશ વ્યવહારમાં ઉતારવાનો મારો આગ્રહ રહેશે. મારું કામ છે, એટલે મારા પ્રમાણમાં ઉત્તમ જ હોય.

યુવાન માઇકલાંજેલોની કેટલીક શિલ્પકૃતિઓ ચોરાઇ અને બીજાના નામે વેચાઇ, ત્યારે એને ખૂબ લાગી આવ્યું અને જે મૂર્તિ પોતે ઘડી રહ્યા હતા એના ઉપર જ મોટા અક્ષરોથી પોતાનું નામ કોતરી દીધું. પણ એ ઉપાય બેહૂદો લાગતાં એમણે મનસૂબો કર્યો કે, મારી એક-એક કૃતિ હવે પછી એવી થશે કે તે જોતાંવેંત એ માઇકલાંજેલોની જ છે એની સૌ કોઇને પ્રતીતિ થઇ જશે. સ્થૂળ અક્ષરોથી નહીં, પણ મારો પ્રાણ મારી દરેક કૃતિમાં રેડીને હું તે મારી કૃતિ તરીકે ઓળખાવીશ. અને ખરેખર, આજના કલાનિષ્ણાતો પણ માઇકલાંજેલોની એક-એક મૂર્તિમાં ને એકએક ચિત્રમાં એમની આગવી છાપ પારખી શકે છે.

મારા જીવનઘડતરમાં, મારા અંતરના ચિત્રમાં પણ એવી છાપ ને એવી કામગીરી જોઇએ. ''કોપીરાઇટ''ના કાયદાને જોરે નહીં, પણ મારા આત્માના પ્રભાવથી મારું કામ ને મારું જીવન ખરેખર મારાં જ છે એ હું સિદ્ધ કરી દઇશ. મારી સહી ન હોય તો યે કાગળ મારો છે એમ વાંચનારને થાય એવી રીતે હું લખીશ. ભજનની છેલ્લી કડીમાં ''ભણે નરસૈંયો'' ન આવે તોય ભજન નરસૈંયાનું જ છે એવી પ્રતીતિ આપોઆપ થાય એવી રીતે મારું જીવનકાવ્ય હું રચીશ.

કેટલું કરો છો એ નહીં, પણ કેવી રીતે કામ કરો છો એ મુદ્દાની વાત છે. કામની ''વિપુલતા'' નહીં પણ ''શ્રેષ્ઠતા'' સાધવાનો આદેશ છે. ફ્રાંસના અગ્રણી તત્ત્વચિંતક સાર્ત્રની આગળ તેમના એક શિષ્યે ફરિયાદ કરી કે ''આપે પ્રમાણમાં ખૂબ ઓછાં પુસ્તકો લખ્યાં છે.'' ત્યારે એમણે જવાબમાં કહ્યું: ''મેં લખ્યું છે તો ઘણું, પરંતુ મારા લખાણનો ફક્ત પાંચમો ભાગ પ્રસિદ્ધ કર્યો છે,'' અને ઉમેર્યું: ''જો મારાં બધાં જ લખાણો મેં પ્રગટ કર્યાં હોત તો મને આટલી ખ્યાતિ મળી ન હોત, અને તમે મારા શિષ્ય પણ ન હોત!'' એ શ્રેષ્ઠતાએ એમને સાક્ષરોના કીર્તિમંદિરમાં સ્થાન અપાવ્યું.

શ્રેષ્ઠની ઉપાસના એ કલામાં ને વિજ્ઞાનમાં, ધર્મમાં ને જીવનમાં વિજય અપાવનાર મંત્ર છે. લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે કે ન કરે, મને શાબાશી આપે કે ન આપે, તો યે હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિના ઉચ્ચત્તમ ધોરણ મુજબ મારું એ કામ કરતો રહીશ. પરીક્ષા હોય કે ન હોય, તો યે હું સરખી રીતે વાંચીશ. ક્રિકેટ-મેચ ટ્રોફી માટેની હોય કે ખાલી ''મૈત્રી-રમત'' હોય, તો યે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થૂળ વળતરની આશા નહીં, પણ મારા લાયક કામ કર્યાનો આત્મસંતોષ એ મારું પ્રેરકબળ હશે. મનના આ વલણને કલાકારો 'કલા ખાતર કલા', દાર્શનિકો 'કર્તવ્યબુદ્ધિ' અને ધર્મગુરુઓ 'નિષ્કામ કર્મ' કહે છે; પણ છે તો જુદી જુદી પરિભાષામાં એક જ સિદ્ધાંતનાં ભાષાંતર: કામને અર્થે જ કરેલું ઉત્તમ કોટિનું કામ.

પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવે છે. એ ચોખાના દાણા અખંડ, અક્ષત હોવા ઘટે. સો સારા દાણા ભેગો એક તૂટેલો હોય તો ''ચાલશે'' એમ માને તો સાચો પૂજારી નથી. આપણું જીવન પણ એક યજ્ઞ છે. દિવસે દિવસે, દાણે દાણે હૃદયમંદિરમાં બિરાજતા અંતર્યામીના ચરણની આગળ આપણું એક એક કાર્ય આપણે અર્પણ કરતા જઇએ છીએ. એવું એકેએક કાર્ય વિશુદ્ધ, શ્રેષ્ઠ, અક્ષત રાખવાનો જેને દિલથી આગ્રહ ન હોય, તે સાચો જીવનપૂજારી નથી.

(''વાચનયાત્રાનો પ્રસાદ''માંથી સાભાર)

એક પડછાયો ન એ ઝીલી શકી,
ભીંત જેવી ભીંત જો તૂટી પડી.

હું મને લઇ ક્યાંય ના ભાગી શકું,
હર વખત સામી મળે તારી ગલી.

કંઇક તો એનીય મજબૂરી હશે,
એક પણ મારી દુવા ના સાંભળી.

ફૂલ થઇ મહેંકી શકે એવી હવે,
કોઇ પણ મોસમ હથેળીમાં નથી.

સૂર્ય મારા શ્વાસમાં ડૂબી જશે,
એમ તારું સ્વપ્ન આથમશે પછી.

**- મયંક ઓઝા**

(૬બી, વિવેકાનંદ સોસાયટી, ટેલિફોન એક્ષ્ચેન્જ પાસે,
મહેમદાવાદ-૩૮૭૧૩૦ મોઃ ૯૮૨૫૨૪૭૮૭૫)

## બંધ છે

કુમળા સ્વપ્નો તણું વેચાણ બંધ છે.
શબ્દના આવી રહેલા વ્હાણ બંધ છે.

જાણકારો ધર્મના ચાલ્યા ગયા કે શું?
કેમ આજે શ્હેરમાં રમખાણ બંધ છે?

ના કશું વાવ્યું છતાં ફૂટી છે કૂંપળો,
આ વરસ કાગળ મહીં ભેલાણ બંધ છે.

ખોતરી જ્યાંથી ગઝલ હું લાવતો હતો,
દર્દની ભીતર હતી એ ખાણ બંધ છે.

કાટલાઓ જે હતા નાકામ થઇ ગયા,
માણસાઇનું હવે તોલાણ બંધ છે.

**- પરાજિત ડાભી**

(ઓમ નમઃ શિવાય સોસાયટી, પ્લોટ નં ૩૪-એ, ગુરુકુળ વિદ્યાલય
પાસે, ફૂલસર, ભાવનગર-૩૬૪૦૦૪ મોઃ ૯૮૨૪૯૦૩૯૦૩)

## છેડો મળે

આવું છું હિંમત કરીને આજ કે આ વાતનો છેડો મળે.
જોઇ લેવા છે બધાં હથિયાર કે આ વાતનો છેડો મળે.

હું નથી અંધારનો પર્યાય કે આવી સજા હું ભોગવું;
બારણા-બારી ફરી ખુલ્લાં કરો. આ રાતનો છેડો મળે.

આંસુઓના ખારથી આખાય ચહેરા પર લૂણો લાગી ગયો.
રોઇ લેવા દો હવે ચોધાર, અશ્રુપાતનો છેડો મળે.

હું અભિપ્રાયો ઉપરછલ્લા તને આપું તો એથી શું વળ્યું?
માર ડૂબકી તું જ પોતાની ભીતર તો જાતનો છેડો મળે.

કોઇ મારા શ્વાસનો દરિયો ઉલેચી નાંખવા મથતું સદા,
હું જ છોડું શ્વાસની મરજાદ, ચંચુપાતનો છેડો મળે.

**- જિત ચુડાસમા 'ઠાડચકર'**

(મુ.પો. થાડચ, તા. પાલીતાણા-વાયા તળાજા,
જિ. ભાવનગર- ૩૬૪૧૪૦)

## ગીત

ગીત મને સામેથી મળવા આતુર
અરધું-અધૂરું નહીં જ્યારે પણ મળશે
એ મળશે આકંઠ' ને ભરપૂર
ગીત મને...
હૈયાની બારસાખ ઝાલીને ઊભું છે
પૂછે છે- અંદર પ્રવેશું?
આપણું તો એવું કે ફેલાવી હાથ
એને આવકાર અંતરથી દેશું
ટેરવાની ટોચેથી પેનમાં 'ને પેનમાંથી
ઊભરાતું કાગળમાં પૂર
ગીત મને...
આવે ક્યારેક ચોરપગલે, ક્યારેક ધોધમારે,
ક્યારેક સાવ પાસે
મળતું ક્યારેક ઇંટ-ભીંતે, ક્યારેક નભવચાળે,
ક્યારેક સાવ શ્વાસે
મળતાંની સાથે આ ઓરડામાં મબલક
બસ નૂર, નૂર, નૂર, નૂર,નૂર
ગીત મને...

**- નીરજ મહેતા**

(૧૦૨- આશિયાના, ૨-વૈશાલીનગર, રૈયારોડ,
રાજકોટ-૩૬૦૦૭ મોઃ ૯૬૬૨૦૪૧૪૯૮)

॥ લઘુકથા ॥

## કેમ આવું બન્યું...?

**રોશન ચૌધરી**

વરસાદી મોસમ હતી. આ મૌસમ પણ કેવો રંગ બદલે છે! બપોરનો સમય હતો, ટેકરા પર અલ્પેશની લારીએ ચાની મોસમ જામી હતી. અમને બેસવા માટે પાટલી મળી ગઈ હતી, બીજા ઘણા ઊભા-ઊભા જ ચાની ચુસ્કી લેતા હતા.

સામે રસ્તો ક્રોસ કરી માનસીંગભાઈ આવી રહ્યા હતા. હું એમને દાદા કહીને જ બોલાવતો. ડોલવણની મોટાભાગની સરકારી કચેરીઓમાં ચા પહોંચાડવાનું કામ એમનું જ હોય. એક હાથમાં ચાની કીટલી અને બીજા હાથે ચા માટેનાં પ્લાસ્ટિક ગ્લાસ. પંચ્યોતેર ઉપર પહોંચેલા છતાં પચાસને શરમાવે એવું એમનું શરીર. ખાખી હાફ પેન્ટ ને આસમાની કલરમાં ટૂંકી બાયવાળું શર્ટ, આ એમનો મન ગમતો પહેરવેશ હશે એટલે અઠવાડિયાના મોટાભાગના દિવસોમાં તેઓ આ પહેરવેશમાં જ જોવા મળે. એમનાં કામનો સંતોષ અને વફાદારી એમનાં પગલાં પડી રહ્યાં હતાં એમાં સ્પષ્ટ દેખાય આવતું હતું. દાદા રસ્તા પર વાહનોની દોડાદોડી વચ્ચે અદબભેર રસ્તો ક્રોસ કરીને અમારી પાસે આવી પહોંચ્યા. ત્યાં મારી બાજુમાં બેઠેલા અંકિતે દાદાને પૂછી લીધું, 'ચા આપવા ક્યાં ગયા હતા?' 'જીઈબીમાં..'- એમ કહી ચાની કીટલી મૂકી દઈ દાદા ટેબલ પર પડેલા કાચના ખાલી ગ્લાસ ઉઠાવી લઈ જઈ ધોવા લાગ્યા.

એકવાર દાદા સાથે લાંબી ચર્ચા ચાલી હતી એ મને યાદ આવી ગયું. ત્યારે એમણે કહ્યું હતું કે, 'ચાની લારી પર આવું તે પહેલાં બેન્કમાં અને જીઈબીમાં સાફસફાઈ કરવા જાઉં અને પછી અહીં આવું...' તે વખતે મારાથી કહેવાય ગયું હતું કે, 'તો તો મહિને સારો એવો પગાર મળી જતો હશે...?' પ્રત્યુત્તરમાં એમણે કહ્યું હતું કે, 'હા..., મને એકલાને જોઈએ પણ કેટલા? મારે કોઈ પાસે માંગવું પડતું નથી..., પથારીએ પડવાનો વારો આવશે ત્યારે કોઈ દેખભાળ કરે એટલા તો એકઠા કરી જ લઈશ... પણ સાલું! મારી પાસેથી ઉછીનાં પૈસા લઈ જાય એ પાછા વહેલા આવતા જ નથી..' ત્યારે મેં કહ્યું હતું, 'તો તમે શું કામ એવા લોકોને આપો છો? બેન્કમાં જનધનનું ખાતું ખોલાવી દો...' તો એમણે કહ્યું હતું, 'હા., એવું જ કરીશ..' એવામાં મારી યાદને રફેદફે કરી નાંખતો હોય તેમ ત્યાં દૂર ઊભા-ઊભા ચા પી રહેલા ટીન્યાએ મોટે અવાજે પૂછ્યું, 'દાદા, ઘર તરફ ગયા હતા કે નહીં...? પેલા તો બંગલા ઉપર માળ ચઢાવી રહ્યા છે જો...!' આ સાંભળી દાદાનો ચહેરો ચાની કીટલી જેવો ગરમ થઈ ગયો અને બબડ્યા, 'સાલો! બે માળ ચઢાવે કે પાંચ માળ, મારે શું કામ...?' મને થયું ટીન્યાએ દાદાના મગજના બહારનું પૂછ્યું. દાદાએ બબડવાનું ચાલુ જ રાખ્યું, 'શું કરવા જાઉં... પગય ન મૂકું... એમનો એક રૂપિયોય નહીં જોઈએ.. મારા હાથ-પગ ચાલતા છે અને મારે અહીં જ સારું છે., એ બાજુ ત્રણેક મહિના પહેલાં ગયેલો પણ ત્યાં ન ગયો, આજુબાજુમાં બધાને મળીને આવતો રહ્યો હતો..., વહેવાર તો રાખવો પડે ને....?' 'હા, વહેવાર તો રાખવો જ પડે...'- ટીન્યો બોલ્યો.

ટીન્યાનું દાદા સાથે ઘણું બનતું હશે એમ લાગ્યું. ટીન્યો ને દાદા બંને એક જ ગામના હતા. દાદાનો દીકરો-વહુ બંને માસ્તર અને તેમનાં છોકરાઓય હવે નોકરીએ લાગી ગયાં હતાં. એમનું પાકું મકાન, ટ્રેક્ટર, ગાડી, ખેતીવાડી બધું જ.... છતાં દાદા દીકરીના ઘરે રહેતા હતા. દીકરીના ઘરની સ્થિતિ સાધારણ હતી. જમાઈ વર્ષો પહેલાં જ સંસાર છોડી ગયા હતા. દીકરી પણ થોડા વર્ષ અગાઉ મૃત્યુ પામી હતી. પૌત્ર-પૌત્રવધૂ અને દાદા ત્રણ જ હવે રહ્યાં હતાં.

★ ★ ★

ટીન્યાએ ચાનો ખાલી ગ્લાસ મૂકતાં-મૂકતાં કહ્યું, 'ગમન કાકાના છોકરાનાં લગ્ન છે, તમે આવશો ને...?' આવવું જ પડશે ને.. બે દિવસ પહેલાં જ કંકોત્રી આપી ગયા છે. 'તો તો ત્યાં રાત્રી રોકાણ ખરું ને...?' મારે તમારી સાથે બેસીને ઘણી વાતો કરવી છે, ઘણું બધું પૂછવું છે... તમે દીકરાનું ઘર છોડી દીકરીના ઘરે કેમ આવતા રહ્યા..? કેમ આવું બન્યું....? ને...' ટીન્યો આગળ વધુ પ્રશ્નો કરે ત્યાં રસ્તાની સામેની બાજુએથી કચેરીના પટવાળાએ બે આંગળી મોઢામાં મૂકી સીટી મારી, પાંચ કટીંગ ચા લઈ આવવા ઈશારો કર્યો અને દાદા ટીન્યાના પીઠ પર હાથ થાબડી તરત ચાની કીટલી લઈ નીકળી ગયા.

(મુ.પો. ઉમરવાવદૂર, તા. ડોલવણ, જિ. તાપી- ૩૯૪૬૩૫,
દૂરભાષઃ ૯૭૨૬૫૬૫૫૭૬)

|| અભ્યાસ ||

## અધ્યાય-૧૨ ભક્તિયોગ

ઘનશ્યામસિંહ એન. ગઢવી

વિશ્વરૂપદર્શનના અંતે ભક્તિનું ગૌરવગાન પ્રભુએ કર્યું છે. ભૂતભાવનનું એ રૂપ ન તો દાન કે ન યજ્ઞાદિથી પરંતુ માત્ર અને માત્ર ભક્તિથી જ પ્રાપ્ત કરી શકાય છે, એવું અહીં સ્થુણાનિખનન્યાયે સાબિત કર્યું છે. આથી સવ્યસાચીને પ્રશ્ન એ થયો કે તમારા કહેલા બન્ને પ્રકારના સકામ અને નિષ્કામ ભક્તોમાંથી ઉત્તમ કોને કહેવો? અહીં પૂછાયેલો પ્રશ્ન આપના નિરંતર યુક્ત એવા જે ભક્તો આપના સગુણાકારની ઉપાસના કરે છે અને જેઓ અવ્યક્તની ઉપાસના કરે છે; તેઓમાં ઉત્તમ યોગવેત્તા કોને સમજવો? આ પ્રશ્નોત્તરમાં માધ્વાચાર્ય મુજબ ભગવાનના સાકાર સ્વરૂપની ઉપાસના સરળ છે અને તે એકમાત્ર સત્ય છે, તેવું શ્રુતિઓ પણ કહે છે 'ॐसहस्त्रशीर्षा' આ પુરૂષસૂક્ત અથવા યજુર્વેદીય ઉત્તરનારાયણસૂક્ત 'नान्य पन्था विद्यतेडयनाय' દ્વારા સાકારોપાસના સિવાય બીજો કોઇ માર્ગ નથી એમ પણ કહેવાનું. શું પંગુને વાયુની હોડ હોય? તેમ અવ્યક્ત પ્રતિ જીવની ગતિ અદ્વત હોય છે. વળી સામેવદની સૌકરાયણ શ્રુતિને ટાંકતાં જણાવે છે સ્થાણુ નામે પ્રજાપતિનો પુત્ર હતો. તે પોતાના પિતા પ્રજાપતિ પાસે જઇને બોલ્યો. ''મોક્ષની ઇચ્છાવાળા જેમણે પાપ ધોઇ નાંખ્યા છે તેવા સાધુ પુરુષો વડે કઇ તારવાવાળી વસ્તુનું અને કેવી રીતે ધ્યાન ધરવું?'' (એ ધ્યાનનો વિષય અનંત મસ્તકવાળો વ.છે) આમ ધ્યાન બધા માટે શક્ય નથી તેથી ભક્તિની મહત્તા દર્શાવી છે.

'ભક્તિ' એટલે અગાઉ કહ્યું તેમ અહંકારથી કર્મ માત્ર ન કરતાં ભગવદર્પણ કરવું. જેમ વૃક્ષે ફળ આવતાં નિમ્નગામી જ થાય તેમ કર્મે નિષ્કામતા આવે, એટલે કે કર્મ સંપન્ન થતાં, તેનું ફળ ઇશ્વરને અર્પણ કરવું. આવું કંઇક માનતા અરવિંદના મતે ''મારામાં જે કંઇ સદ્‌ગુણ, બુદ્ધિ, ઉચ્ચ કેળવણી, જ્ઞાન કે પૈસો મને ભગવાને આપ્યા છે, તે બધા તેના છે. એમાં કુટુંબના નિર્વાહ માટે જેટલાની જરૂર હોય તેટલા જ અથવા જે વસ્તુ તદ્દન આવશ્યક હોય તે માટે જ ખર્ચ કરવાનો મને અધિકાર છે. જે કંઇ બાકી રહે તે બધું જ ભગવાનને પાછું આપી દેવું જોઇએ.''(અરવિંદ પૃ.૮૯) તો આ પ્રમાણે કરવાથી ભગવદાર્પણ સાર્થક થાય છે.

જો કે ભક્તિ વિષયક વિભાવનાઓમાં જોઇએ તો ''શુદ્ધ સ્થાનમાં રાગ વધવો એટલે ભક્તિ'' (વિનોબા ભાવે) અદ્વૈત ભક્તિને વર્ણવતાં અંતિમ ભાગે ગીતા કહે છે-

**मयि परां कृत्वा मामेवैष्यत्यसंशयः। (ગી ૧૮-૬૮)**

કે તેઓની અંદર પણ જ્ઞાની કે જે નિત્યયુક્ત રહી એકભક્તિ કરતો વિશિષ્ટ છે. (ગી-૭-૧૭) અથવા અનન્યભક્તિ-

प्रयाणकाले मनसाडचलेन भक्त्या युक्तो योगबलेन।

(ગી ૮-૧૦)

અભેદભક્તિ (ગી.અ.૧૧) અવ્યભિચારીણિ ભક્તિ (ગી અ ૪) અજ્ઞાનીઓની ભક્તિ (ગી.અ.૯) ભક્તિની આવશ્યકતા (ગી અ ૯) કર્મની અંગભૂત ભક્તિ (ગી.અ.૯) ભક્તિ કેમ કરવી (ગી.અ.૯) વ.તાત્ત્વિક રીતે જોવું જરૂરી છે. જુઓ ને-

**यद्‌भक्तिः न मुक्तिर्य सेव्यः सर्वयोगिनाम्।**
**तं वन्दे परमानन्दधनं श्रीनन्दनन्दनम्॥**

(ગી. ગૂઢાર્થદીપિકા, મંગલાચરણ)

અથવા બહોળા અર્થમાં સાંપ્રતિક સ્થિતિને અનુલક્ષીને આ જ ગીતાને ધ્યાનમાં રાખી ખૂબ જ સૂચક રીતે દેશભક્તિના અર્થે સગુણ સાકાર અર્થ હેતુ ભક્તિના પ્રકાર મુજબ મુનશી તેના સંસ્મરણોમાં અરવિંદ વિષયમાં લખતા તેઓની ભક્તિ બાબતે તેઓ આવું કહેતા 'શહેરો પર્વતો નદીઓ અને વનો દ્વારા તેનો દેહ કંડારાયો છે. દેશના લોકો તેના કોષો છે. જે એની સજીવ પેશીઓનું સર્જન કરે છે. આપણું સાહિત્ય અને સ્મૃતિ તેની વાણી છે. એની સંસ્કૃતિનું ચૈતન્ય એ તેનો આત્મા છે. એના બાળકોની પ્રસન્નતા અને સ્વતંત્રતા એ તેની મુક્તિ છે. ભારતને સજીવ માતા તરીકે જુઓ અને તેનું ધ્યાન થશે. નવધા ભક્તિ પ્રમાણે તેની ભક્તિ કરો. (શ્રી અરવિંદ પૃ.૬૭) જો નવધાનો ઉલ્લેખ આવે તો ભાદવદીય ભક્તિનો અનુક્રમ ગીતામાં તપાસી શકાય. સઘળું ખરું સચવાય છે. જેમકે-'

**कीर्तनः-** सततं कीर्तन्तो मां यतन्तश्च दृढव्रताः॥

(ગી.૯-૧૪)

મારું સતત કીર્તન કરતા અને પરસ્પર મારા હેતુ સમજણ મેળવતા અને મારું કથન કરતાં સંતોષ અને આનંદ પામે છે. (ગી.૧૦-૯)

**સ્મરણઃ- मामनुस्मर युध्य च** (ગી.૮-૭)થી સ્મરણ કરતો મને યુદ્ધ કર્યે જા. અથવા-

अनन्यचेताः सततं यो मां स्मरति नित्यशः।

જ્યાં બીજી જગ્યાએ ચિત્ત ન ધરાવતો મારું સ્મરણ કરતો, નિરંતર તેને હું આસાનીથી મળી, જાઉં છું.

तस्याहं सुलभः पार्थ नित्ययुक्तस्य योगिनः।

(ગી. ૮-૧૪)

**પાદસેવન-** भक्तियोगेन सेवते। (ગી. ૧૪-૨૬)

**અર્ચન-** अर्चितुम् (ગી. ૭-૨૧) કે स्वकर्मणा तमभर्च्य सिद्धिं विन्दति मानवः। (ગી. ૧૮-૪૬) તેને પોતાના કર્મને વળગી રહી, અર્ચન કરવાથી સિદ્ધિ મેળવી શકાય છે.

**વંદન-** मन्मना भव मद्भक्तो मद्याजी मां नमस्कुरु।
मामेवैष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः॥

(ગી. ૯-૩૪)

ભક્તિપૂર્વક વંદન નમન કરતાં તેને પ્રાપ્ત કરી શકાય છે. (ગી. ૯-૧૪)

**દાસ્યઃ-** मत्कर्मपरयो भव। (ગી. ૧૨-૧૦) અથવા હું પ્રસાદને પામ્યો છું તેમ કહી શરણાગતિ સ્વીકારે છે અને-

स्थितोस्मि गतसंदेहः करिष्ये वचनं तव॥

(ગી. ૧૮-૧૭)

**સખ્યઃ-** सखेति मत्वा प्रसभं यदुक्तं हे कृष्ण हे यादव हे सखेति। (ગી ૧૧-૪૧) અથવા સખા, ભાઇ કે કૃષ્ણ વ્યાજે બોલાવતો તને ન ઓળખી શક્યો અથવા सखा चेति। (ગી.-૪-૩) માન્યું છે અર્જુને.

**આત્મનિવેદનઃ** मामेकं शरणं व्रज।

ભક્તિ ઉપદેશામૃતે રૂપ ગોસ્વામી ષડધા ગણાવે છે-

उत्साहान्निश्चयाद् धैर्यात् तत् तत् कर्मप्रवर्तनात्।
संगत्यागात् सतोवृत्तैः षडभिः भक्तिः प्रसिद्धयति॥

આટલું કહ્યા બાદ વલ્લભાચાર્ય મર્યાદા અને પુષ્ટિ નામક ભક્તિ પ્રકારો જણાવે છે. તેનું લક્ષ્ય મુક્તિ અને ભક્તના પરિશ્રમ પર અવલંબિત છે. મર્યાદા ભક્તિ સાધન અને પુષ્ટિ ભક્તિ સાધ્યરૂપ માની છે. નવધા ભક્તિ મર્યાદા અને પુષ્ટિ ભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ પણ છે.

ભક્તિનું લક્ષ્ય તો સગુણ બ્રહ્મની ઉપાસના છે. જે અનિવાર્ય હોવા છતાં ગૌણ છે, કારણ કે માત્ર તેનાથી નિર્ગુણ નિરાકાર એટલે કે નિઃશ્રેયસની પ્રાપ્તિ થતી નથી. તેના તોળ માટે શ્રીકૃષ્ણ જણાવે છે કે શ્રદ્ધાપૂર્વક મારામય બનીને મારી ઉપાસના કરે જે તે ઉત્તમ યોગી છે. જે અક્ષર એટલે નિર્ગુણ બ્રહ્મને ઉપાસે તે પણ મને પ્રાપ્ત થાય છે, પણ તે માર્ગ અધિકતર ક્લિષ્ટ છે. અવ્યક્તોપાસક સિદ્ધિ સુધી પહોંચતા થાકી પણ જઇ શકે છે. જે માનવી સર્વ કર્મો મને એટલે કે ઇશ્વરને અર્પણ કરે તે આ મૃત્યુસંસારસાગરથી પાર થાય છે.

**અર્પણઃ-**

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत्।
यत्तपस्यसि कौन्तेय ततत्कुरुष्व मदर्पणम्॥

(ગી. ૯-૨૭)

અથવા મારામય થતો, મારું ભજન કરતો, મને નમન કરતો તારા દ્વારા જે કાંઇ પણ થાય તે તું મને અર્પવા मयि सन्यस्य (ગી. ૧૮-૫૭) સોંપીને ત્યાં અર્પણનો ભાવ સુપેરે સચવાયો છે. કર્મમાત્ર અહંકારબુદ્ધિથી ન કરતાં ભગવદ્પ્રીત્યર્થ કરવું. કર્મનું કારણ અને ફળ ઇશ્વરને અર્પણ કરવું. ભક્તિમાર્ગમાં કર્મ ન છોડતાં ફલાશાનો ત્યાગ કરવો. આ પ્રકારે ભગવાન સાથે તન્મયતા થઇ શકે છે. સગુણ સાકાર પરમાત્મા અને નિર્ગુણ નિરાકાર બ્રહ્મની ઉપાસના કરનાર ભક્તમાં કોને યોગવિદ્ માનવો? તે પ્રશ્નના ઉત્તરમાં સગુણ ભક્તિનો માર્ગ દર્શાવે છે. સકલ કર્મોનો ત્યાગ કર. અભ્યાસ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે. અને તેના કરતાં એ ધ્યાન ઉત્તમ છે અને ધ્યાનાપેક્ષાએ બળવત્તર કર્મફળત્યાગ છે. કારણ કે તેનાથી શાંતિ પ્રાપ્ત થાય છે.

ચિત્તવૃત્તિની સ્થિરતા લાવી જ્ઞાનાર્થે સજ્જ બનવું. સગુણની અપેક્ષાએ નિર્ગુણની વિશેષતા દર્શાવી છે. તે અનિર્દેશ્ય વ. છે. તે માર્ગ કઠણ હોવાથી સર્વસામાન્ય માટે કે ભક્તના અધિકારની રૂએ ભક્તિ કરી શ્રીકૃષ્ણને પામી શકે છે. ગીતાકારને મન ભક્તિ જ્ઞાન કરતાં ઉચ્ચ છે અને તે પણ સગુણ સાકાર અથવા પુરુષોત્તમની ભક્તિ-

यस्य देवे परा भक्तिर्यथा देवे तथा गुरौ।

તેમજ- तस्यैते कथिता ह्यर्था प्रकाशन्ते महात्मनः।

(શ્વેતા. ૬-૨૩)

જ્ઞાન કોણ પ્રાપ્ત કરી શકે છે? જેનામાં ભકિત વ. છે જ્યાં શરણભાવ ક્રિયારૂપે જોવા મળે છે ‘સર્વભૂતોમાં હુ છું તેવું એકત્વસ્થિત રહી ભજે છે.’ (ગી. ૬-૩૧)અથવા-

स सर्वविद् भजति मां सर्वभावेन भारत॥

(ગી ૧૫-૧૯)

અથવા ‘શ્રદ્ધાવાન જે મને ભજે છે તે યુક્તતમ છે.(ગી ૬-૪૭)વધુમાં તેમ પણ કહ્યું કે ‘ભલે તે દુરાચારો

પણ મારું અનન્યતયા ભજન કરે છે તે મને પામે છે.(ગી. ૯-૩૦) અથવા-

भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम्।

(गी. ९-१३)

જેઓ 'મને ભક્તિથી ભજે છે તે મારામાં અને હું તેનામાં હોઉં છું.' (ગી. ૯-૨૯) ક્રિયાવાચક ભક્તિ વિચારને પ્રયુક્ત થયો જોવા મળે છે. ત્યાર બાદ ભગવાને ભક્તના લક્ષણો ટાંકયાં.

મારામાં બુદ્ધિ સ્થિર કર વ. વિધાનો ભક્તિની તન્મયતા સૂચવે છે. સગુણ સાકારનું ધ્યાન કરવામાં જ ભક્ત અસમર્થ હોય તે ધ્યાનનો અભ્યાસ કરે. તેમાં પણ અસમર્થ હોય તો તેણે સર્વકર્મફળ ત્યાગ કરવો. જેમાં ભક્તિયુક્ત કર્મયોગની સિદ્ધિને સફળતાપૂર્વક પેશ કરી છે. જ્ઞાન,ભજન વ. સાધનોના તારતમ્યનો વિચાર કર્યા બાદ નિષ્કામ કર્મયોગ કે ફળત્યાગને સિદ્ધ કર્યો.

હિલ, બર્નેટ જેવા વિદ્વાનો બારમા શ્લોકને પ્રક્ષેપ ગણે છે, આદ્ય શંકર તેને 'જે અબલ અધિકારી છે તેને માટે જ આ જ્ઞાનાપેક્ષાએ કર્મફળત્યાગ શ્રેષ્ઠ છે' તેવું દર્શાવે છે. પાતંજલયોગ પણ અભ્યાસાપેક્ષાએ કર્મફળત્યાગને અવર ગણે છે. તિલક તેને કર્મયોગાર્થે મહત્ત્વનો શ્લોક ગણે છે. ત્યારબાદ-

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते।

(गी १२-१)

ગીતાકાર ભકિતનું ચિન્હ આપતાં કોઈનો દ્વેષ ન કરે એવું કહે છે.

**અદ્વેષી**- માનસ કહે છે જયારે ભગવાનના વાસસ્થાન તરીકે જેનો આવો સ્વભાવ છે ત્યાં આપ સતત નિવાસ કરો, 'સરલ સુભાવ મન કુટિલાઈ' અદ્વેષી ભકત છે.

**કરુણ**- સર્વ પ્રતિ કરુણા દાખવે, 'કરુણ એટલે કે ભગવાન બુદ્ધ જેવી કરુણા જેની અંદર સમાહિત હોય.

**નિર્મમત્વ**- મમત્વ અને અહંકાર ન રાખે કિન્તુ તેવું નિવેદન કરનાર ભક્ત 'મારી મમતા મરે નહીં તેનું મારે શું કરવું' પણ ભજન છે જ. નિર્મમ 'ભલું થયું ભાંગી જંજાળ સુખે ભજશું શ્રી ગોપાળ' જેવી જેની નિર્મમતા હોય તેવો ભક્ત મને અતિશય પ્રિય છે.

**નિરંહકારી**- અહંકારનો દાખલો લઈએ તો 'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા શકટનો ભાર જયમ શ્વાન તાણે' નરસિંહનું પદ આ બાબતનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

**સુખદુઃખક્ષમી**- જનકાદિ હતા જ અથવા 'સુખ દુઃખ મનમાં ન આણી એ રે રઘુનાથના જડીયા' જ્ઞાની ભક્ત દેહનિર્વાહાર્થે નિશ્ચિંત રહી જે કાંઈ મળે તેનાથી સુંતષ્ટ રહે.

**યતાત્મા**-શ્રી ગૌડપાદાનુસાર જડવલ્લોકમાચરેત્‌નું યથાર્થ પાલન કરતો ભક્ત યતાત્મા બને છે. જડભરત આનું સુંદર દૃષ્ટાંત છે. વળી આવો ભક્ત મન અને બુદ્ધિથી તે તત્ત્વ વિષયમાં અભેદ માને છે. યતાત્મા ઉદ્ધવ જેવા જ્ઞાની કૃષ્ણના અંતરંગ હતા.

**સર્વારમ્ભપરિત્યાગી અને અનિકેત**- ગૃહસ્થાશ્રમત્યાગી સંન્યાસ લઈને વનમાં ભિક્ષા માંગતા યતિઓના વર્ણનમાં આ શબ્દ પ્રયુક્ત થાય છે.

**મૈત્ર**- બત્રીસલક્ષણા પુરુષને કહેતા હોય તેમ મૈત્ર જેમ કે યુધિષ્ઠરની અજાતશત્રુતા પ્રસિદ્ધ છે.

**સંતુષ્ટઃ**- અર્થાત્‌ 'રામ રાખે તેમ રહીએ ઓધવજી રામ રાખે તેમ રહીએ' માં જેની આસ્થા હોય તેવો ભક્ત પ્રભુની નિકટ છે.

**દૃઢનિશ્ચયી**- 'ઉપકાર તમારો ભારે રે હે ન્શ્રીનિવાસામાં' મય્યર્પિતમનોબુદ્ધિ કિંવા 'સર્વધર્મોને ત્યજીને મારે શરણે આવ' એવી ભગવાનની આજ્ઞાનું પાલન કરનાર અર્જુન જેવા ભક્તો કૃષ્ણના સન્નિકટ છે.

**અનુદ્વેગીઃ**- જેમકે સિંધુ મધ્યે જલચરો અનુદ્વેગ ન પામે તેમ જગતના ઉન્માદોથી કિનારો કરનાર અનેક ભક્તોના ચરિત્રો અહીં કહી શકાય.

**શુચિઃ**- વાચ કાચ મન નિર્મળ રાખે, હર્ષામર્ષભયોદ્વેગમુક્ત, અનપેક્ષ, શુચિ'વાચ કાચ મન નિર્મળ રાખે'.

**દક્ષ, ઉદાસીનઃ**- જેમ દક્ષિણોત્તર વાયુ ગમે તેવો હોય મેરુ મધ્યસ્થ રહે છે.

**ગતવ્યથઃ**- દ્રૌપદીના સ્મરણ માત્રથી જેની વ્યથા જોજનો દૂર હટી તેવો ગતવ્યથ ભક્ત.

**સર્વારંભપરિત્યાગી, અનિચ્છાવાન, શુભાશુભપરિત્યાગી** 'જથા લાભ સંતોષ સદાઈ'.

**સમશત્રુમિત્ર**- જેવી રીતે પૂર્ણિમાની નિશામાં રાય-રંક સમાન તેમ સર્વભૂત પ્રતિ સમ.

**માનાપમાને સમત્વદર્શી**- જેમ શું પાવસ કે ધર્મ આકાશ અલિપ્ત તેમ સંગવર્જિત.

**શીતોષ્ણસુખદુઃખી**- ઋતુત્રયે પણ ગગનની ગંભીરતામાં લેશ પણ આંચ ન આવે તેમ, તુલ્યનિન્દામૌની, સ્થિરભક્તિમાન મારો પરમ ભક્ત છે. જે ભક્ત આવો હોય તો પછી કહ્યું કે ઘણા જન્મોના અંતે તે મને પ્રાપ્ત કરી શકે છે.

बहुनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवः सर्वमिति स महात्मा सुदुर्लभः॥
(ભ.ગી.૭-૧૯)

સાતમા અધ્યાયમાં આર્ત, દુઃખી, સ્વરૂપજ્ઞાનની અપેક્ષાવાળો, પુરુષાર્થસિદ્ધિની ઈચ્છાવાળો અને જ્ઞાની આ ચાર પ્રકારના સદાચરણી મારે શરણે આવે છે એવું કહ્યું-

चतुर्विद्या भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ॥
(ગી. ૭-૧૬)

જો આર્ત ભક્તની વાત કરીએ તો તુલસીદાસે હનુમાનજીને પરમ આતુર ભક્ત કહ્યા છે. 'रामकाज करी बेको आतुर प्रभु चरित्र सुनि बेको रसीया ॥' આ જ આર્તતાને 'હરીને ભજતાં હજુ કોઇની લાજ જતાં નથી જાણી રે, જેની સુરતા શામળીયાની સાથ વદે વેદ વાણી રે.' વેદજ્ઞાન ભક્ત નરસિંહે ક્યાંથી પ્રાપ્ત કર્યું હશે? અથવા જેના એક નહીં અનેક કામો પ્રભુએ સ્વયં આવી કરેલા. ગજેન્દ્ર અને દ્રૌપદી જેવા ભક્તો આ શ્રેણીમાં આવે છે. જિજ્ઞાસુ એવા ભક્તો હોય છે જેઓ જ્ઞાનપ્રાપ્તિના એક ઉપાય તરીકે પરિપ્રશ્ન કરે છે. જેને ભગવાન સ્વયં કહે છે જ્ઞાનપ્રાપ્તિનું સાધન અને જેમાં તે હોય તે જીજ્ઞાસુ ભક્ત છે, દા.ત. પરીક્ષિત જેવાઓ પણ આ કક્ષામાં ગીતાનુસાર-

तत्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनः तत्त्वदर्शिनः॥
(ગી. ૪-૩૪)

અર્થાર્થી એટલે કે સકામ, એટલે કે સતત આપનામાં જોડાયેલા ભક્તો આપને (સગુણ સ્વરૂપે) ઉપાસે છે. દા.ત. ધનદારાદિ જેને અપેક્ષિત છે તેવા સુગ્રીવાદિ-

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते । (ગી. ૧૨-૧)

શુકદેવાદિ જ્ઞાની ભક્ત જે નિત્યયુક્ત છે. તેને તેની ચિંતા કરવાની રહેતી નથી. ભગવાનનું અચલ વચન છે કે હું તેની જવાબદારી નિભાવું છું.

तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ।
(ગી. ૯-૨૨)

તેમાં પણ મને જ્ઞાની ભક્ત જે 'નિત્યયુક્ત' છે તે વધુ પ્રિય છે. જે એકાગ્રચિત્તવાળો, મારો આશ્રય કરીને રહે છે. પ્રથમ ત્રણ સકામ અને ચતુર્થ નિષ્કામ શ્રેણીના ભક્તો કહ્યા છે. તેઓનું લક્ષ્ય માત્ર બ્રહ્મ છે પણ મેળવવાની આશા નહીં, સ્વંય વિદેહી જનક જેવા હોય છે. શ્રીમદ્ભાગવદ્ આવા ભક્તોને-

आत्मारामाश्च मुनयो निर्गन्था अप्युरुक्रमे ।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थं भुतगणो हरिः॥

કહે છે. આવા ભક્તો સઘળું વાસુદેવ જ છે તેવું જુએ છે. 'वृष्णीनां वासुदेवोऽस्मि ।' (ભ.ગી. ૧૦-૩૭) આ ચારેય પ્રકારના ભક્તો ઉદાર હોય છે. ભગવાનનો **ભક્ત**-

भक्तोऽस्मि मे सखा चेति रहस्यं ह्येतदुत्तम् ॥
(ગી-૪-૩)

અથવા

येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयान्विताः।
(ગી. ૭-૨૩)

અથવા

कौन्तेय प्रतिजानीहि न मे भक्तः प्रणश्यति ।
(ગી. ૯-૩૧)

मत्कर्मकृत्मत्परमो मद्भक्तः संगवर्जितः।
(ગી. ૧૧-૫૫)

सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः।
(ગી. ૧૨-૧૬)

मद्भक्त अतद्विज्ञाय मद्भावोपपद्यते ॥
(ગી. ૧૩-૧૯)

ઉપર્યુક્ત લક્ષણ ધરાવતા ભાગવદીય પુરુષ મહારાજ અંબરીષે સર્વપ્રથમ પોતાના મનને ભગવાનના ચરણોમાં સ્થિર કર્યું; પછી ક્રમશઃ પોતાની વાણીને કૃષ્ણના ગુણાનુવાદમાં પરોવી, હાથ ભગવાનના મંદિરને સ્વચ્છ કરવામાં, કાન ભગવદ્લીલાનું શ્રવણ કરવામાં, આંખો ભગવાનના દિવ્ય રૂપના દર્શન કરવામાં, શરીરને અન્ય ભક્તોના દેહને સ્પર્શ કરવામાં, ઘ્રાણેન્દ્રિયને ભગવાનના અર્પિત કરેલા પુષ્પોની સુગંધ લેવામાં, જીભને ભગવાનના ચરણારવિંદ પર ચઢાવેલા તુલસીપત્રનો સ્વાદ લેવામાં, પગ તીર્થયાત્રા કરવામાં તથા મસ્તક પ્રભુને નમાવવામાં તથા પોતાની ઈચ્છાઓને ભગવાનની ઈચ્છામાં પરિપૂર્ણ કરવામાં પરોવી સ્વકર્મોને દિવ્યતામાં પરિવર્તિત કરતા ઉત્તમ ભક્તના લક્ષણોને ચરિતાર્થ કર્યા.

આમ ભક્તિયોગે ભક્તિ, ભક્ત અને આશ્વાસનથી સમગ્ર ગીતા સભર છે.

(પ્રિન્સિપાઠલ, એન.-એ. એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કોલેજ,
વલ્લભ વિદ્યાનગર)

॥પુસ્તક પરિચય॥

## 'પરાત્પર': પ્રમુખ સ્વામી મહારાજ અને અબ્દુલ કલામજીનો જીવનપ્રેરક સંવાદ

**મહેન્દ્ર નાઈ**

પ્રમુખસ્વામી મહારાજ આધુનિક સમયના સૌથી વધુ પ્રેરણાદાયી આધ્યાત્મિક ગુરુઓમાંના એક હતા, ભગવાનશ્રી સ્વામિનારાયણના પાંચમાં આધ્યાત્મિક અનુગામી હતા. ડૉ.એ.પી.જે. અબ્દુલ કલામ, પ્રમુખ સ્વામીજી સાથેની એક આકસ્મિક મુલાકાતથી આકર્ષાયા અને એ ક્ષણેથી પ્રમુખસ્વામીજી તેમના શ્રેષ્ઠ ગુરુ બની રહ્યા.

'પરાત્પર' પુસ્તકમાં પ્રમુખસ્વામી મહારાજ અને આપણા પૂર્વરાષ્ટ્રપતિ મહામના અબ્દુલ કલામજી સાથેની આધ્યાત્મિક વાતો છે, સંવાદ છે, યાત્રા છે. આ પુસ્તક તેમણે મા.શ્રી અરુણ તિવારીજી સાથે લખેલું છે. જેનો ગુજરાતી અનુવાદ અજયભાઈ ઉમટે (મુખ્ય એડિટર, ગુજરાત નવસર્જન સમય) કરેલો છે. આ પુસ્તક કુલ ચાર ભાગમાં અને જુદા-જુદા પેટા મુદ્દાઓને લઈને લખાયેલું છે. (૧) દિવ્ય ઉપસ્થિતિનો અનુભવ (૨) વ્યવહારમાં અધ્યાત્મ (૩) વિજ્ઞાન અને અધ્યાત્મનો સંગમ (૪) રચનાત્મક નેતૃત્વનો વિકાસ. આ મુખ્ય વિભાગોમાં કેટલાંક ઉલ્લેખનીય પેટા મુદ્દાઓ છે, જેમાં 'ભારતનું નેતૃત્વ કરો', 'શાંતિ વધે છે વહેંચવાથી', 'બાળકો સૌનું ભાવિ છે', 'ભગવાનની સાક્ષીએ જીવવું', 'દાન અને ક્ષમા દિવ્ય છે', 'તમામ ચીજોનું જન્મસ્થાન મન છે,' 'ધર્મ એટલે પ્રભુ સુધી દોરી જતો પથદર્શક', 'અહિંસાના માર્ગે હાર હોતી નથી', 'છીએ તેના કરતાં પર થવાની પ્રેરણા આપે છે ક્ષમા', 'પરમેશ્વરનું શ્રેષ્ઠ નામ છે કરુણા', 'ધરતી પરનું સૌથી શક્તિશાળી બળ છે માનવીય સહકાર', કુલ ૩૧૦ પૃષ્ઠમાં લખાયેલું આ પુસ્તક 'અંતરરામ વિકસિત કરો, અંતરંતર હે!'જેવી શુભ ભાવનાઓથી આપણને સરાબોર કરે છે.

મહામના અબ્દુલ કલામજી આ પુસ્તક વિશેના પરિચયને 'શ્રદ્ધાનો સાક્ષાત્કાર' ગણાવીને કહે છે કે ''મને મારા શ્રેષ્ઠતમ શિક્ષક અને માર્ગદર્શક પ્રમુખ સ્વામીજી મહારાજનો ભેટો અજાણતાં જ થયો હતો. કદાચ મારી નિયતિ અને મારી જિજ્ઞાસા મને પ્રમુખસ્વામી તરફ દોરી ગઈ હતી. ભારત સરકારના મુખ્યવૈજ્ઞાનિક સલાહકાર તરીકે કચ્છના ભૂકંપ પછી પુનઃ વસવાટનાં કાર્યોની સમીક્ષા કરવા મેં ભૂજની મુલાકાત લીધી હતી. ત્યાં ૧૫મી માર્ચ, ૨૦૦૧ના રોજ મારી મુલાકાત પ્રમુખ સ્વામી મહારાજના એક શિષ્ય સાધુ બ્રહ્મવિહારીદાસજી સાથે થઈ હતી. સાધુ બ્રહ્મવિહારીદાસજીએ મને આશ્ચર્યચકિત કરી દે તેવો એક પ્રશ્ન પૂછ્યો હતો અને તેનો આધ્યાત્મિક જવાબ મને સ્ફૂર્યો હતો. ત્યારબાદ પ્રમુખસ્વામી મહારાજની વાત સાધુ બ્રહ્મવિહારીદાસના મુખે સાંભળીને, હું અભિભૂત થયો, પ્રમુખ સ્વામી મહારાજને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. મારો આશય આવા મહાપુરુષનો પરિચય કેળવવાનો હતો, પણ અલ્પ પરિચય સ્વરૂપે શરૂ થયેલી અમારી આ આકસ્મિક મુલાકાત જાણે 'દૈવી નિયતિ' બની ગઈ હતી.'' (પૃ.૧૪) આ 'શ્રદ્ધાનો ચમત્કાર' આપણને કેવી રીતે થઈ શકે તે જણાવતાં લખ્યું છે કે 'આપણે બધા જાણીએ છીએ કે ધૂળ સાફ થઈ જાય પછી અરીસો ચમકે છે અને આપણે આપણું પ્રતિબિંબ સ્પષ્ટ પણે જોઈ શકીએ છીએ. શિક્ષણ મેળવવાની કળા પણ તેવી જ છે. આપણે આપણું અજ્ઞાન દૂર કરવાની જ જરૂર છે. આપણે શુદ્ધ અને નૈતિક જીવન જીવીને તેમજ માનવસેવા કરીને આપણી અંદર રહેલી અશુદ્ધિ અને અજ્ઞાન દૂર કરી શકીએ છીએ પછી જુઓ પરમેશ્વર તેનાં કાર્યો કરવા આપણને માધ્યમ બનાવશે.' (પૃ.૧૩)

આ પુસ્તક લખવાની ઘટના પણ દિવ્યાનુભૂતિ સાથે સંકળાયેલી છે. જુઓ: '૧૧મી માર્ચ, ૨૦૧૪ના રોજ સારંગપુરમાં પ્રમુખ સ્વામીજીને મળીને હું દિલ્હીમાં મારા ઘરે પહોંચ્યો ત્યારે લગભગ મધરાત થઈ ચૂકી હતી. આ અતિ વ્યસ્ત દિવસ પછી આરામ માટે હું ઉપરના રૂમમાં ગયો. મેં છેલ્લા ૫૦ વર્ષથી સૂતાં પહેલાં એક સારું પુસ્તક વાંચવાની આદત કેળવી છે. પથારીમાં બેસીને મેં એ પુસ્તક વાંચવાનું શરૂ કર્યું. મારું મન શાંતિથી ઉભરાઈ રહ્યું હતું. અને એક અજાણી તંદ્રાએ મને ઘેરી લીધો. હું નિદ્રાવસ્થામાં નહોતો. હું સાંભળી શકતો હતો છતાં હું જાગ્રત નહોતો, હું મારો હાથ હલાવી શકતો નહોતો.. મેં એક અવાજ સાંભળ્યો કે 'અરે ઓ અજ્ઞાત સુખી માણસ! જાગો, તમે તમારું ધ્યેય પ્રાપ્ત કરી લીધું છે.' જગતમાં સ્મિત રેલાવવા તમે એ ભાગ્યશાળી વ્યક્તિ છો જેના હાથમાં હું એક પવિત્ર પુસ્તક વિશ્વ સમક્ષ પ્રગટ કરવા માટે મૂકી રહ્યો છું. કયું પુસ્તક? એ પુસ્તક કે જે શબ્દોની ભુલભુલામણીમાં અટવાતી માનવજાતને સાચો માર્ગ ચીંધે, પણ એ માટે મને કેમ પસંદ કર્યો? તમે જ તે કરી શકવા સક્ષમ છો. કારણ કે તમારી દૃષ્ટિ અને અભિવ્યક્તિમાં સત્યતા છે. તમને માત્ર

હું જ દેખાઉં છું. અને મારા જ શબદને તમે વાચા આપો છો, મારે શું સંદેશો આપવાનો છે? એ જ કે દુનિયા તેનું સ્મિત ગુમાવી ચૂકી છે. 'અહમ્' અને 'મમત્વ'ની મડાગાંઠમાં જાણે કેદ થઇ ચૂકી છે. તમારું વિશ્વ 'અહમ્'નાં કાંટાળા તારને કારણે વાડાબંધી અને જૂથબંધીમાં વહેંચાઇ ગયું છે. માનવજાત વેરણછેરણ થઇને રિબાઇ રહી છે. કલામ! અહમ્‌ને કારણે ઊભા થયેલા આ અવરોધોને દૂર કરવા, આ વાડાઓને તોડવા વિભાજિત સમાજને સંગઠિત કરવા તમે 'પરાત્પર' લખો. (પૃ. ૨૧-૨૨)

આમ, આ આખું પુસ્તક પ્રમુખસ્વામી મહારાજના દિવ્યઆશીષની પ્રસાદી રૂપ છે, એટલું જ નહીં દરેક ધર્મનાં લોકો તેમાંથી 'શુભ થાઓ આ સકલ વિશ્વનું' એવો દિવ્યસંદેશ પ્રાપ્ત કરીને ધન્ય બની શકે એવી તમામ શક્યતાઓ છે.

'પરાત્પર' પુસ્તકની જીવનપ્રસાદી રૂપ ઘણી વાતો બંને યુગપુરુષની વાતોમાંથી વ્યક્ત થાય છે. આ શબ્દપ્રસાદી લઇને વાચકો પણ ધન્ય-ધન્ય બનશે - કાન દઇને- હોઠ ફફડાવ્યા વિના- એકચિત્તે ગ્રહણ કરશે. એ પહેલાં રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને ૨૮ ઓક્ટોબર, ૧૮૦૦ના રોજ દીક્ષા આપી અને સહજાનંદ સ્વામી તરીકે નામાભિધાન કર્યું. એક વર્ષ પછી ૧૬ નવેમ્બર, ૧૮૦૧માં તેમની સંપ્રદાયના વડા તરીકે નિમણૂક કરી. આ પ્રસંગે સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામી પાસે બે વિશિષ્ટ વરદાન માગ્યા હતા તે વાત આપણી શ્રદ્ધાને વધુને વધુ દૃઢ કરતી રહી છે. એ 'વરદા' વાણીને સાંભળીએ-

'જો મારા હરિભક્તને એક વીંછીના ડંખની વેદના સહન કરવાની આવે તો કોટિ કોટિ વીંછીના ડંખની પીડા મારા શરીરના એક એક રૂંવાડાને થજો, પણ મારા હરિભક્તને કોઇ વેદના ન થાય. અને મારા હરિભક્તના ભાગ્યમાં ભિક્ષાપાત્ર લખ્યું હોય તો તે ભિક્ષાપાત્ર, મારા ભાગ્યમાં આવે, જેથી કોઇ પણ કારણસર મારો હરિભક્ત અન્ન અને વસ્ત્રથી વંચિત ન રહે. કૃપા કરી મને આ બે વરદાન આપો.' (પૃ. ૫૦-૫૧) ૩૧ ડિસેમ્બર, ૧૮૦૧ના દિવસે સહજાનંદ સ્વામીએ હરિભક્તોને 'સ્વામિનારાયણમંત્ર', જાપ માટે આપ્યો અને તે દિવસથી તેઓ ભગવાન સ્વામીનારાયણ કહેવાયા. આ બે વરદાનો આજે પણ હરિભક્તોને ખૂબ જ ફળ્યાં છે- ફળે છે. એ વાતની અભિવ્યક્તિ નહીં અનુભૂતિ જ કરી શકાય.

હવે, આપણે આ પુસ્તકની કેટલીક અમૂલ્ય વાતોને સાંભળીએ જુઓ- 'પ્રમુખ સ્વામીજીના પ્રયત્નોને કારણે આજે અનેક માતા-પિતાને સમજાયું છે કે બાળકોનો ઉછેર બુદ્ધિપૂર્વક અને પ્રેમપૂર્વક થવો જોઇએ.' (પૃ.૫૨) ''સાદગી એ જાણે પ્રમુખસ્વામીજીનો મૂળમંત્ર છે, એવું મને દેખાય છે, સાથોસાથ હિંમત, સહિષ્ણુતા, પ્રામાણિકતા અને ધીરજ જેવા સદ્‌ગુણોનો સમન્વય પણ દેખાય છે. લોકો કદાચ યુવાનીમાં સાદગી પર વધુ ધ્યાન આપતા નથી. હજારો વેપારીઓ 'રૂપિયો ખર્ચીને ભૌતિક વસ્તુઓ વસાવવાથી ખુશીઓ મેળવી શકાય છે'- એમ કહીને યુવાનોને ગેરમાર્ગે દોરે છે, હું જ્યારે હજારો યુવાન સ્વયંસેવકોને અક્ષરધામ ખાતે સેવામાં જોડાયેલા જોઉં છું ત્યારે મને સમજાય છે કે અક્ષરધામ એ આજના યુવાનો માટે અતુલ્ય ભેટ છે, જે તેમને ગ્રાહકવાદ, ભૌતિકવાદ અને પલાયનવાદને બદલે વૈકલ્પિક જીવનશૈલી પૂરી પાડે છે.'' (પૃ. ૬૭-૬૮) ''એ દિવસે મેં પ્રમુખસ્વામીજીને પ્રશ્ન કર્યો હતો કે તમે અધ્યાત્મ અને સમાજસેવાને કઇ રીતે સાંકળી શકો છો? પ્રમુખ સ્વામીજીનો જવાબ હતો કે બન્નેને એકમેકથી અલગ કરી જ ન શકાય. સમાજની હૃદયપૂર્વક સેવા કરવાની ઇચ્છા ધરાવતા લોકો આધ્યાત્મિક રીતે શુદ્ધ હોવા જોઇએ. આધ્યાત્મિક રીતે શુદ્ધ હોય એ લોકોએ જ સમાજની સાચી સેવા કરવી જોઇએ. (પૃ. ૭૮)'' - - - - ''પ્રમુખસ્વામીજીએ સમજાવ્યું હતું કે 'અક્ષરધામ ભગવાન સ્વામીનારાયણનું દિવ્ય નિવાસસ્થાન છે, જે સનાતન શાંતિ અને જ્ઞાનોદયનું અવિનાશી મુકામ છે. ' મંદિરની દરેક બાબત, પ્રદર્શન અને વાતાવરણનાં આયોજનો મારી સમક્ષ રજૂ કરવામાં આવ્યાં હતાં. ઝીણવટભર્યા આયોજન અને રચનામાં સમાયેલા સંદેશાઓ વિશે જાણીને હું પ્રભાવિત થયો હતો. મેં પૂછ્યું. ''અક્ષરધામમાં આવતા દરેક મુલાકાતીએ પોતાની સાથે શો સંદેશ લઇ જવો જોઇએ?'' સંતોએ મને નમ્રતાપૂર્વક પ્રતિપ્રશ્ન કર્યો કે તમારા મતે એ એકમાત્ર આવશ્યક સંદેશ કયો હોવો જોઇએ? મેં મલકાઇને જવાબ આપ્યોઃ ''દરેક ભારતીયને પોતે ભારતીય હોવાના ગૌરવનો અનુભવ થવો જોઇએ.'' (પૃ.૮૭) ''જિજ્ઞાસુ પત્રકારને સંતોષ થયો નહીં. તેણે પૂછ્યુંઃ 'મંદિરનું આધ્યાત્મિક મહત્ત્વ શું છે?' પ્રમુખ સ્વામીજીએ સમજાવ્યુંઃ 'દરેક ધર્મ પ્રાર્થના માટેના સ્થળના મહત્ત્વમાં માને છે. જો કોઇ વ્યક્તિ પોતાના હૃદયમાં સંપૂર્ણ શ્રદ્ધા સાથે મંદિરમાં જાય છે, તો તે મનમાં શાંતિ અનુભવશે. ધર્મગ્રંથો જણાવે છે કે પરમેશ્વર પાસે જવાથી, સંતોની પવિત્ર વાણી સાંભળવાથી અને પ્રાર્થના કરવાથી શાંતિ મળે છે.

દરેક ધર્મ પોતાની પરંપરા અનુસાર મંદિરો અને પૂજા માટે ભવ્ય સ્મારક-સ્થળોનું નિર્માણ કરાવે છે. પ્રાર્થનાનાં આ સ્થળો લોકોને પ્રેરિત કરે છે.'' (પૃ. ૧૦૯-૧૧૦) ''શાળાઓ માણસને શિક્ષિત કરી શકે પણ આત્માને કોણ શિક્ષિત કરશે? હોસ્પિટલો તૂટેલાં હાડકાને જોડી શકશે પણ તૂટેલી આશાને કોણ જોડશે? સિનેમા, મનોરંજન સ્થળો અને ડિસ્કોથેક ઇન્દ્રિયોને ઉત્તેજિત કરશે પણ માનસિક શાંતિ મેળવવા માટે વ્યક્તિ ક્યાં જશે? પ્રમુખસ્વામીજીએ વધુમાં સમજાવ્યું કે ''પ્રાર્થનાનાં સ્થળો આત્માની સ્વચ્છતા જાળવી રાખે છે અને તેને રોગગ્રસ્ત બની જતા અટકાવે છે. કેટલાક રોગોને જોઇ શકાતા નથી માત્ર અનુભવી શકાય છે. આપણા ધર્મગ્રંથોએ પ્રાર્થનાનાં સ્થળોને ઔષધિ તરીકે જણાવ્યાં છે. આમ કહેવાનું તાત્પર્ય એ નથી કે શાળાઓ અને હોસ્પિટલોની જરૂર નથી. તે જરૂરી છે જ, પણ પૂજાનાં સ્થળો પણ એટલાં જ આવશ્યક છે. માણસ પાસે શરીર અને આત્મા બંને છે. બે પૈકી એકેયને અવગણી ન શકાય.'' (પૃ.૧૧૦) ''એક વ્યક્તિ ટેક્નોલોજી કે જ્ઞાનના ક્ષેત્રમાં નિપુણ હોઇ શકે છે, પણ તેનાથી તે સારો માણસ બની જતો નથી. માનવતાનું મૂલ્યાંકન નૈતિક માપદંડોને આધારે થાય છે. અને જે કુટુંબો પોતાનાં બાળકોના નૈતિક શિક્ષણ પર ધ્યાન નથી આપતા તે ખરેખર પોતાની મૂળભૂત ફરજ ચૂકી રહ્યા છે. બાળકના નૈતિક શિક્ષણને અતિપવિત્ર ગણવું જોઇએ.'' (પૃ. ૧૩૮) ''બાળક જે સાંભળે છે તેના કરતાં તે જે જુએ છે તેના પર વધુ ધ્યાન આપે છે. બાળકો માનસિક મૂંઝવણ અનુભવે નહીં તે માટે તેઓ જે જુએ અને જે સાંભળે તેની વચ્ચે સુસંગતતા હોવી જોઇએ.'' (પૃ. ૧૩૯) ''પરિવારના સભ્યો વચ્ચે ઊભા થતા મતભેદનું નિવારણ ગૃહિણીએ જ કરવું પડે છે. લોકો ભલે ગમે તેટલા સમજુ અને વિદ્વાન હોય, પણ તેમની વચ્ચે ઘરમાં મતભેદ હોઇ શકે, પિતા અને પુત્ર વચ્ચે, પતિ અને પત્ની, સાસુ અને વહુ તથા ભાઇ અને બહેન વચ્ચે પણ આ મતાંતર હોઇ શકે. લોકો બધું પોતાની રીતે થાય તેમ ઇચ્છતા હોય છે. અને આ જ કૌટુંબિક સંઘર્ષનું મૂળ કારણ છે. માત્ર પ્રેમ જ સંઘર્ષ દૂર કરી શકે. યુવાન અમેરિકન લેખક જોનાથન સેફ્રન ફોઅર પોતાની નવલકથા 'એવરીથિંગ ઇઝ ઇલ્યુમિનેટેડ'માં ખૂબ સુંદર રીતે લખે છેઃ 'એક દિવસ તું મારા માટે એ બધું જ કરીશ જેને તું ધિક્કારે છે, આને જ કુટુંબભાવના કહેવાય છે.' બધા જ ઝઘડા - ખાસ કરીને કૌટુંબિક ઝઘડાઓમાં અહંકાર મુખ્ય ભૂમિકા ભજવે છે. પોતનો વાંક ન હોય તો પણ વ્યક્તિએ ભૂલી જવું અને માફ કરી દેવું જોઇએ. વ્યક્તિએ સ્વસ્થતા કેળવવી જોઇએ- ગંભીરતા, સ્થિરતા અને માનસિક સંતુલન જાળવવું જોઇએ, નહીંતર શાંતિ જળવાય નહીં. પ્રમુખસ્વામીજી કહે છે કે આ પ્રકારની સાચી સમજ જ આનંદ તરફ લઇ જાય છે. જો વ્યક્તિમાં સાચી સમજ હોય તો ગરીબમાં ગરીબ માણસ પણ આનંદ અનુભવે છે, અને તેના અભાવે અમીર વ્યક્તિ પણ બેચેન રહે છે. કૌટુંબિક સમજણ ક્યારે આવે? જ્યારે આખું કુટુંબ સાથે જમે અને સાથે પ્રાર્થના કરે! પ્રમુખસ્વામીજીએ આ સંગાથને 'ઘરસભા'નામ આપ્યું અને તેને તમામ વિવાદોનો ઉકેલ દર્શાવ્યો. તેમણે પોતે ૭,૦૦,૦૦૦ થી વધુ પત્રો વાંચીને જવાબ આપ્યા હોવાના કારણે, પ્રમુખસ્વામીજી અંગત અને કૌટુંબિક પ્રશ્નોની ઊંડી સમજણ ધરાવે છે. એક વખત, પ્રમુખસ્વામીજી હરિભક્તોને પત્રોના ઉત્તર આપતા હતા, જે રોજની જેમ અંગત અને કૌટુંબિક સમસ્યાઓથી ભરપૂર હતા. બાજુમાં બેઠેલા કોઇએ જોયું કે સ્વામીજએ હજી પત્રોનો મોટો ઢગલો વાંચીને તેના ઉત્તરો આપવાના બાકી છે. તેમણે તે ઢગલા પર હાથ મૂકીને પૂછ્યુંઃ 'સ્વામીજી! આ સમસ્યાઓને અટકાવવા અને પત્રોના ઢગલાને ઓછો કરવા માટે શું કરી શકાય?' પ્રમુખ સ્વામીજીએ ખૂબ જ દીર્ઘદૃષ્ટિયુક્ત ઉત્તર આપ્યોઃ 'જો પ્રત્યેક કુટુંબ દરરોજ સાથે બેસે, સાથે જમે અને પ્રાર્થના કરે તો આવી સમસ્યાઓ નહીં સર્જાય.' આ શબ્દોને કારણે બી.એ.પી.એસ. સંસ્થાનોનો એક સૌથી મહત્ત્વનો અને સફળ ઉપક્રમ શરૂ થયોઃ ઘરસભા, આ દૈનિક પારિવારિક મુલાકાતમાં ઘરના સભ્યો સાથે પ્રાર્થના કરે, ધર્મગ્રંથો વાંચે, મૂલ્યોની ચર્ચા કરે અને મતભેદોને શાંતિપૂર્ણ રીતે દૂર કરે. પ્રમુખસ્વામીજીએ પાંચ સિદ્ધાંતો રજૂ કર્યા છે, જે કૌટુંબિક એકતાને પ્રોત્સાહન આપે છેઃ એકબીજાને મળોઃ એકબીજાની પ્રશંસા અને કદર કરો, પરિવારના સભ્યો- ખાસ કરીને બાળકોની આવડત અને સદ્ગુણોને ઓળખો અને પ્રોત્સાહન આપોઃ એકબીજાની મદદ કરો અને બધાથી પર થઇ, માફ કરતાં શીખો. વ્યક્તિએ બીજાને તેમની ભૂલો, ખામીઓ કે કસૂર માટે માફ કરવા જોઇએ. તમે માફી આપો છો ત્યારે તમે ભૂતકાળને તો બદલી શકતા નથી, પણ તમે ભવિષ્ય ચોક્કસપણે બદલી શકો છો. સાચી વાત એ છે કે જ્યાં સુધી તમે જતું નથી કરતા-પોતાને માફ નથી કરતા, સંજોગોને માફ નથી કરતા અને સમજશો નહીં કે વાત પૂરી થઇ ગઇ છે- ત્યાં સુધી તમે આગળ નહીં વધી શકો. તમારા પરિવારને જોડતી સાચી કડી એ લોહીની નહીં પણ એકબીજાનાં

જીવનમાં આદર અને આનંદની છે. આ આધુનિક વિશ્વમાં, એક જ કુટુંબના સભ્યો ભાગ્યે જ એક છત નીચે મોટાં થાય છે. કુટુંબોનું નિર્માણ હૃદયમાં થાય છે. જ્યારે હૃદયમાં રહેલું આ જોડાણ તૂટી જાય છે, ત્યારે કુટુંબ સાવ નકામું થઇ જાય છે. જો તમે આ જોડાણ તોડો તો એ લોકો તમારા કુટુંબમાં રહેતા નથી. જો તમે એ જોડાણ બાંધો છો, તો એ લોકો તમારું જ કુટુંબ છે. અને જો તમે એ જોડાણને ધિક્કારશો તો પણ તે લોકો તમારા કુટુંબનો હિસ્સો જ રહેશે, કારણ કે તમે જે કંઇ ધિક્કારશો એ હંમેશાં તમારી સાથે રહેશે. '' (પૃ. ૧૫૦-૧૫૧) ''એક યુવતીએ આઇન્સ્ટાઇનને પૂછ્યું કે તમે પરમેશ્વરમાં માનો છો? તેના જવાબમાં આઇન્સ્ટાઇને લખ્યું છે કે 'જેઓ વિજ્ઞાનની સંનિષ્ઠ સાધના કરતા હોય તે દરેક વ્યક્તિએ સ્વીકારવું જોઇએ કે સૃષ્ટિના નિયમમાં દિવ્ય તત્ત્વ રહેલું છે આ દિવ્ય તત્વ વ્યાપકરૂપે માણસ કરતાં ચડિયાતું છે.' આ ઉપરાંત, ધર્મ અને વિજ્ઞાન વચ્ચેના સંબંધ અંગે 'યુનિયન થિયોલોજિકલ સેમિનાર'માં યોજાયેલી ચર્ચામાં આઇન્સ્ટાઇને જાહેર કર્યું કે 'આ પરિસ્થિતિને એક તસવીર દ્વારા સમજી શકાયઃ ''ધર્મ વગરનું વિજ્ઞાન પાંગળું છે અને વિજ્ઞાન વિનાનો ધર્મ આંધળો છે.''(પૃ. ૧૭૨) ''સત્યની શોધનો ચોક્કસ અર્થ શો છે? કોઇ વ્યકિત કેવી રીતે સત્યનો સાધક બની શકે? આપણે સૌએ શાંતિ લાવવા માટે એક થવાની જરૂર છે. આને જ આપણે સત્યની શોધ કહી શકીએ. કોઇપણ દૃષ્ટિએ આ કામ સહેલું નહીં હોય. આપણે એટલા લાંબા સમય સુધી અંધકાર અને ભયમાં જીવ્યા છીએ કે અવિશ્વાસ આપણો બીજો સ્વભાવ બની ગયો છે. હિંસા સર્વત્ર છે. ગુના અપેક્ષિત છે, દુષ્ટતા સહન કરી લેવામાં આવે છે, પરંતુ આ બધુ બદલવું જ પડશે. ધીમા, પરંતુ સભાન પ્રયાસથી આપણે જરૂર સત્ય પામીશું. આપણે આપણો ભય ગુમાવી શકીએ છીએ અને આપણામાંની દરેક વ્યક્તિ પોતાની પૂર્ણતાના પ્રકાશમાં આગળ વધી શકે છે. પ્રમુખસ્વામીજીએ આ કાર્ય કર્યું છે અને તેમના શિષ્યો તથા ભક્તો દ્વારા પણ તેમ કરાવી રહ્યા છે. પ્રમુખસ્વામીમાં મને આ અજોડ વિશેષતા જોવા મળી છે અને તે બાબત આપણા શિષ્યત્વ માટેનો પાયો બની છે.'' (પૃ. ૨૪૬-૨૪૭)

આવા તો અનેક અમૂલ્ય અવતરણો અને આશીર્વચનો આ પુસ્તકમાં જોઇ- જાણી ઉતારી શકાય તો સુખમય શાંતિમય જીવન માટે 'અપીલ'તો કરે જ છે. આ પુસ્તક એ પુસ્તક માત્ર નથી પ્રમુખસ્વામી મહારાજે અબ્દુલ કલામજીને મોકલાવેલ દિવ્ય આશીર્વાદ છે- સંદેશ છે. એ રીતે આ પુસ્તક માત્ર ધર્મ કે આધ્યાત્મિક વિષયની ચર્ચા જ નથી કરતું પણ સુખી-શાંત જીવન જીવવા માટેની પ્રેરણા પણ આપે છે.

અબ્દુલ કલામજીના આ પુસ્તકમાં પ્રમુખસ્વામીજી સાથેના અનુભવો, તેમના કાર્યો અંગેનું ચિંતન તથા તેમના સંસર્ગ દરમ્યાન અનુભવેલા રૂપાંતરણનો નોંધવા માટે લખ્યું છે. કહે છે મેં પ્રમુખસ્વામીજીમાં ગુણાતીત સ્વરૂપ મૂર્તિમંત નિહાળ્યું છે. આ પુસ્તકના સમાપન માટે આલ્બર્ટ આઇન્સ્ટાઇનના નીચેના શબ્દોથી વધારે સારા શબ્દો મને મળતા નથી. જુઓ-

''આ પૃથ્વી પર આપણી સ્થિતિ બહુ વિચિત્ર છે. આપણામાંના દરેક અહીં ટૂંકી મુસાફરી માટે આવ્યા છીએ, શા માટે એ આપણે જાણતા નથી, આમ છતાં, ક્યારેક આ મુસાફરી પાછળના દિવ્ય હેતુની પ્રતીતિ થાય છે. જોકે રોજિંદા જીવનનાં બિંદુએથી એક વાત આપણે જાણીએ છીએઃ આપણે અહીં અન્ય લોકો માટે આવ્યા છીએ... સહાનુભૂતિની સંવેદનાથી આપણે જે અગણિત અજાણ્યા આત્માઓ સાથે જોડાયેલા છીએ તેમના માટે આપણે આવ્યા છીએ. દિવસમાં હું ઘણી વાર અનુભવું છું કે મારું આંતરિક અને બાહ્ય જીવન, અન્ય જીવંત અને દિવંગત માનવીઓના પરિશ્રમના આધારે ટકી રહ્યું છે. અને મારે પણ મેં અત્યાર સુધી જે કાંઇ પ્રાપ્ત કર્યું છે અને હજુ પણ હું પ્રાપ્ત કરી રહ્યો છું તેટલા જ પ્રમાણમાં પાછું વાળી આપવા માટે ખંતપૂર્વક પ્રયાસ કરવા જોઇએ.'' (પૃ. ૨૯૨)

'પરાત્પર' પુસ્તકમાં ચિરંતન આશાવાદ બંધાવતાં અબ્દુલ કલામજી કહે છે 'ભારત બધું કરી શકે છે' અને પ્રમુખ સ્વામીમહારાજ જાણે તેને પ્રમાણિત કરતાં કહે છે 'ભગવાન હોય ત્યાં બધું જ શક્ય છે.' (પૃ. ૬૧)
('પરાત્પર' ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ- અરુણ તિવારી સાથે અનુવાદ- અજય ઉમટ, હાર્વર કોલિંસ પબ્લિશર્સ ઇન્ડિયા કિંમતઃ ૨૫૦-)

(ગુજરાતી વિભાગ, ભવન્સ કોલેજ, ડાકોર, મોઃ ૯૪૨૯૪૧૫૩૬૧)

॥ પ્રેરણા ॥

## વિશ્વાસપાત્ર એક જ શબ્દઃ આત્મવિશ્વાસ

**શ્વેતા શરદકુમાર ચૌહાણ**

એક અજોડ આત્મશક્તિ...
મનોમંથન કરાવનાર...
પળે પળનો સાથીદાર...
સાક્ષાત્ હાજરા હજુર...
આત્મ સર્જન કરનાર...
સફળતાના શિખરો સર કરાવનાર...
એક જ શબ્દ- આત્મવિશ્વાસ.

સજીવસૃષ્ટિની ઉત્પત્તિ સાથે જ મનુષ્યને ઈશ્વરની મળેલ ભેટ છે આત્મવિશ્વાસ. જે થકી જ મનુષ્ય ભવસાગર પાર કરી શકે છે. અને તે પણ તેની ઈચ્છા પ્રમાણે. મનુષ્ય થકી જ સમાજનું નિર્માણ થયેલ છે. સમાજના નવનિર્માણ માટે વ્યક્તિત્વ વિકાસ આવશ્યક છે. શિક્ષક સમાજ જીર્ણોદ્ધારક છે. પોતાના વિદ્યાર્થીઓને કેવા બનાવવા એ શિક્ષકના હાથમાં છે. આવનાર નવી પેઢી કે જે દેશનું ભવિષ્ય છે તે આત્મવિશ્વાસુ બને તે અનિવાર્ય છે. વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસ ધરાવનાર બને, આત્મમંથન કરતા થાય તે અનિવાર્ય છે. વિષયના જ્ઞાન સાથે કેળવણી પણ એટલી જ જરૂરી છે. શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીના આત્મવિશ્વાસને જગાડવાનું છે.

બ્રિટનની જલસેના માટે સૈનિકોની ભરતી કરવા માટે એક ઈન્ટરવ્યુ ચાલતો હતો. પસંદગી સમિતિના અધ્યક્ષે એક ઉમેદવારને પૂછ્યું ‘તમે કોઈ જહાજમાં સફર કરી રહ્યા હો અને એકાએક સમુદ્રમાં તોફાન ચડે તો તમે શું કરશો? સાહેબ! હું તરત જ લંગર નાખી દઉં.’ ‘અને જો થોડીવારમાં જ બીજી વાર તોફાન ચડે તો શું કરશો?’ ‘તો હું બીજીવાર લંગર નાખી દઈશ.’ ‘અને જો ફરીવાર તોફાન ચડે તો તમે શું કરશો?’ ‘તો ફરી વાર લંગર નાખી દઈશ.’ નવ યુવાનની આ મક્કમતા જોઈને અધ્યક્ષ હસ્યા અને એમણે છેલ્લે પ્રશ્ન કર્યોઃ ‘નવયુવાન? આટલા બધા લંગર તું ક્યાંથી લાવીશ?’ નવયુવકે વિનમ્રતાથી જવાબ આપ્યોઃ ‘સાહેબ આપ જ્યાંથી આટલા બધા તોફાન લઈ આવશો ત્યાંથી હું પણ આટલા બધાં લંગર લઈ આવીશ.’ એ યુવક હતા માઉન્ટ બેટન.

આ સંપૂર્ણ વાત મનુષ્યના આત્મવિશ્વાસને પ્રાધાન્ય આપે છે. માનવસર્જન હારવા, નાસીપાસ થવા સર્જાયો નથી, તે રાજ કરવા સર્જાયો છે અને આ કાર્ય પાર પાડવા જરૂરી છે આત્મવિશ્વાસ. વિદ્યાર્થીઓને સમજાવવું જરૂરી છે કે આપણા પ્રશ્નોના ઉત્તર આપણી પાસે હોય જ છે. પરંતુ ચિંતાને કારણે એ વિચારની દિશા તરફનું ચિંતન આપણે કરી શકતા નથી. આત્મવિશ્વાસ જીતવા તરફની દિશામાં પ્રયાણ કરવા સતત પ્રેરે છે.

જીવનમાં મુખ્ય શું પ્રાપ્ત કરવું છે તેની સમજ મળે ત્યાર પછી જ આત્મવિશ્વાસ થકી તે દિશામાં કાર્યરત થઈ શકાય છે. આત્મવિશ્વાસની અજોડ શક્તિ મનુષ્યને વિચાર તરફ દોરે છે. ક્યારેક આપણી આવડત પણ આપણને સાથ ન આપે ત્યારે આત્મવિશ્વાસ જ આગળ આવે છે. આત્મવિશ્વાસ ગુમાવનાર વ્યક્તિને જીવનમાં બીજું કશું ગુમાવવાનું રહેતું જ નથી. એ જીવિત - મૃત સમાન જ છે. આત્મવિશ્વાસ તમને હંમેશાં જીવંત રાખે છે.

જીવનમાં સમસ્યાનું હોવું આવશ્યક છે જે થકી જ આત્મમંથન થાય છે. દૂધમાં દહીં, માખણ હાજર જ હોય છે. પરંતુ જ્યાં સુધી દહીં ને વલોવાય નહિ ત્યાં સુધી તેમાં રહેલ માખણ મળતું નથી અને માખણને ગરમ કરવામાં ન આવે ત્યાં સુધી ઘી મળતું નથી. જે દૂધ કરતાં પણ વધુ કિંમતમાં વેચાય છે. મનુષ્યને પોતાનું મૂલ્ય વધારવું હશે તો આત્મવિશ્વાસ અનિવાર્ય છે. તકલીફ, સમસ્યા જ આત્મમંથન પ્રદાન કરે છે અને ત્યારે જ નવસર્જન થાય છે. મનુષ્યના કંઈ જ નહિ થઈ શકેના વિચાર સમયે આત્મવિશ્વાસ થકી જ કંઈક નવું કરવાની આત્મસૂઝ એક ઝબકારાની જેમ પ્રગટ થાય છે; જે ઊર્ધ્વ દિશામાં ગતિ કરાવે છે. તમે જ તમને મદદ કરી શકો છો તમે જ અન્ય કોઈ પણ નહિ. કારણ કે એ લોકો પણ તમારા જેવા જ પ્રશ્નોમાં રોકાયેલા છે. ઘણીવાર તો પ્રશ્ન શું છે? એ પણ સમજાતું નથી.

સ્વજનો, ધર્મગુરુઓ, મિત્રો મારા મતે જો કોઈ મુખ્ય કાર્ય કરતા હોય તો તે તમારો આત્મવિશ્વાસ વધારે છે. અને એ થકી તમેજ તમારા કાર્યો કરો છો જેમાં પ્રથમ તમે નિષ્ફળ રહ્યા હતા. નાનું બાળક ચાલવાનું

શીખે ત્યારે પડી જાય છે, રડે છે અને પાછું હસતું ઊભું થઈ ખુશીથી ચાલે છે. તેની આ સ્થિતિ જોઈને ઘરના સભ્યો કંઈ વધુ વિચારતા નથી. જ્યારે મોટા થઈ કંઈ કાર્ય કરતાં હારી જઈએ કે સફળતા ન મળે તો કેમ રડીએ છીએ અને બેસી રહીએ છીએ? લોકો કેમ હસે છે તેના ઉપર? નાનપણની સહજ વાત મોટા થયા પછી ગંભીર શા માટે બનાવીએ છીએ? પડી જવાય તો કંઈ નહિ ફરી ઊભા થઈ જવાનું. જે ચાલે તે જ પડે બાકી બેઠા રહેનારને તો આવું કશું નડે જ નહિ. તે ફક્ત બીજાને જોતા જ રહી જાય. આપણી આસપાસના વ્યક્તિઓનું નિરીક્ષણ કરીએ તો કામ કરનાર એક કે બે જ હોય બાકી બધા તેમના નિર્ણયો પર પોતાના મંતવ્યો આપનાર જ હોય છે. જેમાંથી કંઈ મળવાનું ન હોય તો આવા માટે કેમ વિચારવું?

વડીલો એટલે જ કહે છે કે 'જ્યારે મને જગત નડે છે, ત્યારે મને મારામાં કશુંક નવું જડે છે.' આ વાત આપણા આત્મવિશ્વાસની તરફ દોરે છે. સમસ્યા નવસર્જનનું પ્રતીક છે. 'કેટલાકને મન રમાડે છે, અને કેટલાક મનને રમાડે છે.' આ વાત પણ નિત્ય વિચારવા જેવી છે. મન હાર માને ત્યારે તેને નકારી કાર્ય કરવું પડે જે આત્મવિશ્વાસ થકી જ થાય જેને કોઈ ખરીદી કે વેચી શકે નહિ. આપણો પોતાનો, પોતાના માટે જ સર્જાયેલ છે આત્મવિશ્વાસ. જે આપણી યાત્રાને યોગ્ય દિશા પ્રદાન કરે છે. ધાર્યું કામ કરવા મદદરૂપ થાય છે. સફળતાની દિશામાં પ્રયાણ કરાવે તે છે પોતાનો જ પોતાના પરનો વિશ્વાસ.

તો ચાલો, આપણે સૌ શિક્ષકો અને વિદ્યાર્થીઓ આત્મમંથનની દિશામાં ગતિ કરી પ્રગતિના પંથે આત્મવિશ્વાસ સાથે આગળ વધી આપણા દેશને સર્વોચ્ચ સ્થાન પ્રદાન કરાવીએ.

(અધ્યાપિકા, બાવીસગામ બી.એડ્. કોલેજ, વલ્લભ વિદ્યાનગર, મો.૯૯૧૩૦૦૯૮૪૬)

**॥ વિદ્યાવૃત્ત ॥**

**સરદાર પટેલ યુનિવર્સિટીની ૫૭મી એથ્લેટીક્સ (ખેલકૂદ) સ્પર્ધામાં ઐતિહાસિક જીત હાંસલ કરી ભાઈઓમાં વ્યક્તિગત ચેમ્પિયનશીપ અને જનરલ ચેમ્પિયનશીપ બનતી વલ્લભ વિદ્યાનગરની વી.પી.-આર.પી.ટી.પી. સાયન્સ કોલેજ.**

હાલમાં જ સરદાર પટેલ યુનિવર્સિટીની ૫૭મી એથ્લેટીક્સ (ખેલકૂદ) સ્પર્ધા બાકરોલ યુનિવર્સિટી મેદાન ખાતે યોજાય ગઈ હતી , જેમાં જુદી જુદી કોલેજના કુલ લગભગ ૪૦૦ એથ્લેટોએ ભાગ લીધો હતો .બે દિવસ ચાલેલી આ સ્પર્ધામાં વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજે ખૂબ જ સુંદર દેખાવ કરીને કોલેજને ઐતિહાસિક જીત હાંસલ કરી ભાઈઓમાં ફાસ્ટરમેન, વ્યક્તિગત ચેમ્પિયનશીપ અને જનરલ ચેમ્પિયનશીપ અપાવી નવો ઈતિહાસ રચ્યો હતો.

આ સ્પર્ધામાં વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજના કુલ ૨૪ ખેલાડીઓઓએ ભાગ લીધો હતો. જેમાં પાર્થ વ્યાસ, દિલીપ વણઝારા, હિરેન પટેલ, અંકિત દુબે, રાધાકિશન ભોઈ, દિવ્યેશ રાઠોડ વગેરે ખેલાડીઓએ ખૂબ જ સુંદર દેખાવ કરીને વિવિધ ઈવેન્ટસમાં નંબર લાવીને પોતાનું ટીમમાં યોગદાન આપ્યું હતું .

પાર્થ વ્યાસ ૧૦૦ મીટર દોડમાં પ્રથમ નંબર લાવીને આણંદ જિલ્લા અને સરદાર પટેલ યુનિવર્સિટીની એથ્લેટીક્સ (ખેલકૂદ) સ્પર્ધાનો ફાસ્ટરમેન બન્યો હતો. જ્યારે રાધાકિશન ભોઈએ લોંગ જમ્પ અને ૪૦૦ મીટર દોડમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરીને વ્યક્તિગત ચેમ્પિયન બનવાનું બહુમાન પ્રાપ્ત કર્યું હતું. આ ઉપરાંત દિલીપ વણઝારાએ સતત ત્રીજી વાર બરછીફેંકમાં અને હિરેન પટેલે સતત ત્રીજી વાર ગોળાફેંકમાં પોતાનો નંબર પ્રાપ્ત કર્યો હતો. આ ઉપરાંત ૪ x ૧૦૦ મીટર રીલે દોડમાં પાર્થ વ્યાસ ,દિલીપ વણઝારા ,રાધાકિશન ભોઈ, દિવ્યેશ રાઠોડે ખૂબ સારો દેખાવ કરીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને ૪ x ૪૦૦ મીટર રીલે દોડમાં પાર્થ વ્યાસ, અંકિત દુબે, રાધાકિશન ભોઈ, દિવ્યેશ રાઠોડે ખૂબ સારો દેખાવ કરીને દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

સરદાર પટેલ યુનિવર્સિટીની ૫૭મી એથ્લેટીક્સ (ખેલકૂદ) સ્પર્ધામાં વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજના ખેલાડી ભાઈઓમાં ફાસ્ટરમેન, વ્યક્તિગત ચેમ્પિયનશીપ અને જનરલ ચેમ્પિયનશીપ અપાવી નવો ઈતિહાસ રચવા બદલ કોલેજના આચાર્યશ્રી ડૉ. ભાવેશ

અનુસંધાન પાન નં. ૨૩ પર

॥ अभ्यास ॥

## साँगः लोकनाट्य की परंपरा

**शीला व्यास**

भारत में सभी प्राचीन कलाओं, विद्याओं और सामाजिक प्रथाओं का जन्म यज्ञ नामक प्राचीनतम संस्थाओं से है। ऋग्वेदकाल में वैदिक संवादों- सूक्तों को अध्यात्म नाटक माना गया है। इस तरह यज्ञ एक महान सामाजिक क्रिया थी, जिस में से गीत, संगीत, नृत्य एवं क्रमशः अभिप्राय का विकास हुआ।

डॉ. कृष्णदेव उपाध्याय ने गीत-नृत्य-अभिनय की त्रिवेणी को प्राचीन नाट्य की जननी माना है। (हिन्दी साहित्य का बृहद् इतिहास, भाग-१६, पृ. १२६)

भारत में सँगीत की मौखिक परंपरा प्राचीनकाल से है। सामवेद में तत्कालीन गीतों और संवादों की रचना शैलियों का संग्रह है। ब्राह्मण ये गीत भावपूर्वक मधुर स्वरों में गाते थे। सुरताल युक्त गायन तथा नृत्य गानय से परिपूर्ण सामाजिक आमोद को संस्कृत में संगीतक कहा गया है। गीत, वाद्य और संवाद का सबसे प्राचीन स्रोत सामवेद है। इस तरह संगीतक का पूर्वरुप 'सामगीतक' जो कालांतर से संगीत और साँग स्वरूप में विकसित हुआ।

पाश्चात्य विद्वान प्रो. हिलब्रेट प्राचीन स्वाँग परंपरा में ही भारतीय नाटक की उत्पत्ति को यथायोग्य ठहराते हैं। संगीतक ऐसा स्वतंत्र कलारूप है, जिस में संगीत और नाट्य का एकरूप नाट्यमय संगीत या संगीतमय नाट्य का सामंजस्य है। लोकनाट्य की यह परंपरा रासलीला, नौटंकी, माच, तमाशा आदि रुपों में प्रतिष्ठित है। भरतमुनि के नाट्यशास्त्र में उद्धृत 'देवासुर-संग्राम' संगीतक का नमूना है, इसका मंचन जन मनोरंजनार्थ किया गया था। वरना, अपनी हार देखकर असुरों को उपद्रव फैलाने का मौका कैसे मिलता?

**शब्दार्थः-**

मध्ययुग से लेकर अब तक लोक नाटकों के लिए पंजाब, हरियाणा, ब्रज और राजस्थान में विभिन्न क्षेत्रिय शब्द : भगत, नौटंकी, रसह, तमाशा, खेल, ख्याल आदि प्रयुक्त हैं। इस लोक नाट्य के सर्जक कलाकार 'साँगीत' शब्द योजने में अधिक गरिमा का अनुभव करते हैं। उससे मिलते मुहावरें 'साँग भरना', 'स्वाँग सजाना', 'स्वांग बनाना', 'रूप भरना' आदि अभिनय के अर्थ में प्रायः हिन्दी प्रदेशों में परंपरित रूप से जन बोली एवं लिखित प्रयोगो में प्रचलित है। लोककथाओं में 'रूपक' तथा 'साँग' पर्यायवाची शब्द है। खडीबोली में 'स्वाँग' का विनियोग है। जो शिष्ट भाषा में मान्य है तो ग्राम्य नाट्यकार या साँगी इसे 'साँगीत' नाम से पुकारते हैं। जो कि स्वाँग का अपभ्रंश साँग ही बनता है। दूसरे अर्थ में स्वाँग शब्द साँगीत शैली के विशिष्ट रूप, हाथरसी, मेरठी एवं हरियाणी साँगों के लिए रुढ हो गया। इस नवीन अर्थ में स्वाँग शब्द ब्रज की भगत, कानपुरी नौटंकी जैसी व्यापक अर्थ में लोकनाट्य की सम्पूर्ण विधा का प्रतिनिधि शब्द है।

**व्याख्याः-**

लोकनाट्य के वे रूप जिन के साथ धार्मिकता जुडी है- रामलीला, रासलीला को स्वाँग नहीं कहा जाता, किन्तु लौकिक कथानकों पर आधारित सभी लोक नाटक स्वाँग है। जो लोक रंगमंचीय विद्या के लिए रुढ हो गया। जिस में पात्र- अभिनेताओं को भी रुप सज्जा करने के बाद स्वाँग ही कहते हैं, वही स्वाँग सजाना कहा जाता है। ऐसे किसी भी एक प्रदर्शन जहाँ जनता को जोडकर किसी कथानक को किसी भी रुप में खेलकर मनोरंजन किया जाय, कोई नकल की जाय वह स्वाँग कहलाता है।

पंद्रहवी शती में लिखे गये 'संगीत दामोदर' में शुभंकर ने कहा है- ''जहाँ पर नारियों द्वारा तालवाद्य की संगति में गीत गाये जाते हैं, वही संगीतक होता है।'' (वही पृ. ९१-९३ के आधार) तो मैथिल कोकिल विद्यापति ने गोरक्षविजय नामक संगीतक के संवादों में संस्कृत-प्राकृत भाषा तथा गीतों में देशीय भाषा का प्रयोग किया है। फलतः आरंभ में संगीत का अभिनय शिष्टवर्ग द्वारा ही किया जाता था। किंतु बाद में प्राकृत जनभाषा का प्रयोग हुआ तो संकेत मिला कि नगरों-

गाँवों में जन साधारण वर्ग आकर्षित हुआ ।

पतंजलि के महाभाष्य एवं पाली साहित्य में क्रमश: संगीतक, समज्जा, समाज शब्दों के संदर्भ प्राप्य हैं। जिन के द्वारा नृत्य गान में सम्मिलित होकर जनमानस अपना आनंद उल्लास प्रकट करता था । इसे भी आगे देखें तो वाल्मीकि रामायण के अयोध्याकांड में समाज शब्द का प्रयोग नाट्य के अर्थ में मिलता है ।

**नाराजङ्कजनपदे प्रदृष्टनटनर्तकाः।**
**उत्सवाश्च समाजश्च वर्धन्ते राष्ट्रवर्धनाः॥**

**प्रारंभः-**

ईसा की चौथी शती में संस्कृत महाकवि एवं नाटककार कालिदास ने 'मालविकाग्निमित्रम्' के प्रथम अंक में स्वाँग शब्द प्रयुक्त किया है । ''ननु स्वाँग सौष्ठवाभिनयमुभयो र्दुष्टवती भगवती ।'' इस में आंगिक अभिनय शैली को स्वाँग और दूसरा सौष्ठव से परिपूर्ण अभिनय कहा गया है। तो 'प्रारेभ्यतां संगीतकम्' वाक्य को संवाद स्वरुप माना गया है। संस्कृत भाषा में लोक कथाओं का संकलन 'कथासरित सागर' में वीणा-वेणु आदि वाद्यों सहित मधुर गीतों में संगीतक ध्वनि का चित्रण किया गया है। तो महाकवि बाण ने 'कादम्बरी' में संगीतक की प्रस्तुति के समय वाद्यों के साथ तालबद्ध नृत्य-अभिनय का परिचय दिया है ।

सातवीं सदी में कवि सम्राट रचित 'नागानन्दम्' एवं हर्ष रचित 'रत्नावली' नाटकों में गृहिणी के साथ संगीतक देखनेवाले पात्रों की बातचीत का उल्लेख है। नौंवी सदी में सिद्ध कण्हप्पा ने योग-साधना के संदर्भ में डोमिनी के साथ स्वाँग रचने का आहवान किया। जिस में सभी पात्रों का अभिनय डोम जाति की नारियों द्वारा गीत-वाद्य के साथ किया जाता है । इस प्रकार स्वाँग शैली हमारे समाज के निम्न वर्गों के साथ जुड गई । साँगीत परम्परा के अन्तर्गत वर्तमान में विद्यमान, नाट्य विधाओं क्रमश: (१) मथुरा, वृन्दावन, आगरा में भगत-रहस नाम से प्रचलित है । (२) हाथरस की स्वाँग परंपरा (३) कानपुर की नौटंकी परंपरा (४) हरियाणा तथा मेशु की साँग परंपरा (५) पंजाब में ख्याल (६) राजस्थान में तुर्शकलगी (७) मालवे में माँच (८) व्रज में भगत और स्वाँग नाम से प्रचलित थे। मूलत: स्वाँग या ख्याल परम्परा के ही स्थानीय परिस्थिति के अनुरूप विकसित विभिन्न कला रूप है ।

**विकासः**

ग्यारहवीं शती में यादव प्रकाश रचित 'वैजयंती' में गीत- नृत्य-वाद्य के साथ अभिनय को संगीतक विशेषता माना गया है । इसी समय में पंजाब के जाट, राजपूत, रंगा नामक जुलाहों ने साथ मिलकर स्वाँग मंडली रची, जो गाँव गाँव घूमकर कथाएँ गाती थीं और जनता का अच्छा मनोरंजन भी करती थी । आगे जा कर इन में से नौटंकी स्वाँग का विकास होता चला ।

बारहवीं- तेरहवीं शती में अपभ्रंश भाषा के कवि अब्दुर रहमान ने 'संदेश रासक' की रचना की । इसी काल में हरियाणा के लोक कवि सादुल्ला ने नाना लोक नाटकों लोकगीतों की रचना करके सांगीत परंपरा को बढावा दिया । डॉ. दशरथ ओझा ने लिखा है; 'स्वाँग' से प्राचीनतर नाटक हिन्दी में नहीं है, हिन्दी नाटक के उद्‌भव-विकास की खोज स्वाँग परंपरा के बिना असंभव लगती है ।' (शोधग्रंथ, हिन्दी नाटक: उद्‌भव और विकास)

चौदहवीं शती में स्वाँग की लोकप्रियता को स्वीकारते हुए संत कबीर ने कहा है-

''कथा होय तहँ स्त्रोता सोवे, वक्ता मूंड पचाया रे ।
होय जहाँ कहि स्वाँग तमाशा, तनिक न नींद सताया रे ।''

'तमाशा' शब्द का व्यवहार आज भी हरियाणा में साँग के अर्थ में होता है। मराठी में 'तमाशा' लोकनाट्य की प्रचलित शैली रही है । लोकरंजन के हेतु कभी स्वाँग को निम्नवर्गों की आजीविका या भिक्षा सहाय का माध्यम मना गया है। मंडली के सदस्यों के लिए घर घर से अनाज, पैसा मांगकर एकत्र किया जाता था । उस समाज साँग का स्वरूप सामाजिक आमोद-प्रमोद, खेल-तमाशों का था जो लोकमंच के जरिये विकसित होता चला ।

पंद्रहवीं शती में गुरु नानक ने ''नटुए साँगु बणाईया बाजी संसार'' पद में सारे संसार को साँग कहा

है । सोलहवीं शती में सूफी संत जायसी के रचित 'पद्मावत' में लिखा है – ''पातुर एक हुति जोगि सुवाँगी । साहि अखारे हुति होहि मांगी ॥'' (गुरु ग्रंथ साहिब, रामू आसा, महला, अष्टपदी, पंक्ति–२२–८)

इस काल में कृष्ण भक्त कवि रसखान ने गोपिकाओं द्वारा श्री कृष्णके गोपाल रुप का स्वाँग भरने की बात की है। सत्रहवीं सदी के उत्तरार्ध में कवि सबलसिंह ने 'प्रबोध चंद्रोदय' नाटक में कई बार स्वाँग का उल्लेख किया है । जैसे कि–'कहूं नृत्यकारी नाचि गावें । कहूं नाटकी स्वाँग दिखावे' ॥

गुरु गोविंदसिंह ने स्वाँगी के द्वारा जीवात्मा की चंचलता का सटीक वर्णन किया है । बहुरुपिया वाले स्वरूप को समजाया है । ''जैसे एक स्वाँग कहं जोगिया बैरागी बने, कबहु संन्यास भेस बनि के दिखाई ।'' पंजाब में ये स्वाँग अत्यंत लोकप्रिय थे ।

**समापनः**

डॉ. सोमनाथ गुप्त ने लिखा है – ''नाच और नकल में उस्ताद लोक मीठी अवाज में गाते हैं, लोग इन्हें भगतबाज कहते हैं । जो कभी मर्द, कभी औरत, कभी बच्चे की नकल करते हैं, कभी संन्यासी, कभी मुसलमान, कभी कश्मीरी का भेस बनाते हैं, तो कभी फिरंगी गुलाम या परी बन जाते हैं ।'' (हिन्दी नाटक साहित्य का इतिहास) ऐसे बहुरुपियों का स्वाँग नकल या भगत कहलाता था। दिल्ली, मथुरा, आगरा के आसपास भगत परंपरा के अखाड़े मिलते हैं। लिखित परंपरा में सबसे पहला स्वाँग 'लक्ष्मी पुराण' नामक चौदहवीं शती में उड़ीसा से प्राप्त है।

सन् १८१९ के आसपास अंबाराम गुजराती द्वारा रचित सांगीत ग्रंथ सहारनपुर से मिला है। पंडित अंबादत्त ने अपनी सारी पूँजी स्वाँग कला को प्रोत्साहित करने में लगाई। बाद में वे खाली हाथ हैदराबाद गया, जहाँ उसकी स्वाँगकला को काफी संरक्षण मिला । (इन्डियन एंटीफेरी– १९१० ई.) सन् १८२७ में अमरोहा निवासी ब्राह्मिन ने 'रूप बसंत' स्वाँग रचा था, जो अभिनय के लिए इसी वर्ष आगरा में खेला गया था। (हाथरस के हिन्दी साँगो का इतिहास और कला, लक्ष्णसिंह– पृ. ४३) इस तरह स्वाँग लोकनाट्य की विकसित परंपरा उत्तर भारत से लेकर दक्षिणी भारतीय प्रदेशों तक प्रभावक प्रस्तुति बनकर उभर आई।

**संदर्भ साहित्यः**


१. लोकनाट्यः उद्भव और विकास, संपाः डॉ. महेन्द्र भानावत
२. प्राचीन भारत के कलात्मक विनोद– डॉ. हजारी प्रसाद द्विवेदी
३. लोकधारा के नए आयाम, डॉ. भीमसिंह मलिक, शांति प्रकाशन, दिल्ली, १९९९
४. नाटक और नाट्य शैलियाँ, दुर्गा दीक्षित
५. माच और भवाई का तुलनात्मक अध्ययन, शोधग्रंथ, डॉ. राजकुमारी व्यास, पार्श्व पब्लिकेशन, अहमदाबाद, २००५
६. साँगीतः एक लोकनाट्य परंपरा, राम नारायण अग्रवाल, प्रकाशक, राजपाल एण्ड सन्स, मथुरा, १९७६



(आर्ट्स कोलेज, बोरसद)



અનુસંધાન પાન નં. ૨૦ પરનું


પટેલે તમામ ખેલાડીઓને CVM મંડળ પર લઈ જઈને તમામ મંત્રીશ્રીઓના આશીર્વાદ લીધા હતા અને ગ્રુપફોટો પાડી ને તમામ ખેલાડીઓએ એક યાદગાર દિવસ બનાવ્યો હતો, સાથે સાથે કોલેજના આચાર્યશ્રી ડૉ. ભાવેશ પટેલે તમામ વિદ્યાર્થીઓ અને સ્ટાફગણની હાજરીમાં કોલેજ કેમ્પસમાં આતશબાજી કરી તમામ ખેલાડીઓને જનરલ ચેમ્પિયનશીપની ખુશીની મહેક આપી હતી અને તમામનું સન્માન કરીને પ્રોત્સાહિત કર્યા હતા અને કોલેજના વાર્ષિક સમારોહમાં વિશેષ સન્માન આપવાની આશા વ્યક્ત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા તથા ગ્રુપ ફોટો પાડી ખેલાડીને અભિનંદન પાઠવ્યા હતા.

વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજના આચાર્યશ્રી ડૉ.ભાવેશ પટેલે તમામ ખેલાડીઓને લાખ લાખ અભિનંદન આપ્યા હતા, અને કોલેજના ફિઝિકલ ડાયરેક્ટર ડૉ જયંતી ચૌહાણને પણ પોતાની નિસ્વાર્થ સેવા બદલ અને ખેલાડીઓને પૂરતું માર્ગદર્શન, કોચિંગ અને ઐતિહાસિક સિદ્ધિ અપાવવા બદલ ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

# The Role of Mass Media In the Promotion of Sport and Physical Education in The Country

P.D. Sharma

The promotion of Sports and Physical Education is no longer a matter of dispute. Their importance has been recognised at international level by all the countries of the world. Today, Sports and Physical Education are considered as international disciplines because they develop international understanding and universal brotherhood. In the presnt politically conflicting times the sport is also considered as one of the major adhesive force for developing world peace.

**Fundamental Human Right**

The improtance of Physical and Sports as a Fundamental Human right has already been recognised by the world body, the United Nations. The 'International Charter of Physical Education and Sports' adopted on 21st November, 1978 by the United Nations Educational, Scientific and Cultural Organization (UNESCO) clearly reflects the great importance attached by the International body to physical education and sports as an integral part of general education. The charter further stresss that the promotion of physical education and sports from pre-school age to old age should be treated as one of the Fundamental Human Rights by the national governments.

**Role of Mass Media**

It is a well-established fact that the mass media can play an effective role in promoting sports, physical education and health consciousness and at the same time inculcating the habit of physical exercise in daily life. Considering the sports and physical education contribution to the all-round development of personality, the backing of the mass media for the proporgaton of games and sports is absolutely indispensible.

The Mass Media can also help in improving sports standards by arranging discussions with knowledgeable persons and experts on the finer points on different aspects of sports and games popularity in the country and at the same time educating the common people about the latest techniques and rules of the games.

**Important Mass Media Agencies**

The important mass media agencies are:

**1. Press:**

It is the most powerful mass media for educating public and creating healthy atmosphere for the games and sports in the country. Newspapers and sports journals through their editorials, news reports and comments can highlight promosing sportsmen and sportswomen of the country and can also see that only such sportsmen and teams are sent abroad which can bring credit to the country and improve the country’s image in the sports world.

**2. Radio and Television:**

The radio and television along with entertainment can also educate the common man through sports news, running commentaries, interviews, excperts from international matches and similar other programmes. The time devoted for the sports on radio and TV is too less i.e. only 1.5% of the total hours of broadcast on national channels and it should be increased. Similarly the time allocated for the sports related programmes they should be equitably distributed amongst different disciplines popular in the country. At present the major portion (more than 50%) of this time is consumed by cricket only.

**3. Sports films and Documentaries:**

The films Division of the information and Broadcasting Ministry does not produce enough number of sports documentaries. For Example, during the span from 1949 to 1972, a total number of 1889 documentaries were produced and released for public by the films division. Out of these only 162 barely 0.854% sports documentaries were produced.

**Modern Concept of Physical Education and Sports**

Modern Physical Education recognizes its responsibility for man's total development i.e. physical, mental, social, emotional and intellectual. Similarly for the young and the old for boys and girls and for men and women. They offer an opportunity for all to obtain exercise, fun and relaxation. Thus many times it is said that "play is nature's hand on the back of the child pushing him to educate himself" or "The skill-learning years are the great golden decade." or "to move is to learn and to lean is to move", and so forth. Further, through physical education and sports the teacher has an opportunity to nurture healthy, happiness, character and the democratic spirit and thus enrich the lives of children. Hence, the promotion of the sports and physical education is the moral and social responsibility of each nation.

**Suggestions:-**

In last, I will conclude my article by depicting following suggestions to promote physical education and sports in our country:

1. As a first stop, it is essential to correct the imbalance between cricket news and rest of sports news particularly Indian games like Kabadi, Kho-Kho, Wrestiling, etc., by devoting more space to the latter.
2. The radio and TV should recognize sports and physical education as a major subject of broadcast, and should devote more time for all major sports events, Indian or foreign.
3. Efforts should be made to encourage the growth of sports periodicals in regional languages, so that, sports may reach to grassroots level.
4. Central and state governments should have their independent sports periodicals. At present, no such periodical is published by the central government or the state governments.
5. Mass Media should popularize the programmes like "Run for Health", "Sports for Health" and "Sports for All", so to develop sports and health consciousness in common man.
6. The films division of the Information and Broadcasting ministry which produces documentary films on various subjects of national interest should earnmark about 10 to 15 percent of its funds for producing films and documentaries on sports and physical education.
7. A part from the films produced by the film Division of India, the National Institute of Sports, Patiala and Lakshmibai National Institute of Physical Education, Gwalior should start' Film Distributing Centre', so as to distribute films on physical education, sports and games both for training and entertainment purposes.
8. Sports is also one of the factors solidifying national integration and developing national character, which are the most urgent needs of the present day in Indian society. So, sports and physical Education should form an integral part of life- long education in the overall educational system of our country.
9. Finally we should keep in mind that "Physical Education and sports can help to promote a happier and a more peaceful world by instilling a spirit of fair play in every child, helping in the development of healthy and physically fit individuals, developing an understanding of the worthy use of leisure time, fostering social equality, furthering democratic procedures, promoting the belief in the dignity of man, and developing an appreciation of the simpler things, as against the collection of great possessions and material wealth."

(B-1, Swiss Avenu Patel Colony, Opp. Manekbaug Hall, Ambavadi, Ahmedabad-380015, 9898870840)

**॥ સાહિત્ય વૃત્ત ॥**

ગુજરાતી સાહિત્ય પરિષદ ગુજરાતી વાચકોની સાહિત્યપ્રીતિ અને રસરુચિ કેળવવાના હેતુસર પ્રતિવર્ષ સર્જાતા સાહિત્ય માંથી શ્રેષ્ઠ સંપાદનો પ્રગટ કરે છે. વર્ષ ૨૦૧૮ની શ્રેષ્ઠ કવિતાનું સંપાદન વરિષ્ઠ કવિ શ્રી જયંતભાઇ ઓઝાને સોંપાયું છે. પરિષદની આ ‘કવિતાચયન’ શ્રેણી સંદર્ભગ્રંથની દૃષ્ટિએ પણ શ્રદ્ધેય છે. વર્ષ દરમિયાન સામયિકોમાં પ્રગટ થયેલી આપણી ભાષાની મૌલિક કાવ્યકૃતિઓના ચયનથી ગુજરાતી કવિતાની સાચી અને શ્રદ્ધેય મુદ્રા પ્રગટે છે. કવિતાચયન માટે ગુજરાતી સાહિત્યનાં ખૂબ જાણીતાં પરબ, શબ્દસૃષ્ટિ, નવનીત-સમર્પણ, કુમાર, કવિલોક, કવિતા, શબ્દસર, ગઝલવિશ્વ, તથાપિ, સમીપે, ધબક, હયાતી, દલિત ચેતના, અખંદઆનંદ જેવાં સામયિકો તેમજ મહત્ત્વના દીપોત્સવીના અંકોમાંથી ઉત્તમ કાવ્યોનું ચયન કરવાનું હોય છે.

કવિશ્રી જયંત ઓઝા વ્યવસાયે બેંકર રહ્યા પણ મૂળ તો કવિ જીવ. ગુજરાતી ગીત-ગઝલ પર તેમની સારી હથોટી છે. તેમની પાસેથી ‘આભાસ’ નામે એક કાવ્યસંગ્રહ મળે છે. તેઓશ્રીએ સરદાર વલ્લભભાઇ પટેલ અને વીર વિઠ્ઠલભાઇ પટેલ મેમોરિયલ, કરમસદના પૂર્વ નિયામક તરીકે પ્રશંસનીય સેવા આપી છે. ‘વિ-વિદ્યાનગર’સામયિકના સંપાદક મંડળમાં છેલ્લા બારેક વર્ષથી સેવારત રહી, સામયિકના ‘કાવ્યવિભાગ’નું સંપાદન તેઓ કરી રહ્યા છે. કાવ્યમર્મી એવા શ્રી જયંતભાઇ ઓઝા પાસેથી ૨૦૧૮ની કવિતાનું શ્રેષ્ઠ સંપાદન આપણને સાંપડશે એવી શ્રદ્ધા છે.

॥ જ્ઞાન-વિજ્ઞાન ॥

# ભારતમાં આધુનિક વિજ્ઞાનના વિકાસમાં ગુજરાતનું યોગદાન

**કમલનયન ન. જોષીપુરા**

ફેબ્રુઆરી માસની ૨૮મી તારીખ ભારતભરમાં રાષ્ટ્રીય વિજ્ઞાનદિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે અથવા તેની આસપાસ શાળા કોલેજોમાં વિજ્ઞાનલક્ષી કાર્યક્રમો તો યોજાય છે, પરંતુ તેની સાથે આપણા દેશમાં વિજ્ઞાનની પ્રગતિ વિશે ચિંતન કરવાનો એક અવસર પણ પ્રાપ્ત થાય છે. તે અનુસાર ભારતમાં વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં જે વિકાસ થયો છે તેમાં ગુજરાતના પ્રદાન વિષેનો એક ચિતાર આપવા અહીં પ્રયત્ન કરેલ છે. આપણી વાતનો આરંભ કરીએ ભારતની આઝાદીના એકાદ વર્ષ પૂર્વે મધ્ય ગુજરાતમાં સ્થપાયેલી ત્રણેક સંસ્થાઓથી કે જે આગળ ઉપર સ્વતંત્ર ભારતમાં વિજ્ઞાન શિક્ષણ- સંશોધન અને એક વિશેષ ટેક્નોલોજીકલ ક્રાંતિના આરંભમાં પાયારૂપ બની. ૧૯૪૬ના લગભગ એકાદ વર્ષના ગાળામાં પ્રથમ વલ્લભ વિદ્યાનગરની સ્થાપના થઇ તો બીજી બાજુ ખેતીવાડી કોલેજ (બી.એ. કોલેજ ઓફ એગ્રિકલ્ચર) અને ત્રીજા પરિણામરૂપે અમુલ ડેરીની નાનકડી શરૂઆત થઇ. અમુલ ડેરી હવે ભારતમાં શ્વેત ક્રાંતિની જનેતા તરીકે જાણીતી બનેલ છે.

અહીં મુખ્યત્વે વાત કરીએ વિજ્ઞાનના વિષયોની કે જેમાં ગણિતને પણ આવરી લેવામાં આવે છે. અત્રે ગણિતનો વિશેષ ઉલ્લેખ કરવાનું એક કારણ એ છે કે, ૨૦૧૭-૧૮નું વર્ષ પ્રસિદ્ધ ગણિતીની અને શિક્ષણકાર પ્રો.પી.સી. વૈદ્યનું જન્મશતાબ્દિ વર્ષ છે. તેઓ પોતાનાં વ્યાપક સાપેક્ષવાદ (જનરલ રીલેટીવીટી) અંગેના સંશોધનોથી દુનિયાભરમાં પ્રસિદ્ધ થયા હતા. તેઓનું મૂળ સંશોધન આઝાદી પૂર્વેના થોડાં વર્ષોમાં આરંભાયેલું. આમ જોઇએ તો આપણા દેશમાં વૈજ્ઞાનિક સંશોધનો તેમજ વિકાસનો એક તબ્બો ઘડાયો ૧૯૨૦-૩૦ના દસકામાં, કે જે ભારતમાં આધુનિક વિજ્ઞાનના વિકાસ માટે એક સોનેરી દાયકો સાબિત થયો. ૧૯૨૮માં થયેલ પ્રાયોગિક શોધ માટે પ્રો.સી.વી. રામનને ૧૯૩૦માં નોબેલ પારિતોષિક મળ્યું, તો સાથોસાથ પ્રો. મેઘનાદ સહા અને પ્રો.એસ. એન. બોઝની સૈદ્ધાંતિક શોધો જગપ્રસિદ્ધ બની. પ્રો. રામને આપણા દેશમાં જ રહીને બેંગલોર ખાતે વૈજ્ઞાનિક સંશોધનો ચાલુ રાખવા ઉપરાંત કેટલાક યુવા વિજ્ઞાનીઓને પણ તૈયાર કર્યા, જેમાં ડૉ. હોમી ભાભા અને ડૉ. વિક્રમ સારાભાઇનો સમાવેશ થાય છે. ડૉ. વિક્રમ સારાભાઇએ કોલેજ કક્ષાનું વિજ્ઞાન શિક્ષણ અમદાવાદની ગુજરાત કોલેજમાં મેળવેલ કે જ્યાં ત્યાર પછીથી પ્રો. વાય. જી. નાયકના વડપણ હેઠળ ભૌતિક વિજ્ઞાનનાં સંશોધનો થતાં રહેતાં. ગુજરાતમાં યુનિવર્સિટીઓની સ્થાપના થઇ તે અગાઉ કોલેજોમાં વિજ્ઞાન શિક્ષણની સાથોસાથ સંશોધનનો પણ એક શિરસ્તો રહ્યો હતો. વિક્રમ સારાભાઇએ ધાર્યું હોત તો તેઓ ઇંગ્લેન્ડમાં જ રહીને વિશ્વકક્ષાના સંશોધનો ચાલુ રાખી શક્યા હોત, પરંતુ તેઓએ અમદાવાદમાં સ્થાયી થઇને કાર્ય કરવાનો નિર્ધાર કર્યો. આર્ષદૃષ્ટા વિક્રમભાઇએ ૧૯૪૮ના અરસામાં અમદાવાદની એમ.જી. સાયન્સ કોલેજના એક નાના ઓરડામાં કોસ્મિક કિરણો સંબંધી શોધખોળો હાથ ધરી. આગળ ઉપર આ બીજ એક વટવૃક્ષમાં પરિણમ્યું અને અમદાવાદમાં ફિઝિકલ રિસર્સ લેબોરેટરી (પી.આર.એલ.)ની સ્થાપના થઇ. આજે તો તે સંસ્થા માત્ર ભારતમાં જ નહીં પણ આખી દુનિયામાં ખૂબ જાણીતી છે. આરંભ બાદના સમયમાં આ સ્થળે પ્રો.સુધીર પંડ્યાના નેતૃત્વમાં ન્યુક્લિયર ફિઝિક્સ અંગેના સંશોધનોનું કામ હાથ ધરવામાં આવ્યું. આ સંસ્થામાંથી તૈયાર થયેલા સંશોધકો- અધ્યાપકોનો લાભ ગુજરાતને તેમજ ભારતભરને મળવા લાગ્યો.

આપણા રાજ્યમાં દરિયાકાંઠાના વિસ્તારમાં દરિયાઇ રસાયણો સંબંધી શોધખોળ શરૂ થાય તે હેતુસર ૧૯૫૪માં ભાવનગરમાં સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરીન કેમિકલ્સ રિસર્ચ ઇંસ્ટિટ્યૂટ (સીએસએમસીઆરઆઇ) શરૂ થઇ, જેની સ્થાપના માટે તે સમયની સૌરાષ્ટ્ર રાજ્યની સરકારે ખૂબ ઉપયોગી પહેલ કરી હતી. 'સોલ્ટ ઇન્સ્ટિટ્યૂટ' તરીકે જાણીતી આ સંસ્થા અત્યારે કાઉન્સીલ ઓફ સાયન્ટીફીક એન્ડ ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચ- સીએસઆઇઆર હેઠળની એક મહત્ત્વની રાષ્ટ્રીય પ્રયોગશાળા છે. આ સંસ્થામાં અન્ય રાસાયણિક સંશોધનો ઉપરાંત દરિયાના પાણીને મોટે પાયે ક્ષારમુક્ત કેરી ચોખ્ખું પાણી મેળવવાની ટેક્નોલોજી પણ વિકસાવવામાં આવેલ છે.

૧૯૬૦ના દાયકાના પ્રારંભથી સમયનાં નવાં વહેણોને પારખીને ડૉ. વિક્રમ સારાભાઇએ પી.આર. એલ.માં અવકાશ (અંતરિક્ષ) સંશોધન અંગેની કામગીરી હાથ ધરી અને આ સંબંધે રોકેટ પ્રક્ષેપણ માટે વૈજ્ઞાનિક કારણોસર કેરાલાનું થુંબા નામનું સ્થળ પસંદ કરવામાં આવ્યું. ભારતીય અંતરિક્ષ વિજ્ઞાન કાર્યક્રમોનું પારણું બંધાયું અમદાવાદમાં આર.એલ. ખાતે, અને આજે જેને ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન- ઇસરો કહે છે તેની સ્થાપના ૧૯૭૦માં થઇ. ડૉ. વિક્રમભાઇએ, આજની ભાષામાં જેને સ્ટાર્ટ-અપ કહીએ એ પ્રકારનું અંતરિક્ષ વિજ્ઞાન અને ટેક્નોલોજી અભિયાન હાથ ધર્યું. કમનસીબે ૧૯૭૧માં તેઓનું અવસાન થયું પરંતુ આજે તેમનાં વૈજ્ઞાનિક સ્વપ્નો સાકાર થઇ રહ્યાં છે અને આપણે ડૉ. વિક્રમભાઇ સારાભાઇને ભારતીય આંતરિક્ષી કાર્યક્રમોના પિતામહ તરીકે ઓળખાવીએ છીએ. તેઓએ રોકેટ લોંચિંગના કાર્યક્રમો હાથ ધરવા ઉપરાંત તેજસ્વી વિજ્ઞાનીઓને પણ તૈયાર કર્યા અને આમ આપણા દેશને ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ, ડૉ. યુ.આર. રાવ અને અન્ય અંતરિક્ષ વિજ્ઞાનીઓ પ્રાપ્ત થયા. આ તમામ વિજ્ઞાનીઓએ ઇસરોને વિશ્વની એક સર્વ શ્રેષ્ઠ અંતરિક્ષ વિજ્ઞાન સંસ્થા બનાવવામાં ખૂબ ચાવીરૂપ ભૂમિકા ભજવી છે. ભારતમાં વિજ્ઞાનના વિકાસમાં ગુજરાતનો ફાળો હજુ આજે પણ ખૂબ મહત્ત્વનો રહ્યો છે. અંતરિક્ષમાં તરતા મૂકવામાં આવતા ઉપગ્રહોમાં વૈજ્ઞાનિક સંશોધનના જે સાધનો ગોઠવવામાં આવે છે તેને Payload કહે છે. ઉપગ્રહ સફળતાપૂર્વક અવકાશમાં તરતો મૂકવો અને તેની કામગીરી પૂરતા સમય સુધી ચાલુ રહે તેવું આયોજન કરવું એ અભિયાનના ટેક્નોલોજીકલ હેતુઓ છે, જ્યારે ઉપગ્રહ દ્વારા અવલોકનો તેમજ વૈજ્ઞાનિક મહિતી (data)એકત્ર કરી ધરતી પર રહેલ સ્ટેશનને પહોંચાડવાનું કામ તેના વૈજ્ઞાનિક હેતુમાં મુખ્ય છે. ૨૦૦૮માં આપણા ચંદ્રયાન-૧ અને ૨૦૧૩માં મંગળયાન (MOM)નાં વૈજ્ઞાનિક ઉપકરણોની સંકલ્પના તેમજ આયોજનમાં પીઆરએલના વિજ્ઞાનીઓ ઉપરાંત અમદાવાદના અંતરિક્ષ ઉપયોગ કેન્દ્ર (Space Applications Center, SAC)ના વિજ્ઞાનીઓએ પણ મહત્ત્વનું યોગદાન આપેલ.

આપણને જાણીને આનંદ થાય કે, મંગળયાનના કેટલાક કલપૂર્જાઓ આપણા ગુજરાતના જ કેટલાક જાણકાર ઇજનેરોએ તૈયાર કરીને ઇસરોને પૂરા પાડ્યા હતા.

અમદાવાદ એ આખા દેશમાં જાણીતી ગુજરાતની વિજ્ઞાન રાજધાની છે. પૃથ્વીની આસપાસ ઘૂમતા ઉપગ્રહોની ભાળ મેળવતા રહીને સંદેશાની આપ-લે કરવા માટેનું એક કેન્દ્ર ૧૯૬૬માં અહીં શરૂ થયું, અને ૧૯૭૨માં ઇસરોના એક મહત્ત્વના અંગ તરીકે અંતરિક્ષ ઉપયોગ કેન્દ્ર (SAC)નો આરંભ થયો. અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલોજીની વિવિધ કામગીરીઓ માટે જાણીતાં આ કેન્દ્રમાં એક વિશેષ કામગીરી પણ હાથ ધરવામાં આવી હતી કે જે આધુનિક ગુજરાતના ઇતિહાસમાં પણ એક સીમાચિહ્ન બનેલ છે. ૧૯૭૫માં નાસા-યુએસએ અને ઇસરોના સંયુક્ત ઉપક્રમે Satellite Insructional Television Experiment (SITE) નામનો એક મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો, જેનો હેતુ  ગુજરાત અને અન્ય કેટલાંક રાજ્યોમાં ઉપગ્રહોની મદદથી સંચાર વ્યવસ્થા ઊભી કરીને સામાજિક-આર્થિક પ્રગતિની દિશામાં આગે કદમ માંડવાનો હતો. અમેરિકન ATS ઉપગ્રહની મદદથી આ કામગીરી પાર પાડવા માટે ખેડા જિલ્લાના પીજ ગામે એક નાનકડું ટીવી મથક સ્થાપવામાં આવ્યું. અને આમ આપણા રાજ્યે ટેલિવિઝન આધારિત માહિતી અને મનોરંજનના એક નવા યુગમાં પ્રવેશ કર્યો. યાદ રહે એ જમાનો હતો બ્લેક એન્ડ વ્હાઇટ જૂની ઘરેડના ટેલિવિઝનનો … આ પ્રોજેક્ટ હેઠળ કૃષિ અને પશુપાલન વિષેની વૈજ્ઞાનિક માહિતી રજૂ કરવામાં આવતી તો સાથોસાથ નાટકો અને મનોરંજન કાર્યક્રમો પણ પ્રસારિત થતા હતા.

અમદાવાદની SAC સંસ્થામાં કેટલાયે ગુજરાતી વિજ્ઞાનીઓએ અગત્યની કામગીરીઓ બજાવેલ છે. આ સંસ્થામાં એક એવું સંશોધન ચાલી રહેલ છે કે જેમાં પૃથ્વીના ધ્રુવ પ્રદેશોનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવે છે અને તે માટે ખાસ કરીને દક્ષિણ ધ્રુવના એન્ટાર્કટિકા પ્રદેશમાં સંશોધન મથકો પણ ઊભા કરવામાં આવેલ છે. આ સંસ્થાના એક ગુજરાતી વિજ્ઞાનીએ એન્ટાર્કટિકા ઉપરાંત ઉત્તરધ્રુવના આર્કટિક પ્રદેશમાં પણ વૈજ્ઞાનિક સાહસયાત્રા (Scientific Expedition) કરીને એક નવો વિક્રમ સ્થાપ્યો છે. વધુમાં ઉમેરીએ કે આ સંસ્થાની બે ગુજરાતી મહિલા વિજ્ઞાનીઓએ ૨૦૧૬માં એન્ટાર્ટિકાની વૈજ્ઞાનિકયાત્રા કરીને એક વિક્રમ સ્થાપ્યો છે. વ્યાપકપણે કહીએ તો સૅક-ઇસરોની કામગીરીનો મુખ્ય હેતુ ઉપગ્રહો દ્વારા તેમજ અન્ય રીતે

જનસામાન્યને ઉપયોગી એવી ટેક્નોલોજી વિકસાવવાનો છે. આ અંગે વિશેષ ઉલ્લેખ કરીએ તો જેને દૂરસંવેદન કહે છે, તેમાં કુદરતી સંસાધનોનું સર્વેક્ષણ તેમજ ખેતરોના પાકો પરની દેખરેખ વગેરેનો સમાવેશ થાય છે. વધુમાં આ સંસ્થાના વિજ્ઞાનીઓ હવામાનશાસ્ત્ર, સમુદ્રવિજ્ઞાન અને પર્યાવરણ સંબંધે શોધખોળોમાં પણ અગ્રેસર રહે છે.

અમદાવાદમાં પીઆરએલ અને (SAC) ઉપરાંત ત્રીજી વિજ્ઞાન સંસ્થા છે, ઇન્સ્ટિટ્યૂટ ફોર પ્લાઝમા રિસર્ચ (આઈપીઆર) જેનો જન્મ પણ ૧૯૮૬ના અરસામાં પીઆરએલમાંથી થયો હતો. પ્લાઝમા એ દ્રવ્યનું ચોથું સ્વરૂપ ગણાય છે, અને તે કુદરતમાં, ખગોળીય પદાર્થોમાં અને પ્રયોગશાળામાં મળી આવે છે. પ્લાઝમા અવસ્થાના મૂળભૂત સંશોધનો ઉપરાંત અહીં તેને લગતા ટેક્નોલોજીકલ તેમજ ઔદ્યોગિક ઉપયોગો અંગે સંશોધનો થતાં રહે છે. જગતના સાત દેશોમાં આજકાલ ઇન્ટરનેશનલ થર્મોન્યુક્લિયર એક્સપેરીમેન્ટલ રીએક્ટર (ITER)નામનો એક અતિ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ ચાલી રહ્યો છે, જેનો હેતુ પ્લાઝમા પ્રણાલી દ્વારા ન્યુક્લિયર ફ્યુઝનની પ્રક્રિયા મારફત ઊર્જા મેળવવાનો છે. આ આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટમાં આઈપીઆર સંસ્થા મારફત ભારત પણ જોડાયેલ છે. જે પ્રકારે કુદરતી રીતે સૂર્યના ગર્ભમાં ઊર્જા ઉત્પન્ન થતી રહે છે કંઇક તેવી રીતે પ્રયોગશાળામાં ન્યુક્લિયર ફ્યુઝનથી ઊર્જા ઉત્પન્ન કરવાનું એક સ્વપ્ન વર્ષોથી વિજ્ઞાનીઓ સેવી રહ્યા છે અને હજુ પણ તે સાકાર થવામાં સમય લાગે તેમ છે. આઈપીઆરના નેજા હેઠળ, ફેસીલીટેશન સેન્ટર ફોર ઈન્ડસ્ટ્રીયલ પ્લાઝમા ટેક્નોલોજી (FCIPT) નામની ગાંધીનગર ખાતે આવેલી સંસ્થા અન્ય એક મહત્ત્વની દિશામાં કામગીરી કરે છે. અહીં પ્લાઝમા ટેક્નલોજીનો આધાર લઇને વિશેષ દ્રવ્યોની રચના કરવાનું તેમજ પર્યાવરણની જાળવણી માટે નક્કર ઉપાયો યોજવાનું કાર્ય થઇ રહેલ છે.

આમ તો સૂરજની ઊર્જા અખૂટપણે આપણને મળતી રહે છે અને તે બાબતમાં ભારત એક ભાગ્યશાળી દેશ છે. સૌર ઊર્જાને વિદ્યુત ઊર્જામાં રૂપાંતરિત કરવાનું વિજ્ઞાન સહેલું છે પણ તેમાં સવાલો ટેક્નોલોજીકલ પ્રકારના હોય છે. મકાનની અગાશી ઉપર કે છાપરાં પર સોલર પેનલો લગાવીને વિજળી ઉત્પન્ન કરવાની બાબતમાં સમગ્ર દેશમાં જાગરૂકતા આવેલ જણાય છે, અને તેમાં ગુજરાત અગ્રેસર છે. ઊર્જા, પર્યાવરણ અને અન્ય ક્ષેત્રોમાં યશસ્વી કામગીરી માટે વલ્લભ વિદ્યાનગરના ટેકનોક્રેટ, શ્રીલાલ (રાજુ) જહાને ગુજરાત રાજ્યનો વિક્રમ સારાભાઇ એવોર્ડ તેમજ રાષ્ટ્રપતિ (તત્કાલીન) ડૉ. એ.પી.જે. અબ્દુલકલામને હસ્તે એક પારિતોષિક પ્રાપ્ત થયેલ છે.

ગુજરાતના એક અનોખા ગૌરવનો ઉલ્લેખ કરીએ તો ૧૯૭૧ના અરસામાં ફિઝિક્સમાં બી.એસસી. થઇને એક પ્રતિભાવંત વિદ્યાર્થી વધુ અભ્યાસાર્થે અમેરિકા ગયો અને પીએચ.ડી. બાદ તેણે જીવવિજ્ઞાનના ક્ષેત્રમાં ઉચ્ચ કક્ષાની શોધખોળો શરૂ કરી. એ તેજસ્વી વિદ્યાર્થી કોણ, કે જેને ૨૦૦૯ની સાલમાં રસાયણશાસ્ત્રના વિષયમાં નોબેલ પારિતોષિક મળ્યું?! હા, એ પ્રતિભાવંત વિજ્ઞાનીનું નામ પ્રો.વેંકટ રામન રામક્રિશ્નન જેને વડોદરાના વર્તુળોમાં 'વેંકી' કહે છે. નોબેલ વિજેતા વેંકી આજે પણ મ.સ. યુનિવર્સિટીના તેના શિક્ષકોને સાદર યાદ કરે છે. ગુજરાતભરની યુનિવર્સિટીઓમાં આ એક બહુ મોટી સિદ્ધિ ગણાય. ૧૯૯૦ના અરસામાં નવાસવા શરૂ થયેલ ભાવનગર યુનિવર્સિટીના ભૌતિકશાસ્ત્ર વિભાગે Ferro-Fluidsના ક્ષેત્રમાં સંશોધન દ્વારા દુનિયામાં નામના મેળવી, એટલું જ નહીં પણ સ્થાનિક ઉદ્યોગો સાથે મળીને સંશોધન અને વિકાસ (આર એન્ડ ડી)ની બાબતમાં નક્કર સિદ્ધિ હાંસલ કરી. યુનિવર્સિટીઓ અને ઔદ્યોગિક એકમો વચ્ચે પરદેશોમાં જે મજબૂત સહકાર અને આદાન-પ્રદાન જોવા મળે છે. તેવું આપણા રાજ્ય કે દેશમાં ખાસ જોવા મળતું નથી. કોલેજ-યુનિવર્સિટી કક્ષાએ સંશોધનની ગુણવત્તાના કેટલાક માપદંડો હોય છે; જેમાં મુખ્ય છે, ઉચ્ચકક્ષાના સંશોધન જર્નલોમાં પ્રકાશન અને દેશના તેમજ વિદેશના વિજ્ઞાનીઓ સાથે સંશોધન સહકાર. આ દિશામાં સરદાર પટેલ યુનિવર્સિટીના કેટલાક વિભાગોમાં સંશોધકોએ કોલેજના અધ્યાપકો સાથે મળીને સારી કામગીરી કરી બતાવેલ છે.

તો આ હતી આપણા દેશમાં વિજ્ઞાનના વિકાસમાં ગુજરાતના યોગદાનની એક ઝલક, જેમાં શક્ય છે કે,કોઇ બાબત રહી જવા પણ પામી હોય. કદાચ આ વિષયમાં વિગતવાર અહેવાલ પણ તૈયાર થઇ શકે અને છેલ્લે....

**तुम भूल न जाओ ईनको, ईसलिये कही ये कहानी...!**

(નિવૃત્ત, પ્રોફેસર, ભૌતિકશાસ્ત્ર વિભાગ, સ.પ. યુનિવર્સિટી, ૪,
પુનીત પાર્ક સોસાયટી, આણંદ - વિદ્યાનગર રોડ, આણંદ)

# ઉપવેશન સંસ્કાર- વૈજ્ઞાનિક દૃષ્ટિએ

**વૈદ્ય સાગર એમ ભીંડે**

ભારતીય સંસ્કૃતિમાં, વ્યક્તિના જીવનને વિવિધ સંસ્કારો દ્વારા વણી લેવામાં આવ્યું છે. અહીં સંસ્કાર એટલે જીવનના એક તબક્કામાંથી બીજા તબક્કામાં પ્રવેશ કરતી વખતે કરવામાં આવતી ધાર્મિક વિધિ. પરંતુ ઊંડાણપૂર્વક જોઇએ તો આ વિધિ ફક્ત ધાર્મિક જ નહિ, પરંતુ સામાજિક ઘડતરમાં, માનસિક ઘડતરમાં વૈદ્યકીય મહત્ત્વ પણ ધરાવે છે.

આ સંસ્કારોમાંથી બાલ્યાવસ્થામાં કરાતા એક સંસ્કાર- કર્ણવેધન સંસ્કારને આગળના લેખમાં વૈજ્ઞાનિક દૃષ્ટિએ જોયા પછી હવે આ અંકમાં 'ઉપવેશન સંસ્કાર' વિશે ચર્ચા કરીશું.

ઉપવેશન એટલે બાળકોને ધરતી પર બેસતું કરવું.

બાળકના વૃદ્ધિ વિકાસ તરફ નજર કરીએ તો આપણે સમજી શકીશું કે માથું સીધું રાખવું (Neck Holding), બેસતાં શીખવું (Sitting), ભાંખોડિયાભેર ચાલવું (Crawling and Creeping), ઊભા રહેવું (Standing), ચાલવું (Walking), દોડવું (Running) વગેરે જેવા Milestone માંથી ફક્ત એક જ Milstone એવું છે જેમાં બાળકને થોડા ઘણા પ્રમાણમાં સહાયની જરૂર પડે છે અને એ છે બેસતાં શીખવું.'

બાળકને ક્યારથી બેસાડવું, કેટલા સમય બેસાડવું, વધારે બેસાડવાથી શું નુકસાન થઇ શકે વગેરે બાબતોને સાથે લઇને ઋષિઓએ જે સંસ્કાર બનાવ્યો તે ઉપવેશન સંસ્કાર.

**વિધિઃ-**

છઠ્ઠા માસે (વાગ્ભટ્ટાચાર્ય પ્રમાણે પાંચમા માસે) શુભ દિવસે, દેવતાઓની પૂજા કરીને, બ્રાહ્મણોને ભોજન દક્ષિણા આપીને, સ્વસ્તિવાચન કરીને, ઘરના મધ્યમાં પવિત્ર સ્થાન પર, ગાયના છાણ અને પાણી દ્વારા લીંપીને, ગોળ કે ચોરસ વેદી બનાવવી. આ વેદીની આસપાસ વિવિધ પ્રકારના રમકડા ગોઠવીને, નીચેના મંત્ર દ્વારા પૃથ્વીને આહુતિઓ આપવી.

''त्वमग्रजा त्वं प्रभवाडव्यया च, लौकस्य धात्री सचराचरस्य।
त्वमीज्यसे त्वं यजसे महीह, मात्रेव नः पाहि कुमारमेनम् ॥
तं ब्रह्मा अनुमन्यतां स्वाहा ॥''- काश्यप, खिल १२

અર્થાત્ ''હે ભૂમિ? તમે સૌ પહેલા ઉત્પન્ન થયા છો, તમે અવિનાશી અને નિર્વિકાર છો, સ્થાવર જંગમ સહિત આ લોકનું તમે ધારણ કરો; છો તેથી અહીં આ માતાનું, અમારું તથા આ કુમારનું તમે રક્ષણ તથા પાલન, કરો. શ્રી બ્રહ્મા આ વિષયમાં પોતાનું અનુમોદન- સંમતિ આપો.''

આવી રીતે આહુતિ આપ્યા પછી બાળકને વધુમાં વધુ એક મુહર્ત (૪૮ મિનિટ) આ વેદીની વચ્ચે પૂર્વ દિશામાં મોં રાખીને બેસાડવું. આ દરમ્યાન બાળક જે રમકડાંને સૌ પ્રથમ હાથ લગાડે અથવા પકડે તેને સંબંધિત તેનું ભાગ્ય હશે એવું માતા પિતાએ મનમાં વિચારવું.

આ વિધિ દ્વારા મનુષ્યના શોખના વિષયમાં તેનું ભવિષ્ય ઘડતર કરવું જોઇએ એ વિચાર ખૂબ જ સ્પષ્ટ પણે કાશ્યપાચાર્યએ વ્યક્ત કર્યો છે. જે હાલના સમયમાં દરેક વાલીઓએ સમજવાની ખૂબ જ જરૂર છે.

વધારે સમય બેસાડવાથી થતું નુકસાનઃ-

स्तौमित्यं कटिदौर्बल्यं पृष्ठभङ्गः श्रमो श्वरः।
विण्मूत्रानिलसंरोध आध्मानं चात्युवशेशनात् ॥

શરૂઆતમાં નિર્ધારિત કરતાં વધુ સમય સુધી બાળકને બેસાડી રાખવાથી, બાળકમાં સ્તિમિતતા, કટિમાં દુર્બળતા, પૃષ્ઠભંગ (સીધું ન બેસી શકવું), થાક, તાવ, મળમૂત્રવાયુનો અવરોધ અને આદમાન (પેટનો ગોળો) થઇ જાય છે.

आसीनस्यातिबालस्य सततं भूमिसेवनात्।
आसन्नान्येव दुःखानि निर्धात गात्रभेदनम् ॥
निर्धाताज्जर्जराडगत्वं वेदना ज्वरसंभवः।
ततो न वृद्धिर्बालस्य कङ्गोराडगत्वमेव च ॥
का.खि. १२

નાના બાળકને વધુ સમય જમીન પર સતત બેસાડી રાખવાથી, તેને રોગો ખૂબ ઝડપથી થઇ જાય છે, શરીરને આઘાત પહોંચે છે, શરીરાવયવોમાં શૂલ (વેદના) થાય છે. અતિશય અથડામણથી જર્જરપણુ-શિથિલતા, વેદના અને જ્વર થઇ શકે છે. આ કારણે બાળકની વૃદ્ધિ અટકી જઇ અંગો કઠોર બની જાય છે.

तस्मान्नातिचिरं नैकोन बाला न च रोगितः।
उपवेश्यो भवेद्वालो नापुण्याह कृतादिकः॥

તેથી જ નાના બાળકને કે રોગી બાળકને તથા અશુભ દિવસે, એકલા, લાંબા સમય સુધી ન બેસાડવું જોઇએ.

આમ,

વધારે સમય ન બેસાડવાને આટલું બધું મહત્ત્વ

આપવાથી એ વાત ચોક્કસપણે સમજી શકાય છે કે- માતા પિતાને પોતાના બળકને ઝડપથી વિકાસ કરાવવાની સ્વાભાવિક વૃત્તિથી પણ તે બાળકને લાંબો સમય બેસાડીને બાળકને નુકસાન ન પહોંચાડે એટલે જ આટલા બધા લક્ષણો દર્શાવીને ખૂબ જ કડક શબ્દોમાં ઉતાવળ કરવાની ના કહી છે.

વળી, આધુનિક દૃષ્ટિએ પણ બાળકે ૫ થી ૬ મહિને ટેકા સાથે અને ૭ થી ૮ મહિને ટેકા વગર બેસતાં શીખવું જોઈએ. અને આ વૃદ્ધિ દરમ્યાન બાળકને ન વધારે ન ઓછા પ્રમાણમાં મદદની આવશ્યકતા હોય છે જે આપણે આ સંસ્કાર દ્વારા વિસ્તારથી સમજી શકીએ છીએ.

આ સંસ્કારની વિધિ દરમ્યાન, વૈદ્ય બાળકના ગળું સીધું રાખવાના (Neck Holding) અને હાથેથી પોતની મરજી મુજબ વસ્તુઓ પકડવી અને છોડવી (Disapperiance of Grasp Reflex) જેવા વૃદ્ધિ વિકાસની પરીક્ષા પણ કરી લે છે. જેથી બાળકના (Neuromus cular development)ની ખાત્રી પણ થઈ શકે છે. અને જો કોઈ પણ વૈદ્યકીય સલાહની જરૂર જણાય તો તે પણ યોગ્ય સમયે આપી શકાય.

વળી, આ ધાર્મિક વિધિ દ્વારા બાળક સમાજમાં રહેતાં શીખે છે.

હોમ હવન દ્વારા ઘરનું વતાવરણ શુદ્ધ થવાથી, ઈન્ફેક્શન થવાનો ભય રહેતો નથી. વડીલોના આશીર્વચન દ્વારા માતા પિતાને બાળકના ઉછેરમાં જરૂરી માહિતીઓ મળતી રહે છે.

આથી આ અને અન્ય પણ શાસ્ત્રોક્ત સંસ્કાર, યોગ્ય બ્રાહ્મણ દ્વારા ચોક્કસ સમયે કરાવતા રહેવા જોઈએ. ગાયત્રી પરિવાર દ્વારા પણ આ ષોડશ સંસ્કાર કરાવવામાં આવે છે જેનો યથાયોગ્ય લાભ દરેક લોકોએ લેવો જોઈએ.

**સંદર્ભગ્રંથ**


અભિનવ કૌમારભૃત્ય (દિલીપ પંડ્યા)

કાશ્યપ સંહિતા (ચૌખંભા સંસ્કૃત સંસ્થાન)



(લેકચરર અને ઇન્ચાર્જ વિભાગાધ્યક્ષ, કૌમારભૃત્ય વિભાગ, જી.જે. પટેલ આયુર્વેદ કોલેજ, ન્યુ વિ.વિ.નગર)


॥ લઘુકથા ॥

## પૂછ્યું'તું?...

**ગિરા પિનાકીન ભટ્ટ**

મારી કૂખે દીકરી અવતરી..જાણે સાક્ષાત લક્ષ્મીજી... ''સ્ત્રીની પૂર્ણતા માતૃત્વ છે.'' એવું વાંચ્યું અને સાંભળ્યું હતું... ને એ અનુભૂતિમાંથી પસાર થાઉં ત્યાં તો મારા સસરાશ્રીએ શ્રી ગણેશ કર્યા. 'આ ઘરમાં સીત્તેર વર્ષ પછી દીકરી અવતરી છે. એને હવે અમે ઉછેરીશું... ભણાવશું, એની સંપૂર્ણ જવાબદારી અમારી.'

હું અને નવા-નવા પપ્પા બનેલા મારા એ, બન્નેના મોં ઉપર સેલોટેપ. સમયનો શૂન્યાવકાશ ભરવાનો અમારો પ્રયાસ. લગભગ ચારેક વર્ષ બાદ મારી કૂખે પુત્ર રત્ન. મારી મા હરખ ઘેલી... પેંડા વહેંચતા એનો હક્ક જાહેર કર્યો. 'મારા ભાગ્યમાં દીકરો જ ન્હોતો. દીકરીના કૂખે દીકરો? ? ? આનંદ...આનંદ... હા, આ આનંદને હું ઉછેરીશ, ગૌરવપૂર્વક!'

મારી નજર દૂર ખૂણામાં વિવાયેલી એક કૂતરી ઉપર પડી. ચાર-ચાર બચ્ચાં એને ધાવતાં હતાં. મારા મનમાં પ્રશ્નોની સુનામિ બાળપણમાં વહેંચી લેતા ગલુડિયા અંગે કોઈએ, ક્યારેય પૂછ્યું હતું કૂતરીને?...

॥ પ્રતિભાવ॥

ડિસેમ્બર-૨૦૧૭ના અંકમાં 'એકપત્ર' કનૈયાલાલ મુનશીનો વાંચ્યો અને માણ્યો. સુચારુ શબ્દોમાં પરિણીતાની ફરિયાદ કેટલી ઘટ્ટ હોઈ શકે તે તાદશ્ય અનુભવ્યું. સાહિત્યનો હરએક રસ, વિ-વિદ્યાનગર મેગેઝિન વડે અમને મળતો રહે તેવી પ્રાર્થના.

નવા વર્ષમાં વિ-વિદ્યાનગર સાથે આજીવન સભ્ય થઈ જોડાઈ છું. તેનો અદકેરો આનંદ છે.

**- આરતીબા ગોહિલ**


(સુધાતા, ૯૫-એ, રૂપાલી સોસાયટી, તળાજા રોડ, ભાવનગર- ૩૬૪૦૦૨ મો: ૯૪૨૭૭૫૪૨૦૭)

## કૉલેજવૃત્ત

## એરિબાસ, ન્યુ વિદ્યાનગરમાં સાઈંટિફિક-૨૦૧૮ પ્રોગ્રામ યોજાયો

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અશોક એન્ડ રીટા પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ટ્રીગેટેડ સ્ટડીસ એન્ડ રિસર્ચ ઇન બાયોટેકનોલોજી એન્ડ એલાઇડ સાયન્સ અને કમ્યુનિટી સાયન્સ સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટીનાં સહયોગથી સાયન્સને પ્રોત્સાહન આપવાના હેતુથી સાયન્સ ક્ષેત્રે અભ્યાસકરતાં એવાં ધોરણ-૧૧-૧૨ અને કોલેજનાં વિદ્યાર્થીઓ માટેનો સાઈંટિફિક-૨૦૧૮ પ્રોગ્રામનું આયોજન એરિબાસની સાઇંટિફિક ક્લબ અને રેડ રીબીન ક્લબ ટીમના કન્વીનર અને તેમની ટીમના મેમ્બરોના સાથ સહકારથી યોજવામાં આવ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ, ડૉ. ભાવેશ પટેલ ખાસ હાજર રહ્યા હતા. એરિબાસનાં હેડ, ડૉ. નીલાંજન રાયે સર્વે વિદ્યાર્થીઓને આવકાર આપી સાયન્સ ક્ષેત્રે રહેલી ઉજળી તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર કાર્યક્રમની રૂપરેખા ડૉ.શિલ્પા ગુપ્તે આપી હતી. સાઈંટિફિક-૨૦૦૧૮માં ભાગ લીધેલાં તમામ ૧૩૭ વિદ્યાર્થીઓએ સાયન્સને રજૂ કરતાં એવા કાર્યક્રમ જેવા કે ક્વિઝ સ્ક્રીનિંગ રાઉન્ડ, પોસ્ટર, સ્કીટ્‌ન, એલોક્યુસન અને સાયન્સ ક્વિઝમાં ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને શીલ્ડ અને સર્ટિફિકેટ આપીને પ્રોત્સાહિત કર્યાં હતાં. અંતે આભારવિધિ જીનલ પટેલે કરી હતી.

## જી.જે. પટેલ આયુર્વેદ કોલેજના વિદ્યાર્થીઓની આંતર કોલેજ કબડ્ડી ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિ

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા આયોજિત આંતર મહાવિદ્યાલય કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન તા. ૧૦-૧-૨૦૧૮ થી તા. ૧૩-૧-૨૦૧૮ દરમ્યાન જી.જે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ, ન્યુ વિદ્યાનગર ખાતે યોજાયેલ, જેમાં ભાઇઓની ૧૧ ટીમ અને બહેનોની ૬ ટીમ એમ કુલ ૧૭ ટીમો આ કબડ્ડી ટુર્નામેન્ટમાં સહભાગી બની હતી. જેમાં જી.જે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ, ન્યુ વિદ્યાનગરની ભાઇઓની ટીમ વિજેતા જાહેર કરાઇ અને આ વર્ષ માટે કબડ્ડી ચેમ્પિયનશીપનું બિરૂદ પ્રાપ્ત કરેલ છે. છેલ્લા ચાર વર્ષથી આંતર કોલેજ કબડ્ડી ટુર્નામેન્ટ ક્ષેત્રે જી.જે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચના સ્પર્ધકોએ બધા ટાઇટલ જીતેલ છે. જેના માટે વિજેતા ટીમ મેનેજર ડૉ. અભિષેક પાટલીયા તથા સ્પર્ધકોને કોલેજ તેમજ હોસ્પિટલનાં મુખ્ય દાતા જયંતિભાઇ પટેલે, ચા.વિ.મંડળના જોઇન્ટ સેક્રેટરીશ્રી ડૉ.બી.પી. પટેલ, કોલેજના આચાર્ય અને સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. મલ્હારી સરદેશપાન્ડેએ અને સ્પોર્ટ્સ ઇન્ચાર્જ ડૉ. અભિષેક પાટલીયાએ અભિનંદન પાઠવ્યા હતા. તેમજ ભવિષ્યમાં આંતર યુનિવર્સિટી કક્ષાએ પણ કોલેજનું ઝળહળતું પ્રદર્શન કરે તેવી શુભકામના પાઠવી હતી.

## સેમકોમ કોલેજનું ગૌરવ

સરદાર પટેલ યુનિવર્સિટીના વીમેન સેલ દ્વારા સ્ત્રીસશક્તિકરણ વિષય અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ જેવી કે નિબંધ સ્પર્ધા, બેસ્ટ ફોટોગ્રાફ, બેસ્ટ લોગો, બેસ્ટ સ્લોગન, બેસ્ટ શોર્ટ ફિલ્મ અને વક્તૃત્વ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેમકોમ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા નિર્માણ કરાયેલી શોર્ટ ફિલ્મને બેસ્ટ શોર્ટ ફિલમનું પ્રથમ પારિતોષિક રૂા. ૩૦૦૦- મળ્યું હતું. આ વિવિધ સ્પર્ધાઓના પરિણામ તા. ૧૯ ડિસેમ્બરના રોજ યુનિવર્સિટીના એમ.પી.ઓડિટોરિયમ ખાતે માનનીય વાઇસ ચાન્સેલરની હાજરીમાં જાહેર કરવામાં આવ્યાં હતાં.

આ ફિલ્મનું નિર્માણ સેમકોમ કોલેજના ચોથા વર્ષના બીબીએ-આઇટીએમના વિદ્યાર્થી શ્લોક સ્વાની, ભક્તિ શુક્લા, આદર્શ પાટીલ, અને નિયતિ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

સંસ્થાનાં આચાર્ય ડૉ. વહીદા થોમસે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં હતાં.

## ઇન્ટર કોલેજ વોલીબોલ ટુર્નામેન્ટમાં સેમકોમ કોલેજની બહેનોની ટીમ ચેમ્પિયન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા યોજાયેલ વોલીબોલ ટુર્નામેન્ટમાં બહેનોની ટીમ ચેમ્પિયન થઇ હતી.

આ ટુર્નામેન્ટમાં સેમકોમ સતત બીજા વર્ષે ચેમ્પિયન થવા પામી છે. આ ટુર્નામેન્ટમાં બહેનોમાં કુલ

૧૫ ટીમો હતી. આ સ્પર્ધામાં લીગ મેચ ચાર કોલેજો વચ્ચે યોજાઇ હતી. જેમાં સેમકોમ કોલેજની બહેનોએ સુંદર દેખાવ કરી ઇન્ટર કોલેજ વોલીબોલ ટુર્નામેન્ટની ચેમ્પિયન ટ્રોફી જીતી હતી.

આચાર્યશ્રી ડૉ. વહીદા થોમસ, વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિનાં ઉપપ્રમુખ ડૉ. પ્રીતિ લુહાણા, સ્પોર્ટ્સ કો-ઓર્ડિનેટર ડૉ. ભરત તારપરા તથા જગદીશભાઇ સુથારના માર્ગદર્શન હેઠળ કોલેજની ખેલાડી બહેનોએ સુંદર દેખાવ કરી સંસ્થાને ગૌરવ અપાવ્યું છે.

## સેમકોમ કૉલેજ વિમેન્સ સેલ અંતર્ગત વિદ્યાર્થિનીઓ માટે કાર્યશાળા યોજાઇ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે વિમેન્સ સેલ અંતર્ગત કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે તણાવ પૂર્ણ પર્યાવરણ હેઠળ યુવતીઓમાં વધતી મુશ્કેલીઓ અને મુદ્દાઓથી પરિચિત કરવા માટે કાર્યશાળાનું આયોજન કરાયું હતું. આ કાર્યશાળાના મુખ્ય વક્તા તરીકે આણંદ શહેરનાં જાણીતાં ગાયનેકોલોજીસ્ટ ડૉ. રમા શ્રીવાસ્તવ ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રકારની કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થિનીઓને જેન્ડર મુદ્દાઓના વિવિધ પાસાઓ અંગે માહિતગાર કરવાનો હતો સાથે સાથે તેઓને તેમની શંકાઓને સ્પષ્ટ કરવાની તક પૂરી પાડવાનો હતો.

ઘણી મોટી માત્રામાં વિદ્યાર્થિનીઓ હોસ્ટેલમાં રહે છે તો તેઓ માટે આ સારું પરામર્શ બની રહ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થિનીઓએ તેઓને મૂંઝવતા પ્રશ્નો પૂછયા હતા. આ કાર્યશાળા દરેક વિદ્યાર્થિની માટે ઘણી ઉપયોગી નીવડી હતી. લગભગ ૧૫૦ જેટલી વિદ્યાર્થિનીઓએ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો. આચાર્યશ્રી ડૉ. વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ મધ્યસ્થ સમિતિના ઉપપ્રમુખ ડૉ.પ્રીતિ લુહાણા, કો-ઓર્ડિનેટર ડૉ. નિશરીન પઠાણ અને પ્રા. જો મેરી જ્યોર્જના સહિયારા પ્રયાસથી આ કાર્યશાળા સફળ રહી હતી.

## સેમકોમ કોલેજ ખાતે પેરેન્ટસ ટીચર્સ મિટિંગ યોજાઇ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત સેમકોમ કોલેજ ખાતે તાજેતરમાં પેરેન્ટસ ટીચર્સ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમકોમ વિદ્યાર્થીઓને શૈક્ષણિક રીતે મજબૂત બનાવવા અને પડકારોનો સામનો કરવા માટે સક્ષમ બનાવવાના પ્રયત્નોમાં પ્રતિબદ્ધ છે. અને તેને વધુ અસરકારક બનાવવા સેમકોમ દ્વારા પેરેન્ટસ્ ટીચર્સ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વાલીઓને શિક્ષકોની સાથે તેમના બાળકની પ્રગતિ અને અભ્યાસ અંગે ચર્ચા કરવાની તક મળી હતી.

આ સહયોગી પ્રક્રિયાનો હેતુ વાલીઓને શિક્ષક વચ્ચે નિયમિત ધોરણે પારસ્પરિકતા વધે તે માટેનો હતો. લગભગ ૧૫૦ જેટલા વાલીઓએ ઉત્સાહપૂર્વક મિટિંગમાં ભાગ લીધો હતો. જ્યાં તેઓએ તેમના બાળકના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કામગીરી વિશે ચર્ચા કરી હતી સાથે કારકિર્દીની તકો વિશે પણ માહિતી મેળવી હતી. આચાર્યશ્રી વહીદા થોમસના માર્ગદર્શન હેઠળ સ્ટાફ સેક્રેટરી ડૉ. રીના દવે અને પ્રા. પલક પટેલના સહીયારા પ્રયાસથી આ મિટિંગને સફળતા મળી હતી.

## ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ એન્જિનિયર્સ તથા કેમિકલ એન્જિનિયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા જીસેટ કોલેજમાં રાજયકક્ષાના બે દિવસીય ટેકનિકલ સંમેલન યોજાયું

ચારુતર વિદ્યા મંડળ સંચાલિત વલ્લભ વિદ્યાનગરની જી.એચ.પટેલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેક્નોલોજી(જીસેટ) ખાતે ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ એન્જિનિયર્સ સ્ટુડન્ટ ચેપ્ટર –જીસેટ અને કેમિકલ ઈજનેરી વિભાગના સંલગ્ન સંયુક્ત ઉપક્રમે બે દિવસીય ટેક્નિકલ સંમેલન TechKnowQuest ૨૦૧૮ તા.૧૯-૨૦ જાન્યુઆરી ,૨૦૧૮ દરમિયાન યોજાઈ ગયું.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન શ્રી અશ્વિન પરીખ , ડાયરેક્ટર, ઇન્ટરનેશનલ બિઝનેસ ડેવલોપમેન્ટ સિનિયર કેમિકલ એન્જિનિયર તથા આમંત્રિત કુશળ વિષય નિષ્ણાત ડો.એમ.એસ.રાવ, વિભાગીય વડા, કેમિકલ એન્જિનિયરીંગ વિભાગ, ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટી, નડિયાદ તથા ડો.એસ.જી.પટેલ, માનદમંત્રીશ્રી, ચારુતર વિદ્યામંડળ જેઓ ઉપસ્થિત રહી પ્રાસંગિક ઉદ્બોધનમાં સામાજિક ઉપયોગીતાને સાંકળતાં યાંત્રિક સંશોધનો અને તેની પ્રવૃત્તિઓ પર ભાર મુકતાં તે માટે જરૂરી માર્ગદર્શન સંકલિત વિષય જેવા કે હેલ્થ, સલામતી અને સુરક્ષા, તથા ગુણવત્તાસભર ઉત્પાદકતા પર વિસ્તૃત પ્રકાશ પાડ્યો હતો અને સાથે સાથે ભૌતિક,આર્થિક સગવડો પૂરી પાડવા

ખાત્રી આપી, તથા ઉપસ્થિત સૌ ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

વધુમાં કાર્યક્રમના વિષય નિષ્ણાત શ્રી અશ્વિન પરીખે પોતાના વક્તવ્યના વિષય "Art of Self Marketing" ઉપર ખૂબજ સરળ શૈલીમાં ઉપસ્થિત સૌને વ્યાખ્યાનથી લાભાન્વિત કર્યા હતા, જેમાં લગભગ ૧૪૦ વિદ્યાર્થીઓ જુદી જુદી કોલેજોની વિવિધ શાખાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહી જુદી જુદી સ્પર્ધાઓ અને ઈવેન્ટો માં ભાગ લીધો હતો જેમ કે મૌખિક અને પોસ્ટર પ્રદર્શની, પ્રશ્નોતરી, ચર્ચાસભા જેવા કાર્યક્રમો યોજાયા હતા.

સંમેલનના અંતભાગમાં સંસ્થાના આચાર્ય ડો.હિમાંશુ સોની, ડો.કૌશીક્નાથ, વિભાગીય વડા કેમિકલ એન્જિનિયરીંગ પોતાના સમાપન વક્તવ્યમાં સૌનો આભાર વ્યક્ત કર્યો હતો અને ફેકલ્ટી કો ઓર્ડિનેટર પ્રા.વિનય પટેલ તથા વિદ્યાર્થી કો-ઓર્ડિનેટર વિવેક તોમરને કાર્યક્રમના સફળ સંચાલન બદલ આભિનંદન પાઠવ્યા હતા.

## એનવીપાસ કોલેજમાં થેલેસેમિયા પરીક્ષણ અને રક્તદાન શિબિરનું આયોજન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઈ વિ. પટેલ કોલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઈડ સાયન્સીઝના એન.એસ.એસ. યુનિટ દ્વારા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, અમદાવાદ અને લાયોનેસ ક્લબ, આણંદના સંયુક્ત ઉપક્રમે થેલેસેમિયા પરીક્ષણ અને રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિર દરમ્યાન ચારસો નવ વિદ્યાર્થીઓએ થેલેસેમિયા પરીક્ષણ કરાવ્યું હતું જ્યારે સિત્તેર યુનિટ રક્ત એકત્રિત કરાયું હતું.

કોલેજના આચાર્ય શ્રી ડૉ. બાસુદેબ બક્ષીએ રક્તદાન જેવા જનસેવાના ઉમદા કાર્યમાં ભાગ લેવા બદલ તમામ રક્તદાતા વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા તથા શિબિરના સફળ આયોજન બદલ એનએસએસ પ્રોગ્રામ ઓફિસર્સ ડૉ. યોગેશ પટેલ, પ્રા. કાર્તિક જગતાપ અને પ્રા. મયુર પટેલને અભિનંદન પાઠવ્યા હતા. સહઅધ્યાપક ડૉ. ધનંજય ધ્રુવ અને વિદ્યાર્થી સ્વયંસેવકોએ પણ શિબિરની સફળતામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું.

## શાળાવૃત્ત

## એમ.યુ. પટેલ (ટેક્.) હાઈસ્કૂલ, વિદ્યાનગર ખાતે રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન ઉજવાયો.

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ ટેક્નિકલ હાઈસ્કૂલ, વલ્લભ વિદ્યાનગર ખાતે પ્રતીક સમાજ સેવા ટ્રસ્ટ, ગ્રાહક સુરક્ષા મંડળ, વિદ્યાનગરના સહયોગથી 'રાષ્ટ્રીય અધિકાર દિનની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રતીક સમાજ સેવા ટ્રસ્ટ, ગ્રાહક સુરક્ષા મંડળ, વિદ્યાનગરના પ્રમુખશ્રી એસ.સી. કપાસીયા, આચાર્યશ્રી ડૉ. શંકરભાઈ પારગી, તોલમાપ અધિકારીશ્રી કમલેશભાઈ પારેખ, મન્નારી ઉપાધ્યાય, નેન્સી શાહ, વ્યોમી સુથાર, દિપીકા મહેશ્વરી, શિક્ષકગણ તથા વિદ્યાર્થી ભાઈબહેનો ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યશ્રી શંકરભાઈ પારગી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. શાળાનાં શિક્ષિકા શ્રીમતી ઈન્દુબેન પરમારે ગ્રાહક સુરક્ષાદિન અને ગ્રાહકના હક્કો તેમજ ખરીદીમાં ધ્યાનમાં રાખવાની બાબતો અંગે વિશદ્ માહિતી આપી હતી. તેમણે તૈયાર કરાવેલ ગ્રાહક સુરક્ષા અંગેના નાટકની રૂપરેખા આપી હતી. શાળાના વિદ્યાર્થીઓ અક્ષય ગોહેલ, જયદીપ રાવલ, વિકાસ ભરવાડ, કલ્પેશ સેનવા, વિક્રમ સેનવા, સ્મિત મેકવાન, પવન જેઠવા, સચીન માછી, રૂષિત ચાંડેગરા, તુષાર પાણખણીયા, પ્રમોદ પવાર, કૌશલ માછી વગેરેએ 'ગ્રાહક જાગો' નાટક પ્રસ્તુત કર્યું હતું. વિદ્યાનગરના ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખશ્રી એસ.સી. કપાસીયાએ ઉદાહરણો સાથે ગ્રાહક જાગૃતિ અંગે રસપ્રદ અને ઉપયોગી માહિતી પ્રસ્તુત કરી હતી.

આભારવિધિ શ્રી હસમુખભાઈ ધામેચાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન શ્રી ગુણવંતભાઈ એ. વાળંદે કર્યું હતું.

## એમ.યુ. પટેલ ટેક્. હાઈસ્કૂલ, વિદ્યાનગર ખાતે યોજાયો શિયાળુ રમતોત્સવ-૨૦૧૭-૧૮

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ ટેક્નીકલ હાઈસ્કૂલ, વલ્લભ વિદ્યાનગર ખાતે શાળાનો વાર્ષિક શિયાળુ રમતોત્સવ યોજાઈ ગયો.

વર્ષ ૨૦૧૭-૧૮ના શિયાળુ રમતોત્સવનું ઉદ્‌ઘાટન શાળાના ભૂતપૂર્વ આચાર્યશ્રી અંબાલાલ એમ. વણકરના વરદ્ હસ્તે યોજાયું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી ડૉ. શંકરભાઈ પારગીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. શાળાના શિક્ષકગણ તથા સ્પર્ધકો અને વિદ્યાર્થી ભાઈબહેનો ઉપસ્થિત રહ્યા હતા. દીપ પ્રાગટ્યથી ઉદ્‌ઘાટન થયા બાદ શાળાના શિક્ષક શ્રી દિલીપભાઈ પટેલે વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવી હતી. શાળા રમતોત્સવનું

સંપૂર્ણ આયોજન, સરપંચ-ઉપસરપંચની શાળા નિમણૂક, વિવિધ રમતોના પંચમિત્રોની પસંદગી તથા સંપૂર્ણ રૂપરેખા શાળાના શિક્ષકશ્રી વ્યાયામવીર શ્રી બી.આઈ માહલાએ ખૂબ સુંદર રીતે કર્યું હતું. બે દિવસીય રમતોત્સવમાં દોડ, કૂદ, રસ્સાખેંચ, સંગીત ખુરશી, લીંબુ ચમચી, ગોળાફેંક, બરછી ફેંક, ઊંચી કૂદ, લાંબીકૂદ, ૧૦૦મી દોડ, ૨૦૦મીટર દોડ વગેરે રમતો સિનિયર તથા જુનિયર વિભાગોમાં તથા બહેનોના વિભાગ માટે યોજવામાં આવી હતી. પંચમિત્રો દ્વારા પસંદ થયેલા વિજેતાઓને શાળાના પૂર્વ આચાર્યશ્રી અંબાલાલભાઈ વણકર અને શાળાના પૂર્વ વિદ્યાર્થી શ્રી ગુલાબસિંહ તેમજ શ્રી રિકેન પટેલના વરદ્ હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

અતિથિવિશેષ શ્રી અંબાલાલભાઈ વણકરે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં જીવનમાં ખેલકૂદનું મહત્ત્વ સ્પષ્ટ કરતાં અનેક ઉદાહરણો પ્રસ્તુત કર્યા હતા. શ્રી ડાહ્યાભાઈ ચૌધરીએ આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી ગુણવતંભાઈ વાળંદે કર્યું હતું.

### એમ.યુ. પટેલ (ટેક્.) હાઈસ્કૂલ દ્વારા ધર્મેશ પીઠવાના મેમરી મેજીક વર્ગનું આયોજન

ચારુતર વિદ્યામંડળ સંચાલિત એમ.યુ. પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ દ્વારા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સહયોગથી શ્રી ધર્મેશ પીઠવાનો મેમરી મેજીક વર્ગ શાપુરભાઈ લર્નિંગ સેન્ટર ખાતે યોજાઈ ગયો. આ વર્ગનો ચારુતર વિદ્યામંડળ સંચાલિત માધ્યમકિ શાળાના વિદ્યાર્થી ભાઈબહેનોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે મુખ્ય વક્તા અને મેમરી મેજીક વર્ગના ટ્રેનર શ્રી ધર્મેશ પીઠવા, શ્રી આશીષ કાચા, પ્રીતિબેન, શ્રી કિશનભાઈ, આચાર્યશ્રી ડૉ. શંકરભાઈ પારગી, પ્રોગ્રામ આયોજક એમ.યુ. પટેલ હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ગુલાબસિંહ, આઈ.બી. પટેલ ઈંગ્લિશ સ્કૂલના આચાર્ય ડૉ. મહેશભાઈ ક્રિસ્ટી, ગો.જો. શારદા મંદિરનાં આચાર્ય શ્રીમતી રીટાબેન પટેલ, ચારુતર વિદ્યામંડળ સંચાલિત માધ્યમિક શાળાઓના શિક્ષકગણ તથા વિદ્યાર્થીગણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. શંકરભાઈ પારગીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. શ્રી ડૉ. મહેશભાઈ ક્રિસ્ટીએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. મેમરી મેજીક વર્ગના ટ્રેનર શ્રી ધર્મેશ પીઠવાએ યાદશક્તિ વધારવાની તરકીબો સમજાવી હતી. સાથે સાથે અનેક ઉદાહરણો અને પ્રવૃત્તિઓ દ્વારા યાદશક્તિ વધારવાના ઉપાયો સૂચવ્યા હતા. ખૂબ જ રસપ્રદ અને ઉપયોગી તાલીમનો લાભ છસો વિદ્યાર્થીએ લીધો હતો.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભારવિધિ શ્રી ગુણવંતભાઈ વાળંદે તથા શ્રી દિલીપભાઈ પટેલે કર્યું હતું.

### હોમસાયન્સ હાયર સેકન્ડરી સ્કૂલ ઈન્ટરક્લાસ વાર્ષિક ખો-ખો સ્પર્ધા યોજાઈ

તા. ૨૮-૧૨-૨૦૧૭ના ગુરુવારના રોજ ચારુતર વિદ્યામંડળ સંચાલિત હોમસાયન્સ હાયર સેકન્ડરીમાં ઈન્ટર ક્લાસ ધો-૧૧ અને ધો-૧૨ની ખો-ખો સ્પર્ધા યોજાઈ. જેમાં નિર્ણાયક તરીકે આર.પી.ટી.પી (સાયન્સ) હાયર સેકન્ડરી સ્કૂલના સ્પોર્ટ્સ શિક્ષક શ્રી ગામીત સરે નિર્ણાયક તરીકે સેવા આપી હતી. ધો-૧૧માંથી CD ગ્રુપની વિદ્યાર્થિનીઓ વિજેતા બની હતી અને ધો.૧૨માં એફ.પી. ગ્રુપની વિદ્યાર્થિનીઓ વિજેતા બની હતી. વિજેતાં વિદ્યાર્થિઓને શાળાનાં આચાર્ય શ્રી સુચિતાબેન ખરાદીએ શુભેચ્છા પાઠવી હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન સ્પોર્ટ્સ ઈન્ચાર્જ નયના શર્માએ કર્યું હતું.

### હોમસાયસન્સ હાયર સેકન્ડરીમાં ૪૦મો વાર્ષિક રમતોત્સવ ઉજવાયો

તા. ૨૭-૧૨-૨૦૧૭ બુધવારના રોજ ચારુતર વિદ્યામંડળ સંચાલિત હોમસાયન્સ હાયર સેકન્ડરીમાં ૪૦મો વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મુખ્ય મહેમાન શ્રીમતી સુધાબેન પટેલે યોગનું જીવનમાં મહત્ત્વ અંગે જીવંત ઉદાહરણ આપી ને ખૂબ જ રસપ્રદ વક્તવ્ય આપી વિદ્યાર્થિનીઓને શુભેચ્છા પાઠવી હતી.

રમતોત્સવમાં વિવિધ રમતો જેવીકે લાંબીકૂદ, ચક્રફેંક, ગોળાફેંક, બરછીફેંક, ૧૦૦મી ૨૦૦મી અને ૪૦૦ મીટર દોડ, કોથળા દોડ, સ્લો સાયકલીંગ વગેરે જેવી રમતોમાં કુલ ૨૦૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. સમગ્ર સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થિનીઓને શાળાનાં આચાર્યશ્રી સુચિતાબેન ખરાદીએ અભિનંદન પાઠવ્યાં હતાં. સમગ્ર વાર્ષિક રમતોત્સવનું સંચાલન અને આભારવિધિ સ્પોર્ટ ઈન્ચાર્જ નયના શર્માએ કરી હતી.

### ગો.જો. શારદા મંદિરના (પ્રાથમિક અને માધ્યમિક વિભાગ)માં ''પતંગોત્સવ'' અને 'ફૂડકોર્ટ'નું

આયોજન કરવામાં આવ્યું.

ચારુતર વિદ્યામંડળ - વલ્લભ વિદ્યાનગર સંચાલિત- ગો.જો. શારદા મંદિરના પ્રાથમિક અને માધ્યમિક વિભાગમાં ''પતંગોત્સવ'' અને ''ફૂડકોર્ટ''નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થિનીઓ દ્વારા વિવિધ પ્રકારના ખાણીપીણીના સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. જેમાં પાપડીનો લોટ, પાણીપૂરી, ભેળ, વડાપાંઉ, ઠંડાપીણા, સેવઉસળ, મંચુરિયન જેવી વાનગીઓનું વેચાણ કરવામાં આવ્યું હતું. ફૂડકોર્ટ આયોજનનો મુખ્ય હેતું વિદ્યાર્થિનીઓમાં નાણાકીય વ્યવસ્થાપન, એકતાની ભાવના, શિસ્ત, વ્યાવહારિક અને વૈપારિક સંચાલન જેવા મૂલ્યો અને ગુણો કેળવવાનો હતો. શાળામાં ફૂડકોર્ટની સાથે સાથે ''પતંગોત્સવ'' પણ ઉજવવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થિનીઓએ પતંગ પર સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતાનો સંદેશ પાઠવતા સૂત્રો લખી પોતાના સંદેશા પાઠવ્યા હતા. આ પતંગોત્સવનો મુખ્ય હેતુ લોકોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવવાનો હતો.

શાળાની તમામ વિદ્યાર્થિનીઓએ ''પંતગોત્સવ'' અને ''ફૂડકોર્ટ'' માં ઉત્સાહભેર ભાગ લઇ ખૂબ જ આનંદ મેળવ્યો હતો. ચા.વિ.મંડળના માનદ્ મંત્રીશ્રી ડૉ. એસ.જી. પટેલે ફૂડકોર્ટની મુલાકાત લીધી હતી અને સુંદર આયોજન બદલ વિદ્યાર્થિનીઓ તથા શિક્ષકમિત્રોને અભિનંદન પાઠવ્યા હતા. શાળા પરિવારના તમામ સભ્યોએ વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

શાળાનાં આચાર્યા શ્રીમતી રીટાબેન પટેલનાં માર્ગદર્શન હેઠળ શાળાના મ.શિ. યુગ્મા શર્માએ ફૂડકોર્ટનું સમગ્ર આયોજન અને સંચાલન કર્યું હતું.

વિદ્યાર્થિનીઓ માટે આ બંને કાર્યક્રમો ખૂબ જ આનંદદાયક સાબિત થયા હતા.

## એમ.એસ. મિસ્ત્રી પ્રાથમિક શાળા વાર્ષિક રમતોત્સવ ઉજવાયો

ચા.વિ. મંડળ સંચાલિત એમ.એસ. મિસ્ત્રી પ્રાથમિક શાળામાં તા. ૫-૧-૧૮ અને ૬-૧-૧૮ના રોજ વાર્ષિક રમતોત્સવ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત દોરડા ખેંચ સ્પર્ધાથી થઇ જેના નિર્ણાયક તરીકે નિવૃત્ત આચાર્ય શ્રી કે.ડી. પટેલ હાજર રહ્યા હતા. તેમણે બાળકોને જીવનમાં વ્યાયામનું મહત્ત્વ સમજાવ્યું. કસરત કરવાથી થતા ફાયદા સમજાવ્યા. શિશુવર્ગ, બાલવર્ગ અને શ્રેણી ૧ થી ૮ના આશરે ૮૦૦ જેટલા બાળકોએ રમતોત્સવમાં ભાગ લીધો હતો. સંગીત ખુરશી, ફુગ્ગા ફુલાવવા, કોથળા દોડ, બટાકાવી ઊંઘી દોડ જેવી જુદી જુદી ૪૦ રમતો યોજાઇ હતી. જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા જાહેર કરવામાં આવ્યા. કુલ ૧૩૨ બાળકોને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

આચાર્યશ્રી કાંતિભાઇ બી. પટેલ, વ્યાયામ શિક્ષિકા શ્રી ઊર્મિલાબહેન પારેખ, શિક્ષકગણ, સેવકગણ તેમજ સ્વયંસેવકોના સહકારથી રમતોત્સવ રંગેચંગે પૂર્ણ થયો હતો.

## એમ.એસ. મિસ્ત્રી શાળામાં નાતાલપર્વની ઉજવણી

ચા.વિ. મંડળ સંચાલિત એમ.એસ. મિસ્ત્રી પ્રાથમિક શાળામાં તા. ૩૦-૧૨-૧૭ના રોજ નાતાલપર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આઇ.બી. પટેલ (અંગ્રેજી માધ્યમ) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્ય શ્રી મહેશભાઇ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. શ્રેણી ૧ થી ૮ના બાળકોએ ભગવાન ઇસુખ્રિસ્તના જન્મ પ્રસંગનું નાટક રજૂ કર્યું હતું. બાળકોએ જુદા જુદા નૃત્યો રજૂ કર્યા હતા. કેથોલિક ચર્ચ કરમસદના ભાઇઓ અને બહેનોએ નાતાલ તેમજ ઇસુખ્રિસ્તને લગતાં ગીતો ગાયાં હતાં. શ્રી મહેશભાઇ એ પ્રાસંગિક પ્રવચનમાં બાળકોને જીવનમાં પ્રેમનું મહત્ત્વ સમજાવ્યું. સૌ સાથે પ્રેમપૂર્વક વર્તવાનું કહ્યું. તેમણે ભાગ લેનાર તમામ બાળકોને ભેટ આપવાનું જણાવ્યું હતું.

આચાર્યશ્રી કાંતિભાઇ પટેલ, શિક્ષકગણ તેમજ સેવકગણના સહકારથી કાર્યક્રમ સફળ બન્યો હતો.

## પુણ્યતિથિ નિમિત્તે પ્રીતિભોજનનું આયોજન

ગાયત્રી ડાઇનીંગ હોલ વલ્લભ વિદ્યાનગરના માલિક શ્રી વર્ધીશંકરભાઇ જોષી અને શ્રી પ્રકાશભાઇ જોષી, શ્રી અશોકભાઇ જોષી તેમજ તેમના પરિવાર તરફથી શ્રી પ્રકાશભાઇના પુત્ર અભિષેકની પ્રથમ પુણ્યતિથિએ એમ.એસ. મિસ્ત્રી પ્રાથમિક શાળાના તમામ ૯૦૦ બાળકોને પ્રીતિભોજન કરાવવામાં આવ્યું. ચારુતર વિદ્યામંડળ, આચાર્યશ્રી કાન્તિભાઇ અને શાળા પરિવારે તેમનો આભાર માન્યો હતો.

## ટી.વી.પટેલ હાયર સેકન્ડરી

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ

હાયર સેકન્ડરી-સામાન્ય પ્રવાહમાં તા.૬ જાન્યુઆરીના રોજ "રીચ ધ ગ્લોબલ" કન્સલ્ટિંગ સર્વિસીસ કરમસદના શ્રી પૂર્ણેશ પટેલે શાળામાં ઉપસ્થિત થઇ વિદ્યાર્થીઓને ધો.૧૨ પછી શું? તે વિષયને અનુરૂપ વિદેશમાં અભ્યાસ કરવાની તકો, વિદેશ જઈ કયો અભ્યાસ કરી કયા પ્રકારની જોબ મેળવી શકાય?, કેનેડા, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, હોંગકોંગ, રશિયા જેવા દેશોમાં કેરિયર ડેવલોપમેન્ટ માટે જવા કઈ બાબતોની અત્યારથી તૈયારી કરવી જોઈએ, કઈ યુનિવર્સિટીઓ માન્ય છે?, નાણાકીય વ્યવસ્થા કેવી કરવી, કઈ પરીક્ષાઓ પાસ કરવી પડે, વિઝા પ્રોસેસ, વગેરે બાબતોની પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી સમજ આપી હતી

તા.૧૧ જાન્યુઆરીના રોજ રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા-મુંબઈમાં ડિપાર્ટમેન્ટ ઓફ નોનબેન્કિંગ સુપરવિઝનના ક્લાસ-૧ ઓફિસર તરીકે ફરજ બજાવતા શ્રી સંદીપ પરમારએ સંસ્થામાં ઉપસ્થિત થઇ ધો.૧૧ના વિદ્યાર્થીઓને ફંડામેન્ટલ એન્ડ ન્યૂ પ્રોસ્પેક્ટિવ્સ ઓફ ઇન્ડિયન ઈકોનોમી વિષય પર માહિતી આપતાં જણાવ્યું કે જો તમે પોતાની ઉચ્ચ કારકિર્દી ઘડતર માટે કૃતનિશ્ચયી બનશો તો આવનાર કોઈપણ પડકારોને પાર કરી શકશો, વધુમાં તેઓશ્રીએ જી.એસ.ટી., ડાયરેક્ટ એન્ડ ઈનડાયરેક્ટ ટેક્સ, જી.ડી.પી., વગેરે મુદ્દે સામાન્ય સમજ આપી હતી. ઉપરાંત, કારકિર્દી માર્ગદર્શન અંતર્ગત સી.એ.-સી.એસ.ના કોર્સીસમાં જોડાવું જોઈએ, યુ.પી.એસ.સી.અને સ્ટાફ સિલેક્શન કમિશન દ્વારા કરવામાં આવતી ભરતી માટે કયા પ્રકારની અત્યારથી જ તૈયારીઓ કરવી જોઈએ કે જેથી વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ માટે પસંદગી પામી શકાય તેનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું સંસ્થાના આચાર્યશ્રી વિજયભાઈ સુથારે શ્રી પૂર્ણેશ પટેલ અને શ્રી સંદીપ પરમારનો વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા બદલ આભાર માન્યો હતો. સેમિનારનું સંચાલન શ્રી હર્ષદકુમાર વાઘેલાએ કર્યું હતું

## ટી.વી.પટેલ હાયર સેકન્ડરી

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી-સામાન્ય પ્રવાહમાં ધો.૧૧માં અભ્યાસ કરતી પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થિની કુ.ક્રિશ્ના પવનકુમાર જોશીએ રાષ્ટ્રીય અંધજન મંડળ આણંદ મુકામે ૪-જાન્યુઆરીના રોજ લુઇ બ્રેઇલના જન્મદિન નિમિત્તે યોજાએલ ગુજરાત રાજયની સ્વરચિત કાવ્ય પઠન સ્પર્ધા અને બ્રેઇલ વાંચન સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જલારામ જનસેવા ટ્રસ્ટનાં વિશિષ્ટ શિક્ષિકા રાધાબેન પટેલનાં માર્ગદર્શન હેઠળ  કુ.ક્રિષ્ના જોશીએ ભાગ લીધો હતો. કુ.ક્રિષ્ના જશીએ બ્રેઇલ વાંચન સ્પર્ધામાં સંસ્કૃત અને અંગ્રેજી વિષયમાં પ્રથમ ક્રમ અને ગુજરાતી વિષયમાં તૃતીય ક્રમ મેળવ્યો હતો. દિવ્યાંગ વિદ્યાર્થિની ક્રિષ્ના જોશીની સિદ્ધિ બદલ ટી.વી.પટેલ હાયર સેકન્ડરીના આચાર્યશ્રી વિજયભાઈ સુથાર અને સૌ શિક્ષકોએ બિરદાવી અને અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી

## ટી.વી.પટેલ હાયર સેકન્ડરી

ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી-સામાન્ય પ્રવાહનો વાર્ષિક રાષ્ટ્રીય સેવા યોજના શિબિર તા.૮ થી ૧૨ જાન્યુઆરી બોરસદ તાલુકાના દહેમી મુકામે યોજાયો  જેમાં શિબિરાર્થીઓ દ્વારા ગ્રામ સ્વચ્છતા, નેત્ર ચિકિત્સા કેમ્પ તેમજ ચારુતર વિદ્યામંડળ સંચાલિત આર્યુવેદિક હોસ્પિટલ દ્વારા ચિકિત્સા કેમ્પ તથા આર્યુવેદિક દવાઓનું વિતરણ જેવા કાર્યક્રમ યોજવામાં આવ્યા. તદુપરાંત આણંદ જિલ્લા બાળ વિકાસ અધિકારી શ્રી જીમી પરમારે શિબિરાર્થીઓને ગુજરાત અને ભારત સરકારની વિવિધ યોજનાઓ અંગે માહિતી આપી હતી. આસોદર ચોકડી સ્થિત ઝાયડસ હોસ્પિટલના ડૉ.હંસરાજ વાળાએ કેન્સર પ્રત્યે જાગૃતિ અંગે માહિતી આપી હતી દહેમી પ્રાથમિક શાળામાં બેટી બચાવો-બેટી પઢાવો અભિયાન અંતર્ગત ચિત્ર, મહેંદી, કેશગૂંફન સ્પર્ધાઓ યોજાઈ હતી તા.૧૨-૧-૨૦૧૭નારોજ શિબિર સમાપન કાર્યક્રમમાં સી.વી.એમ.સંચાલિત ગો.જો.શારદા મંદિર કન્યા શાળાનાં આચાર્યા શ્રીમતી રીટાબેન પટેલ મુખ્ય મહેમાનપદે  તથા આર.પી.ટી.પી સાયન્સ હાયર સેકન્ડરીના આચાર્યશ્રી સંજયભાઈ સુથાર અતિથિ વિશેષપદે તેમજ ટી.વી.પટેલના આચાર્યશ્રી વિજયભાઈ સુથારના અધ્યક્ષ પદે એન.એસ.એસ. સમાપન કાર્યક્રમ સરપંચ શ્રી પરસોત્તમદાસ કાકા, રાધાકૃષ્ણ મંદિરના ટ્રસ્ટી શ્રી રાજુભાઈ, દહેમી હાઇસ્કૂલના આચાર્યશ્રી મહેન્દ્રભાઈ અને શાળાના શિક્ષકો તથા વિદ્યાર્થી ભાઈ-બહેનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. સમગ્ર શિબિરનું આયોજન પ્રોગ્રામ ઓફિસર શ્રી સી.જી.પટેલ, શ્રી આર.બી.ઝાલા, શ્રી પી.આર.સોલંકી અને શ્રીમતી એચ.એમ.રાઠોડે કર્યું હતું .








સીવીએમ સંચાલિત આઈઆઈસીપી ફાર્મસી કૉલેજ ખાતે યોજાયેલ ગુજકોસ્ટ સ્પોન્સર્ડ એક દિવસીય સેમિનાર પ્રસંગે લેવાયેલ તસવીરમાં સેમિનારનું દીપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કરતા સીવીએમનાં માનદમંત્રીશ્રી ડૉ.એસ.જી. પટેલ, અતિથિ વિશેષ ડૉ.ડી.કે. રાવલ, વિભાગીય વડા ડૉ. ઉસ્માનગની છાલોટીયા, આચાર્યા ડૉ. એસ.વી. પટેલ તથા પ્રાધ્યાપિકા હિમાની દલવાડી દશ્યમાન થાય છે. ઈન્સેટમાં પ્રસંગોચિત ઉદ્‌બોધન કરતાં માનદમંત્રીશ્રી તથા મુખ્ય મહેમાન નજરે પડે છે.



સીવીએમ સંચાલિત વી.પી. એન્ડ આર.પી.ટી.પી. સાયન્સ કોલેજનાં વિદ્યાર્થીઓને સરદાર પટેલ યુનિવર્સિટીની ૫૭મી એથ્લેટિક સ્પર્ધામાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ અભિનંદન પાઠવતા માનદમંત્રીશ્રી ડૉ.એસ.જી. પટેલ, સહમંત્રીશ્રી, ભૂપેદ્રભાઈ પટેલ, ડાયરેક્ટર જનરલ શ્રી ડૉ. નિખિલ ઝવેરી, સંસ્થાના આચાર્ય ડૉ. ભાવેશ પટેલ તથા ફિઝિકલ ડાયરેક્ટર ડૉ. જયંતી ચૌહાણ દશ્યમાન થાય છે.

V-Vidyanagar 20 (2) February 2018 Postal Regd. No. AND/318/2018-20
Published on Monday, 05.02.2018 RNI Regd. No. Guj/2009-11/5433
No. of Pages 36 Including Cover Posted at Vallabh Vidyanagar on 5th of Every Month
ISSN 0976 – 9609 V-Vidyanagar










સરદાર પટેલ યુનિવર્સિટી અને ચારુતર વિદ્યામંડળ દ્વારા
૬૯મા પ્રજાસત્તાક દિનની ઉજવણી

Editor: Dr. Urvish Chhaya Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)